MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્વાર । તા. ૧૩-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 કોરોનાની ઝપટમાં ૧૨૦ દેશ, મોતનો આંકડો ૪૬૦૦ને પાર, ૧.૨૫ લાખ લોકોને ઈન્ફેક્શન

5 કોંગ્રેસના ૬થી૭ ધારાસભ્યો પક્ષપલટો કરી ભાજપમાં જોડાવાની અટકળો તેજ

7 ફરજ દરમિયાન મૃત્યુ પામેલા વધુ એક કામદાર પરિવારને રૂ. ૧૦ લાખની સહાય

9 રાજપીપળા શહેરમાં વહેલી સવારે વીજ કંપનીની ૧૬ ટિમો ત્રાટકી વીજ ચોરી કરતા ૧૬ ગ્રાહકોને ૨.૩૭ લાખનો દંડ ફટકારતા ફફડાટ

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત ઓફીસ એડ્રેસ

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

સુરતના કતારગામની ગેંગરેપ પીડિતાના પિતાનું મોત, સ્મશાનયાત્રામાં સ્વયંભૂ રીતે લોકો જોડાયા



સુરત

કતારગામમાં ૬ મહિના પહેલા ૧૬ વર્ષની કિશોરી પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. ગેંગરેપ ગુજારનારાઓ પૈકીનો એક આરોપી જય ખોખરિયાએ બાદમાં પણ કિશોરીની છેડતી કરતા કિશોરીના પિતા અને ભાઈ જયને ઠપકો આપવા જતા જય અને તેના ભાઈ અને સાગરિતોએ કિશોરીના પિતા અને ભાઈ પર હુમલો કર્યો હતો. જેમાં ગંભીર રીતે ઈજા પામેલા પિતાનું ૧૩ દિવસની સારવાર બાદ મોત નિપજ્યું હતું. તેમની સ્મશાનયાત્રામાં સ્વયંભૂ રીતે લોકો જોડાયા હતા.

કતારગામ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષિય મોહિની(નામ બદલ્યું છે) પર આરોપી જય ખોખરિયા અને તેના મિત્રોએ ૬ મહિના પહેલા સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.ત્યાર બાદ પણ મોહિનીની છેડતી કરાતી હતી. જેની જાણ પરિવારને થતા બાર દિવસ પહેલા મોહિનીના પિતા જય ખોખરીયાને ઠપકો આપવા માટે કતારગામ હાથી મંદિર પાસે ગયા હતા. ત્યાં જય, તેનો ભાઈ જીતુ અને અન્ય પાંચ જણાએ મોહિનીના પિતા અને ભાઈ પર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો.જેમાં પિતાને ગંભીર ઈજા થઈ હતી. તે સમયે હત્યાની કોશિશનો ગુનો દાખલ કરાયો હતો. ત્યારબાદ મોહિનીએ જય ખોખરિયા અને તેના સાગરિતો વિરુદ્ધ ગેંગરેપની ફરિયાદ નોંધાવી હતી. મોહિનીના પિતાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જયાં ૧૩ દિવસની સારવાર બાદ પિતાનું મોત નિપજ્યું હતું. પોલીસે હત્યાની કલમ ઉમેરી છે. મૃતકની અંતિમવિધિમાં હજારો લોકો સ્વયંભૂ રીતે જોડાયા હતા. આ ગેંગરેપ કેસમાં પોલીસે તમામ આરોપીની ધરપકડ કરી લીધી હતી.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં ૨ ડીગ્રીનો ઘટાડો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજથી ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. અરબી સમુદ્રમાં ભેજનું પ્રમાણ વધતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના પગલે ઠંડો પવન ફુંકાવાથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ આવતીકાલથી તાપમાનમાં વધારો થશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી કલાકના ૮ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૨ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. સતત બે દિવસથી શહેરીજનોને ઠંડા પવનનો અનુભવ થઈ રહ્યો છે. ભારે પવન ફુંકાતા માર્ચ મહિનામાં દિવસે પણ હિલ સ્ટેશન જેવો માહોલ અનુભવાઈ રહ્યુ છે.

હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર આવતીકાલથી ધીરે ધીરે ઓછી થશે અને તાપમાનમાં વધારો થવાની સાથે ગરમીનો અનુભવ થશે. માર્ચ મહિનાના બીજા સપ્તાહ બાદ દક્ષિણ ગુજરાતમાં ઉનાળાનો અનુભવ થાય તેવી શક્યતા છે.

માનેલા ભાઈએ બહેનનું અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ

સુરત

સુરત ચોક બજાર વિસ્તારમાં ૧૭ વર્ષીય સગીરા સાથે ૨૬ વર્ષીય યુવકે સગીરાના ભાઈને મારી નાખવાની ધમકી આપી હતી અને ત્યાર બાદ કારમાં તેનું અપહરણ કરી પાટણ લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ચોક બજાર પોલીસે આરોપી જયદીપ રાજપૂત નામના ઈસમની પોક્સો એક્ટ હેઠળ ધરપકડ કરી લીધી છે.

સુરત શહેરના ચોક બજાર પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. ચોક બજાર પોલીસે આરોપી જયદીપ રાજપૂતની ધરપકડ કરી લીધી સમગ્ર મામલે આરોપી જયદીપ અને ફરિયાદીની માતાએ આરોપી ના કાકાને માનીતા ભાઈ માન્યા હતા. ભાઈ માનતા પરીવારને એક બીજા સાથે પ્રસંગોમાં જવાનું થતું હતું. ત્યાં જ આરોપી પણ ભોગ બનનારના ઘર જતો હતો અને ૧૭ વર્ષીય સગીરાને પણ તેણે બહેન માની હતી. પણ થોડાક દિવસ બાદ આરોપીએ સગીરાને ફોન કરી કહ્યું કે તું મને બવ ગમે છે મારે તારી સાથે લગ્ન કરવા છે. આવું કેહતા સગીરા ચોકી ઉઠી હતી અને તેણે માનેલા ભાઈને સમજાવ્યો હતો કે આપણે ભાઈ બહેન છીએ. માટે આ શક્ય નથી પણ આરોપી સગીરા પર પહેલાથી જ દાનત બગાડી હતી અને સગીરાને વારંવાર લગ્ન માટે જીદ કરતો હતો. ત્યારે એક દિવસ આરોપી જયદીપે સગીરાને ફોન કરી કહ્યું આજે તું મને ઘર બહાર મળવા આવ તું આજે મળવા નહીં આવે તો તારા બે ભાઈને હું જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. નરાધમ યુવક રાત્રી દરમિયાન ઈકો ગાડી લઈ આવ્યો અને સગીરાને બળજબરી કરી કારમાં બેસાડી તેનું અપહરણ કરી તેના વતન પાટણ લઈ ગયો હતો. ત્યાં સગીરા ને તેના જ ઘરમાં તેની પર ૫ વખત દુષ્કર્મ આચર્યું હતું.

માતા પિતાએ સગીરાની શોધખોળ શરૂ કરી હતી ત્યારે નરાધમે તેઓને ફોન કર્યો હતો અને કહ્યું કે તમારી દીકરી મારી પાસે છે અને અને પાછી ત્યારે જ આપું કે તમે મને બાળકીના ૧૮ વર્ષ પુરા થાય ત્યારે તેના લગ્ન મારી સાથે કરાવવા પડશે. તેવો એગ્રીમેંટ કરી આપો તો જ હું તમારી દીકરીને પરત કરું. પરિવારને દીકરી પાછી સહી સલામત જોઇતી હતી ત્યારે આરોપીની તમામ માંગ માની લીધી હતી અને આરોપીની તમામ માંગણીઓ માની લીદી હતી. બાદમાં આરોપી રાત્રી દરમિયાન બાળકીને ઘર બહાર મૂકી નાસી છૂટ્યો હતો સમગ્ર મામલે ચોક બજાર પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી હતી.

ચોક બજાર પોલીસે આરોપી જયદીપને સુરતના મોટી વેડ ગામના એક ફાર્મ હાઉસમાં છુપયેલો હતો ત્યાં કોલ ટ્રેસના આધારે પકડી પાડ્યો હતો. જ્યા પોલીસ જયદીપને પેહલા કોલ કરતા હતા ત્યારે જયદીપ પોલીસને પણ સગીરા તેની સાથે ૧૮ વર્ષ પૂર્ણ થશે તો તેના લગ્ન તેની સાથે કરાવશે તેવા મેસેજ બાળકીના ફોન પર થી મેસેજ કરી બહેધરી આપે તો જ તે પોલીસ સમક્ષ આવે તેવી વાતો પોલીસ ને પણ કરતો હતો. હાલ તો સમગ્ર મામલે ચોક બજાર પોલીસે આરોપીની પોક્સો એક્ટ ૩૭૬ અને અપહરણના ગુનામાં ધરપકડ કરી તેની વધુ પૂછ પરછ હાથ ધરી છે.

સુરત એરપોર્ટ પર રૂા.૯ લાખનું સોનુ લાવનાર યુવાન ઝડપાયો

સોનાના પાવડરની કેપ્સુલ શારજાહથી યુવક લાવ્યો હતો

સુરત

એરપોર્ટ પરથી વધુ એક વખત દાણચોરી સાથે આવેલા એક ઈસમને કસ્ટમ અધિકારીઓએ ઝડપી પાડ્યો છે. શારજાહથી સુરત આવેલી ફ્લાઈટમાંથી દાણચોર પાસેથી સોનાની કેપસૂલ મળી આવતા કડક પૂછપરછ હાથ ધરાઈ છે. કસ્ટમ વિભાગની તપાસમાં ઝડપાયેલો ઈસમ વરાછાનો સંજય નામનો યુવાન હોવાનું બહાર આવ્યું છે. તેમજ સંજય પાસેથી ૨૦૦ ગ્રામ સોનાની કેપસૂલ મળી આવી છે. જેની કિંમત ૯ લાખ હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું છે. શારજાહથી સુરતની ફ્લાઈટમાં દુબઈથી સુરત આવેલા યુવક શરીરના ભાગમાં સોનાના પાવડરની કેપ્સૂલ છુપાવીને લાવ્યો હતો. અલબત્ત સુરત એરપોર્ટ પર કસ્ટમના સત્તાધીશોએ સોનાનું સ્મગલિંગ કરતા યુવકને ઝડપી અંગઝડતી લેતા ૨૦૦ ગ્રામ સોનાની કેપ્સૂલ મળી આવી હતી. આ ઝડપાયેલા સોનાની બજાર કિંમત રૂા.૯ લાખ જેટલી થાય છે.

કામરેજના ઓરણા ગામમાં મહિલા દિવસની ભવ્ય ઉજવણી

મહિલા સમ્મેલન અને જનજાગૃતિ રેલી યોજાઇ

સુરત

દર વર્ષે સમગ્ર વિશ્વમાં તારીખ ૮મી માર્ચનાં રોજ આંતરાષ્ટ્રીય મહિલા દિનના અનુસંધાને કામરેજનાં તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. એમ. એન. ભાટીનાં માર્ગદર્શન હેઠળ કામરેજ તાલુકાનાં તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઓરણા ખાતે મહિલા સશક્તિકરણ અંગેનાં વિવિધ કાર્યક્રમો જેવા કે મહિલા સંમેલન, જનજાગૃતિ રેલી યોજવામાં આવી હતી.

આ પ્રંસગે કાર્યક્રમનાં હેતુઓ અંગે કામરેજનાં તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.એમ.એન.ભાટીએ વિગતે “ નારી તુ નારાયણી,” “યત્ર નારયસ્તુ પુજયન્તે ,રમયન્તે તત્ર દેવતાં” ની ઉક્ત કહીને સમાજમાં નારીનું સન્માન તથા મહિલા સશક્તિકરણ અંગે વિગતે સમજ આપી હતી. ઓરણાનાં પ્રથમ નાગરિક ઓરણા ગામનાં સરપંચ શ્રીમતી ગીતાબેનનું તથા નેત્રંગ ગામનાં સરપંચ શ્રીમતી ચંપાબેન પટેલનું તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઓરણાનાં મેડીકલ ઓફિસર ડો.દેવ્યાનીબેનનું તેમજ ઓરણા ગામનાં આગેવાન ઝીણીબેનનું ઓરણાની આશાબહેનો દ્વારા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા સશક્તિકરણ અંગેની વિડીયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી.તથા પ્રા.આ.કેન્દ્ર ઓરણાથી આંતરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણી અંગેની ઓરણા ગામમાં જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી.આ રેલીમાં આશા બહેનો દ્વારા વિવિધ નારાઓ લગાવેલ હતાં જેમાં એક દંપતિ એક સંતાન, દિકરી દિકરો એક સમાન, બેટી નહિં બચાઓગે તો બહુ કહાંસે લાઓગે. બેટી સાપનો ભારો નથી, બેટી તો તુલસીનો કયારો છે.,બેટી બચાવો બેટી વધાવો જેવા નારાઓ લગાવીને બહેનોએ ભારે ડુતુહલ જગાવ્યું હતું.

આંતરાષ્ટ્રીય મહિલા દિન કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.આ.કેન્દ્ર ઓરણાનાં તમામ આશા બહેનો, સ્ટાફ અને આશા ફેસેલીટેટર બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી. ઉજવણીનાં સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધી કામરેજનાં તાલુકા આઇ. ઇ. સી. ઓફિસરશ્રી મુકેશભાઇ સી.ભટ્ટે કરી હતી.

કિશોરી પર બળાત્કાર ગુજારનાર આરોપી જયદીપ સિંહની ધરપકડ

કિશોરીના ભાઈને મારી નાંખવાની ધમકી આપી દુષ્કૃત્ય આચરાયુ હતુ

સુરત

ભાઈઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી પાટણનો વતની જયદીપસિંહ રાજપુત કિશોરીને લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ ચોકબજાર પોલીસ સ્ટેશને નોંધાઈ હતી અને આરોપીની ધરપકડ કરી હતી.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરીને આરોપી જયદીપસિંહ ઉર્ફે ભેમો રતનસિંહ રાજપુત (રહે. રોમણદા, તા.સિદ્ધપુર, પાટણ)એ લલચાવી ફોસલાવી તેણી તથા તેના ભાઈઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી અપહરણ કરી જઈ બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનાર કિશોરીના પિતાએ ચોકબજાર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે પોસ્કો એક્ટ અન્વયે ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

બાકી પેમેન્ટની ઉઘરાણી કરાતા ખોટા કેસમાં ફસાવી દેવા ધમકી

જોબકામ કરાવી કારખાનેદાર દ્વારા રૂા.૩.૮૪ લાખની ઠગાઈ

સુરત

કાપોદ્રાના એમ્બ્રોડરી કારખાનેદાર પાસે જોબવર્ક કરાવી બાકી પેમેન્ટ રૂપિયા ૩.૮૪ લાખનું ચૂકવવાને બદલે વેપારીએ ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હોવાની ફરિયાદ કાપોદ્રા પોલીસ મથકે નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કડોદરા ગામ એસ.કે. પાર્કમાં રહેતા એમ્બ્રોડરી કારખાનેદાર અંકુર ભગવાનભાઈ વાઘાણીએ આરોપી ભાવેશ દુલાભાઈ કાતરીયા (ખાતા નં.૩/૪, પટેલ ચેમ્બર, ત્રિકમનગરની બાજુમાં, વરાછા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી વેપારી ભાવેશ કાતરીયાએ ફરિયાદી અંકુર પાસે જોબવર્ક કરાવ્યું હતું. જેનું બાકી પેમેન્ટ ૩,૮૪૦૦૦ રૂપિયા ચૂકવવાને બદલે ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ઠગાઈ કરી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અન્યાયી ટોલ ટેક્સ નાબુદ કરવા ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિનું અલ્ટીમેટમ

તા.૧૭’મીએ ધરણા તથા આશ્ચર્યજનક કાર્યક્રમ યોજવામાં આવશે

સુરત

ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સ મુક્તિ માટે ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા છેલ્લા ૩૫ દિવસથી વધુ સમયથી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. સુરત શહેર અને જિલ્લાના અનેક ગામો, કોર્પોરેટરો, સ્થાનિક સંસ્થા, શાળા-કોલેજો, ઉદ્યોગપતિઓ સહિત થોકબંધ લોકોએ આ આંદોલનને સમર્થન આપ્યું હતું.

સંઘર્ષ સમિતિ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી. તેમજ સાંસદ સભ્યોની મુલાકાત લઈ ટોલટેક્સ નાબૂદ માટેની રજૂઆત કરાઈ હતી. પરંતુ હજુ સુધી એનએચએઆઈ કે પછી સરકારના પેટનું પણ પાણી પણ હલતું નથી.

દરમિયાન ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકે જણાવ્યું હતું કે, બિનરાજકીય રીતે શરૂ કરેલા આ આંદોલનના ભાગરૂપે આજે બારડોલી અને કામરેજ ખાતે બેઠક કરવામાં આવશે. તેમજ અડાજણ પ્રાઈમ આર્કેડ પાસે જનજાગૃતિના ભાગરૂપે પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. વધુમાં દર્શન નાયકના જણાવ્યા મુજબ ટોલટેક્સની આ અન્યાયી નીતિના વિરોધમાં તા.૧૭મીના રોજ ચોકબજાર ગાંધીજીની પ્રતિમા પાસે સંઘર્ષ સમિતિ પ્રતિક ધરણાનો કાર્યક્રમ આપશે. સોમવાર સુધી સરકાર દ્વારા કોઈ નિર્ણય નહીં કરવામાં આવશે તો આગામી દિવસોમાં આશ્ચર્યજનક કાર્યક્રમો આપવામાં આવશે.

તા.૨૬’મીએ ડાંગ જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

આહવા

આથી ડાંગ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે માનનીય મુખ્ય મંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ પ્રશ્નોના નિવારણ માટે તા.૨૬/૦૩/૨૦૨૦ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિવારણ અંગે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ડાંગના અધ્યક્ષપણા હેઠળ કલેકટર કચેરી ડાંગ-આહવાના સભાખંડમાં યોજાશે.

જિલ્લાની જનતાને પોતાની ફરિયાદ તા.૨૧/૦૩/૨૦૨૦ સુધીમાં જે તે ખાતા,કચેરીને બારોબાર મોકલી આપવાની રહેશે અને તેની નકલ કલેકટરશ્રી ડાંગને મોકલી આપવાની રહેશે. કલેકટર કચેરી ડાંગ-આહવાને લગતા પ્રશ્નો સિવાયના કોઇપણ પ્રશ્નો સીધા કલેકટર કચેરી, ડાંગ-આહવાને મોકલવા નહી. ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો તથા નોકરીને લગતા પ્રશ્નો લક્ષમાં લેવામાં આવશે નહી.

અરજદારશ્રીએ એક જ પ્રશ્ન સંપૂર્ણ વિગતો સહ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમાં રજૂ કરવાના રહેશે. રજુ કરવામાં આવનાર પ્રશ્નોના કવર પર જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૬/૦૩/૨૦૨૦’ એમ અચૂક લખવુ. અરજદારે ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા વિનંતી છે.

તા.૧૪’મીએ અતરંગ કલા પ્રતિષ્ઠાન દ્વારા મરાઠી નાટકની રજૂઆત

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે કાર્યરત અંતરંગ કલા પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા તારીખ ૧૪ મી ના રોજ મરાઠી કોમેડી નાટકના શોનું આયોજન કરવામાં આવ્યું છે. એ.આઈ.એ. ઓડિટોરિયમ ખાતે આ નાટ્ય પ્રયોગ યોજાશે. મરાઠી સંસ્કૃતિ અને મરાઠી અસ્મિતા ના જતન અને પ્રસાર માટે અંતરંગ કલા સંસ્થાન દ્વારા વિખ્યાત નાટ્ય કલાકારો ભાઉ કદમ, વિશાખા સુબેદાર અને પ્રિયદર્શન જાદવ અભિનેતા ×શાંતેચં કાર્ટ ચાલુ આહે× નામના પ્રખ્યાત કોમેડી નાટકનું આયોજન કરાયું છે. એ.આઈ.એ ઓડિટોરીયમ ખાતે તારીખ ૧૪મી માર્ચના રોજ સાંજે ૮:૩૦ કલાકે આ નાટ્ય પ્રયોગ યોજાશે. અંકલેશ્વરમાં સ્થાયી થયેલા મરાઠી પરિવારો પોતાની અસ્મિતા અને સંસ્કૃતિની જાળવણી કરે તેમ જ તેનો પ્રસાર કરે અને પોતાની સંસ્કૃતિથી સતત સંપર્ક માં રહી શકે એ હેતુથી આ નાટ્ય પ્રયોગનું આયોજન કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે ઔધોગિક વસાહત ને પગલે સંખ્યાબંધ મરાઠી પરિવારો અંકલેશ્વરમાં વર્ષોથી વસવાટ કરે. છે તેઓની સંસ્કૃતિ અને અસ્મિતા જાળવવા માટેનું આ એક સ્તુત્ય પ્રયાસ છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૧૩-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

રાજ્યસભાની ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસમાં ભંગાણના ભણકારા...?, ભાજપ ગેલમાં

હવે ગુજરાત કોંગ્રેસમાં કકળાટ, એક સાથે ૩૫ ધારાસભ્યો રાજીનામાની આપી ધમકી

મધ્યપ્રદેશ બાદ હવે ગુજરાત કોંગ્રેસમાં ૩૫ ધારાસભ્યો થયા ઉંચાનીચા, રાજ્યસભાની બેઠકો માટે હાઈકમાન્ડના નામો પર મારી ચોકડી- સ્થાનિકને ટિકિટ આપવા માંગણી

ગાંધીનગર

મધ્યપ્રદેશ કોંગ્રેસની જેમ ગુજરાતમાં પણ રાજ્યસભાની ચૂંટણીને લઈને ભારે અસંતોષ બહાર આવ્યો હોય તેમ, ઓછામાં ઓછા ૩૫ ધારાસભ્યોએ પાર્ટી હાઈકમાન્ડે રાજ્યસભાની બે બેઠકો માટે નક્કી કરેલા નામો શક્તિસિંહ ગોહિલ અને રાજીવ શુક્લાની સામે ભારે વિરોધ નોંધાવીને જો ઉમેદવાર બદલવામાં નહીં આવે તો સામૂહિક રાજીનામાની ચીમકી ઉચ્ચારતાં હાઈકમાન્ડે જાહેર નામો અટકાવીને પ્રદેશ નેતાઓ સાથે વાતચીત શરૂ કરી હોવાના અહેવાલો મળી રહ્યાં છે. રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારી ભરવાના છેલ્લાં દિવસ ૧૩ માર્ચની પૂર્વ સંધ્યાએ કોંગ્રેસમાં કકળાટથી એક રીતે ભાજપ છાવણીમાં આનંદની લાગણી સર્જાય તે સ્વાભાવિક છે. જો કે કોંગ્રેસ નેતાગીરીએ તાબડતોડ નિવેડો લાવવો પડે તેમ હોવાથી ૩૫ ધારાસભ્યોની રાજીનામાની ચીમકીના અહેવાલથી હાઈકમાન્ડના



ધબકારા એક તો મધ્યપ્રદેશના રાજકિય સંકટથી વધેલા છે ત્યારે ગુજરાત કોંગ્રેસનો કથિત અસંતોષ તેમને વધારે સંકટ આપે અને કેન્દ્રીય નેતાઓને અસંતોષપૂરી આગ ઠારવા ગુજરાત દોડાવવા પડે તો પણ નવાઈ નહીં.

ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો પર ચૂંટણી યોજાવવાની છે. ત્યારે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરફથી સુચવવામાં આવેલા બે નામો પૈકી એક પણ નામ હાઈકમાન્ડે માન્ય રાખ્યુ નહોતુ અને બે નવા જ મુરતિયા મેદાને ઉતાર્યા હતાં. જેથી ગુજરાત કોંગ્રેસમાં ભડકો થયો છે.

ગુજરાતનના ૩૫ ધારાસભ્યોએ રાજીનામા ધરી દેવાની ધમકી આપી દીધી છે. ગુજરાતના કોંગ્રેસના ધારાસભ્યોએ પ્રમુખ અમિત ચાવડા સમક્ષ રોષ ઠાલવ્યો છે અને સ્થાનિક ઉમેદવારને મહત્વ આપવા માંગણી કરી છે. જેથી અમિત ચાવડાએ આ નામો હાલ તુરંત અટકાવી દીધા છે અને હાઈકમાન્ડ સાથે વાતચીતનો દોર શરૂ કરી દીધો છે.

ગુજરાતમાં કુલ ચાલ રાજ્યસભા બેઠકો માટે આગામી ૨૬ માર્ચે ચૂંટણી યોજાવવાની છે. જે માટે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ નેતાગીરી તરફથી બે માન મોકલવામાં આવ્યા હતાં.

ફરી ભરૂચમાં વિજીલિયન્સની રેડ!

ભરૂચ જીલ્લો છેલ્લા કેટલાક સમયથી વિજીલિયન્સની રેડ થી બેબેકળો બન્યો છે

પોલીસ ગાફેલ કે બેબાક બની હોય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે આજ રોજ ફરી એક વાર ગુજરાત ડિજી વિજી.ની ટીમે શહેરના બી ડીવીઝન જેવા સંવેદનશીલ વિસ્તારમાં કથિત હિતેશના વરલી મટકા ના અડ્ડાપર રેડ કરી ચર્ચા મુજબ નવ થી દસ જુગરિયા અને પંતરો પકડી ક્વોલિટી કેસ કરેલ હોવાની વિગતો વહેતી થતા શહેરભરમાં અચરજ ફેલાયું,,અગાઉ એક વોટ્સએપ સમાચારમાં બી ડિવિઝન પોલીસ ના કોઈ દેવના નામથી શરૂ થતાં પોલીસ કર્મી નું નામ ગર્ભિત રીતે લખતા બી ડી.પોલીસબેડામાં દોડધામ મચી હતી ત્યારે હાલ પણ આજ વિષય ચર્ચાય છે કે જો પોલીસજ ઉંચા વ્યાજે બુટલેગરને અને અન્ય ગુન્હાહિત તત્વોને નાણાં ધીરી ગર્ભિત પરમિશન આપતી હોય તો વાડ જ ચિભડા ગળે તેમ કહેવાય અને હાલ જો આ. સંવેદનશીલ વિસ્તારમાં વિજીલિયન્સ ગાંધીનગર થી આવતી હોય તો બીડીવીઝન પોલીસ કર્મી પર શકા સેવાય એ સ્વભાવિક છે.જિલ્લામાં અગાઉ કોના ભોગે બે ઉચ્ચ કક્ષાના પીઆઈ સસ્પેન્ડ થાય તો હવે ભગવાન કરે જિલ્લાના ત્રીજા પીઆઈ નો ભોગ ન લેવાય તેવો પોલીસ બેડામાં ગણગણાટ શરૂ થયો છે ત્યારે મજાક પણ થઈ રહી છેકે દેવોના નામધારીઓ જો આવી પ્રવૃત્તિને વેગ આપતા હોય તો આવા કર્મચારી વિરુદ્ધ શ માટે પગલાં લેવાતા નથી માત્ર થાણા અધિકારીનેજ જવાબદાર ઠેરવવો કેટલે અંશે વ્યાજબી? એ જે હોય તે તપાસનો વિષય છે જેમાં બાહોશ જિલ્લા પોલીસવિક્ષક તમામને સજા કરશેજ તેમાં બે મત નથી ,

ધનંજય ઝવેરી
૯૯૭૮૪૦૬૨૫૭

મહારાષ્ટ્રમાં મધ્યપ્રદેશ જેવી સ્થિતિ નહીં સર્જાય: શરદ પવારને વિશ્વાસ

મુંબઈ

મધ્ય પ્રદેશમાં કોંગ્રેસને લાગેલા ઝટકા બાદ હવે મહારાષ્ટ્રનો વારો છે, તેવી અટકળો વચ્ચે એનસીપીના ચીફ શરદ પવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની કોંગ્રેસ, એનસીપી અને શિવસેનાની મહાવિકાસ આઘાડીને કોઈ ખતરો નથી, અમારી સરકાર પાંચ વર્ષ સફળતાપૂર્વક પૂરાં કરશે. વિધાનભવન ખાતે આવેલા પવારે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં હાર્યા બાદ યોતિરાદિત્ય સિંધિયાએ એવી અપેક્ષા રાખી હતી કે તેમને પક્ષ કોઈ મોટું પદ સોંપે, પરંતુ પક્ષ માટે આ કઠિન હોય છે. તેમણે કોંગ્રેસ પક્ષને આ માટે જવાબદાર ન ઠેરવતા પક્ષ પાસે આજે પણ મજબૂત નેતાગીરી છે, તેમ જણાવ્યું હતું. તેમણે મધ્ય પ્રદેશની સરકાર મામલે જણાવ્યું હતું કે મને કોંગ્રેસના નેતા કમલનાથ પર પૂર્ણ ભરોસો છે. અમુક લોકો કહે છે કે કમલનાથ પૂરા સક્ષમ છે અને ચમત્કાર થઈ શકે છે. આખું ચિત્ર બે દિવસમાં સ્પષ્ટ થઈ જશે. મને મધ્ય પ્રદેશના વિધાનસભાના માળખા વિશે માહિતી નથી, પરંતુ જો સિંધિયા સાથે વાતચીત થઈ હોત તો આ સ્થિતિ ઊભી થઈ ન હોત. મહારાષ્ટ્રમાં પણ સરકાર પડી ભાંગવાની શકયતા છે, તેમ પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે હોળીનો તહેવાર હમણાં જ ગયો, વિરોધ પક્ષો માટે હવે કોઈ સાં મુહર્ત નથી. ભાજપે અજિત પવાર સાથે સરકાર સ્થાપવાની કરેલી કોશિશનો સંદર્ભ લઈ તેમણે જણાવ્યું હતું કે સો દિવસ પહેલા પ્રયત્નો થયા હતા, પરંતુ તે બાદ નિષ્ફળ ગયા હતા.

મુસ્લિમ આરક્ષણ મામલે એનસીપી સકારાત્મક છે, પરંતુ હજુ સુધી અમારી વચ્ચે ચર્ચા થઈ નથી. ત્રણેય પક્ષની સમન્વય સમિતિ આ અંગે ચર્ચા કરશે. આ સાથે રાયસભાના સભ્યપદ માટે કોંગ્રેસ એક વધારે બેઠકનો આગ્રહ કરી રહી છે

યસ બેંકની સમસ્યા રાતોરાત ઊભી થઈ નથી. બેંકિંગ ડિપાર્ટમેન્ટ શું કરી રહ્યું હતું, તેનો જવાબ કેન્દ્ર સરકારે આપવો જોઈએ, તેમ તેમણે જણાવ્યું હતું.

યસ બેંકની લોન સંપત્તિ વેચીને પણ ચૂકવીશું : અનિલ અંબાણી ગ્રુપ

નવી દિલ્હી

યસ બેંકની નાણાકીય કટોકટી પાછળ રિલાયન્સ (ADAG) ગ્રુપનો પણ હાથ છે, એ મુદ્દે અનિલ અંબાણીના નેતૃત્વવાળા કોર્પોરેટ ગ્રુપે સ્પષ્ટતા કરી છે. રિલાયન્સ ગ્રુપે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે યસ બેંકે ગ્રુપને આપેલી લોન સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને એ સામાન્ય વેપાર-ધંધા માટે લેવામાં આવી છે. દેવાંગ્રસ્ત રિલાયન્સ ગ્રુપે કહ્યું હતું કે એ બેંકથી લીધેલી લોન ચૂકવવા માટે તત્પર છે. જૂથ તેમની સંપત્તિઓ વેચીને પણ યસ બેંકની લોન ચૂકવી દેશે. યસ બેંકના ભૂતપૂર્વ CEO રાણા કપૂર અને તેમના પરિવારની સાથે સંબંધો લઈને ઊભા થઈ રહેલા સવાલોનો પણ રિલાયન્સ ગ્રુપે ખુલાસો કર્યો હતો. ગ્રુપે કહ્યું હતું કે યસ બેંકના CEO રાણા કપૂર, તેમનાં પત્ની અને પુત્રીઓ અથવા તેમના પરિવાર દ્વારા



કરવામાં આવતા બિઝનેસ સાથે અમારે કોઈ લેવાદેવા નથી.રિઝર્વ બેંકે યસ બેંક પર નિયંત્રણો લાદ્યાં પછી નાણાપ્રધાન નિર્મલા સીતારામને મિડિયાને જણાવ્યું હતું કે સુભાષ ચંદ્રાની એસ્સેલ ગ્રુપ અને અનિલ અંબાણી ગ્રુપના રિલાયન્સ ગ્રુપનું નામ લીધી હતું. નાણાપ્રધાને કહ્યું હતું કે જે કોર્પોરેટ ગ્રુપોએ યસ બેંકથી લોન લીધી હતી, એમાં રિલાયન્સ અને એસ્સેલ ગ્રુપ મોખરે છે. દેશનાં ૧૦ મોટાં કોર્પોરેટ ગ્રુપોની ૪૪ કંપનીઓ પર યસ બેંકની રૂ. ૩૪,૦૦૦ કરોડનાં લેણાં છે. જેમાં અનિલ અંબાણીના નેતૃત્વવાળા રિલાયન્સ ગ્રુપની નવ કંપનીઓ પર રૂ. ૧૨,૮૦૦ કરોડનાં લેણાં છે. એસ્સેલ ગ્રુપ પર રૂ. ૮,૪૦૦ કરોડનાં લેણાં છે. આ બે સિવાય DHFL ગ્રુપ, દીવાન હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશન, જેટ એરવેઝ્સ કોક્સ એન્ડ કિંગ્સ અને ભારત ઈન્ફ્રા સામેલ છે.

ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો, સેન્સેક્સ ૩૧૦૦ અંક સુધી ઘટ્યો, નિફ્ટી પણ ૮૬૮ અંક ઘટીને ૩૧ મહિનાના નીચલા સ્તરે

શેરબજારને કોરોનાનો મહા માર..!, રોકાણકારોના ૧૧ લાખ કરોડ સ્વાહા

નિફ્ટીએ બે વર્ષમાં સૌપ્રથમ વખત ૧૦,૦૦૦ની સપાટી ગુમાવી, ૭૬૦ પોઈન્ટનું ગાબડું, બ્લેક ફ્રાઈડે, બ્લેક મન્ડે બાદ હવે ગુરૂવાર પણ થયો બ્લેક થર્સડે..!

મુંબઈ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચીનની કોરોનાની બિમારીને મહામારી જાહેર કર્યા બાદ વૈશ્વિક બજારોમાં ગભરાટ વધ્યો હતો. અને ચારે તરફ વેચવાલીના કારણે ભારત સહિત વિશ્વભરના શેર બજારોની હાલત ખરાબ જોવા મળી રહી હતી. આજે ગુરુવારે, સપ્તાહના કમકાજના ચોથા દિવસે, ભારતીય શેરબજારમાં ફરી એક વાર મોટો જંગી કડાકો જોવા મળ્યો હતો.. આ ઘટાડોનો ટ્રેન્ડ સતત વધી રહ્યો હતો અને સવારે ૧૧ વાગ્યા પછી સેન્સેક્સ ૨૬૫૦ પોઈન્ટ અને નિફ્ટી ૭૫૦ પોઈન્ટ ગગડ્યા હતા. જે બપોરે વધીને ૩૧૦૦ પોઈન્ટ સુધી પહોંચી જતાં રોકાણકારોની અંદાજે અધધ.. ૧૧ લાખ કરોડની સંપત્તિનું ધોવાણ થઈ ગયું હતું. આ સમય દરમિયાન સેન્સેક્સ ૩૩ હજાર ૨૫૦ પોઈન્ટના કારોબારમાં જોવા મળ્યો હતો. એ જ રીતે નિફ્ટી ૯ હજાર ૭૫૦ પોઈન્ટ પર હતો. નિફ્ટી સપ્ટેમ્બર ૨૦૧૭ પછી આટલા નિચલા સ્તરે આવ્યો છે. ઈતિહાસનો આ સૌથી મોટો જંગી ઘટાડો હોવાનું મનાય છે. નોંધનીય છે કે છેલ્લા એક અઠવાડિયામાં મુંબઈ શેર બજાર પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં લગભગ ૧૭ લાખ કરોડનો ઘટાડો થયો છે. એટલે કે રોકાણકારોને ૧૯ લાખ કરોડનું નુકસાન થયું છે...! સોમવારે પણ બજારમાં જંગી ગાબડા જોવા મળ્યા હતા. તે અગાઉના બે શુક્રવાર પણ રોકાણકારો માટે બ્લેક ફ્રાઇડે પૂરવાર થયા હતા. બપોરે ૩.૩૦ વાગે બજાર સેન્સેક્સ આંક ૨૯૧૯.૨૬ના ઘટાડા સાથે ૩૨૭૭૮.૧૪ પર અને નિફ્ટી ૮૬૮.૨૫ના ઘટાડા સાથે ૯૫૯૦.૧૫ પર બંધ થયું હતું.

આજે સવારથી જ શેરબજારમાં સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી. આજે મેટલ, રિયલ્ટી, પાવર, ઓઈલ-ગેસ, ઓટો, બેંક, કેપિટલ ગૂડ્ઝ શેરોમાં ધૂમ વેચવાલી જોવા મળી હતી. આજે સવારે તમામ સેક્ટોરલ ઈન્ડાઈસિસ રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે સેન્સેક્સ ૧૮૨૧ અંક ઘટીને ખુલ્યો હતો. તે ૩૪,૦૦૩.૫૮ની સપાટીએ પહોંચ્યો હતો. આ જ રીતે નિફ્ટી ૪૭૦ અંકના ઘટાડા સાથે ૯,૯૯૦.૯૫ પર પહોંચ્યો હતો. અમેરિકાના ઈન્ડેક્સ ડાઉ જોન્સમાં એક વખત ફરી રેકોર્ડ ૧૪૬૪ અંકનો ઘટાડો જોવા મળ્યો છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

કમલ સરકાર સંકટમા

મધ્યપ્રદેશની કમલનાથ સરકારે હજુ તો દોઢ વર્ષનો ગાળો પણ પૂર્ણ કર્યો નથી ત્યારે તે એટલા ભીષણ સંકટમાં આવી ગઇ છે. સરકારને બચાવી લેવાની બાબત હવે અશક્ય દેખાઇ રહી છે. જો કે મુખ્યપ્રધાન કમલનાથે હાર સ્વીકારી નથી. આશરે ૨૦ ધારાસભ્યોના સમર્થનવાળા જ્યોતિરાદિત્ય ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઇ ગયા બાદ હવે કોંગ્રેસ પાર્ટીને કોઇ ચમત્કાર જ બચાવી શકે છે. કમલનાથની સરકાર રહે કે જાય પરંતુ કોંગ્રેસના નેતૃત્વની સામે હવે ગંભીર સવાલ થઇ રહ્યા છે. કોંગ્રેસની સામે સતત સવાલ ઉઠી રહ્યા છે. હાલમાં તો કોંગ્રેસના નેતાઓ કહી રહ્યા છે કે ભારતીય જનતા પાર્ટી વિધાનસભા ચૂંટણીમાં મળેલી હાર બાદ આ સરકારને ગબડાવી દેવા માટેના પ્રયાસમાં લાગેલી હતી. કેટલાક લોકો આ આરોપને સહમતિ પણ દર્શાવે છે. તેમનુ કહેવુ છે કે સત્તારૂઢ પાર્ટીના ધારાસભ્યોના રાજીનામા અપાવીને સરકારને લઘુમતિમાં લાવીને ફરી પેટાચૂંટણી મારફતે ફરી ચૂંટણી કરાવીને રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે. કર્ણાટકની ફોર્મ્યુલા હવે મધ્યપ્રદેશમાં લાગુ કરવામાં આવી રહી છે. સમગ્ર ઘટનાક્રમ પર નજર કરવામાં આવે તો એમ લાગે છે કે મધ્યપ્રદેશમાં જે કઇ પણ થઇ રહ્યુ છે તેના સીધા સંબંધ કોંગ્રેસના ટોપ નેતૃત્વ સાથે છે. કોંગ્રેસના ટોપ પર શુન્યની સ્થિતી રહેલી છે. દેશની સૌથી જુની પાર્ટી છેલ્લી લોકસભા ચૂંટણીમાં મળેલી હાર છતાં એક પછી એક સંકટમાંથી પસાર થઇ રહી છે. કોંગ્રેસ પાર્ટીની સ્થિતી દિન પ્રતિદિન વધુને વધુ ખરાબ થઇ રહી છે. સામાન્ય ચૂંટણીના પરિણામ આવ્યા બાદ સમીક્ષા માટે આયોજિત કરવામાં આવેલી રાષ્ટ્રીય બેઠકમાં રાહુલ ગાંધીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેઓ પાર્ટીના અધ્યક્ષ પદ પર રહેવા માટે ઇચ્છુક નથી. ગાંધી-નહેરુ પરિવારના લોકો કોઇ પણ રીતે પાર્ટીના નવા અધ્યક્ષ ન બને તેની ખાતરી કરનાર છે. ત્યારબાદથી લઇને હજુ સુધી કોંગ્રેસ પાર્ટી વિકલ્પો પર ચાલી રહી છે. રાહુલ ગાંધીના ગાળા દરમિયાન જે પણ નેતા તેમની સાથે સારા સંબંધના કારણે મજબુત થયા હતા તે હવે રાહુલ દુર થયા બાદ કમજોર બની ગયા છે. હરિયાણા અને ઝારખંડ બાદ મધ્યપ્રદેશ હવે એવા રાજ્ય તરીકે છે જે રાજ્યમાં થી કોંગ્રેસી નેતા અલગ અલગ થયા બાદ બારતીય જનતા પાર્ટીમાં સામેલ થઇ ગયા છે. આ સિલસિલો હાલમાં જારી રહી શકે છે. જ્યોતિરાદિત્ય સિંધિયા પાર્ટી સાથે છેડો ફાડી લીધા બાદ આ સિલસિલો ખતમ થનાર નથી. બિમારીની સારવાર કરવા માટે કેટલાક કઠોર નિર્ણય કરવાની જરૂર છે. કમનસીબ બાબત એ છે કે સિંધિયા પાર્ટી સાથે છેડો ફાડી લીધા બાદ પણ કોંગ્રેસમાં કોઇ વધારે હલનચલન દેખાઇ રહી નથી. કોંગ્રેસના નેતાઓ હજુ પણ કોઇ વધારે ગંભીર દેખાઇ રહ્યા નથી. તેમના નિવેદન પાર્ટીને વધારે મુશ્કેલીમાં મુકી શકે છે. કમલનાથ સરકાર રહેશે કે જશે તેની રાજકીય ચર્ચા હાલમાં જોવા મળી રહી છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં ભારે પરેશાનીના દોરમાંથી પસાર થઇ રહી છે. કમલનાથ સરકારને બચાવી લેવા માટે સંકટમોચક મેદાનમાં આવી ગયા છે પરંતુ હવે કોંગ્રેસ પાર્ટીને કોઇ ચમત્કાર જ બચવી શકે છે. કોંગ્રેસ પાર્ટીની તકલીફ દુર કરવા માટે ટોપ સ્તર પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે.

કોંગ્રેસની સરકારને કોઇ ચમત્કાર જ હવે બચાવી શકે છે : આંતરિક વિખવાદ વધ્યો

કોંગ્રેસ યુવા નેતૃત્વને કેમ નકારી રહી છે તે વાત ગળે ઉતરતી નથી

કોંગ્રેસ પોતાને ખતમ કરી રહી છે ?

જ્યોતિરાદિત્ય સિંધિયા કોંગ્રેસ સાથે છેડો ફાડી ચુક્યા છે. ભારે મન સાથે સિંધિયા કોંગ્રેસને છોડીને ભાજપમાં સામેલ થઇ ગયા બાદ કોંગ્રેસ પાર્ટીનુ પતન જારી રહ્યુ છે. કોંગ્રેસના વર્તનને લઇને હવે તમામ રાજકીય પંડિતો પ્રશ્નો પણ ઉઠાવી રહ્યા છે. સિંધિયા એ જ ભારતીય જનતા પાર્ટીની સાથે હાથ મિલાવી ચુક્યા છે જે પાર્ટીની સામે કોઇ સમય તેઓ કોંગ્રેસના સ્ટાર પ્રચારક તરીકે હતા. સિંધિયા મધ્યપ્રદેશમાં ભાજપની સરકારને ઉખાડી ફેંકવામાં ચાવીરૂપ રહ્યા હતા. સિંધિયા મધ્યપ્રદેશમાં કોંગ્રેસના સૌથી શક્તિશાળી નેતા તરીકે હતા. સિંધિયા કોંગ્રેસ સાથે છેડો ફાડતી વેળા એમ પણ કહી ચુક્યા છઠે કે હવે કોંગ્રેસમાં વાસ્તવિકતા અને સાચી વાત સાંભળી લેવાની તાકાત નથી. ૧૮ મહિનાના ગાળામાં જ સપનાને તુટતા તેઓ જોઇ ચુક્યા છે. સિંધિયાને મધ્યપ્રદેશમાં પોસ્ટર બોય તરીકે લોંચ કરવામાં આવ્યા હતા. અંદરખાને એક ભાવિ મુખ્યપ્રધાન તરીકે તેમને જોવામાં આવી રહ્યા હતા. સત્તાના દરેક ક્ષેત્રમાં ક્યારેય જીત થતી નથી. આવી સ્થિતીમાં સિંધિયા તો પોતાની પાર્ટીની અંદર ચાલી રહેલી ખરાબ રાજનીતિના કારણે જ પરાજિત થઇ ગયા છે. સવાલ એ થાય છે કે આવા કુશળ નેતા કોંગ્રેસ પાર્ટીમાંથી જતા રહ્યા બાદ કોંગ્રેસ પાર્ટીને કોઇ અસર થાય છે કે કેમ ? કોંગ્રેસ પાર્ટી યુવા નેતૃત્વની સતત અવગણના કરી રહી છે. મોટી વયના નેતાઓને હજુ તે પ્રાથમિકતા આપી રહી છે. આ બાબત ખુબ ખતરનાક તરીકે કોંગ્રેસ માટે છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પાર્ટીની વિધાનસભા ચૂંટણીમાં જીત થયા બાદ મુખ્યપ્રધાન પદને લઇને બંને રાજ્યોમાં જોરદાર ખેંચતાણ જારી રહી હતી. રાજસ્થાનમાં સચિન પાયલોટ જેવા યુવા કોંગ્રેસી નેતાની અવગણના કરીને અશોક ગહેલોતને મુખ્યપ્રધાન બનાવવામાં આવ્યા હતા. સચિને વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી.



કોંગ્રેસ ક્યા સુધી વરિષ્ઠ નેતાઓની રાજનીતિનો હિસ્સો રહેશે : જ્યોતિરાદિત્ય પાર્ટીની અંદર ચાલતી રાજનીતિનો શિકાર થઇ ગયા

યુવા પેઢીમાં પણ તેમની શાનદાર લોકપ્રિયતા રહેલી છે. જો કે તેમની અવગણના કરવામાં આવી હતી. આવી જ રીતે સિંધિયાને મુખ્યપ્રધાન બનાવવાના બદલે કમલનાથને મુખ્યપ્રધાન બનાવી દેવામાં આવ્યા હતા. ત્યાં પણ વ્યાપક ખેંચતાણ રહી હતી. સવાલ એ થાય છે કે શુ કોંગ્રેસ પોતાને એક મજબુત વિપક્ષ બનાવવાને બદલે પોતાને જ ખતમ કરી રહી છે. સવાલ ઉપયોગી છે પરંતુ ૧૮ મહિના પહેલાની રાજનીતિને જોવામાં આવે તે જરૂરી છે. મધ્યપ્રદેશમાં સરકાર બનાવવામાં કમલનાથ. દિગ્વિજય સિંહ, વિવેક તન્ખા અને અને જ્યોતિરાદિત્યની ચાવીરૂપ ભૂમિકા હતી. કમલનાથ તો મુખ્યપ્રધાન બનીને આગળ નિકળી ગયા હતા. દિગ્વિજય સિંહે સત્તાના સુત્રો પોતાની પાસે રાખી લીધા હતા. આવી જ રીતે વિવેકે મધ્યપ્રદેશમાં કોઇ રસ રાખ્યો નથી. જ્યારે સિંધિયા પાર્ટીની અંદર ચાલી રહેલી રાજનીતિનો શિકાર થઇ ગયા છે. કેટલાક મોરચા પર સિંધિયાએ પોતાની વાત કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ કોંગ્રેસ પાર્ટીએ તેમની તરફ ધ્યાન આપ્યુ ન હતુ. સિંધિયા પાર્ટીની અંદર પોતાનુ સન્માન મેળવી લેવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. ગાંધી પરિવારે તેમની અવલગણના તરફ ધ્યાન આપી રહ્યુ ન હતુ. આખરે સિંધિયાીએ ભારતીય જનતા પાર્ટીમાં જવાનો નિર્ણય કરી લીધો હતો. સિંધિયા કોઇ સમય ગાંધી પરિવારના સૌથી નજીકના હતા. તેમને પાર્ટી અધ્યક્ષને મળવાનો સમય કેમ મળી રહ્યો ન હતો તે સવાલ તમામને સતાવે છે. રાહુલ અને પ્રિયંકાના નંબર તેઓ વારંવાર ફોન કરીને રાખતા હતા. તેમના નંબર દુર કેમ થઇ ગયા હતા. હવે કોંગ્રેસ માટે આત્મમંથનનો સમય છે. કોંગ્રેસી નેતાઓને સમજવાની જરૂર છે કે પાર્ટીની અંદર આંતરિક લોકશાહી વ્યવસ્થા કઇ રીતે રાખવામાં આવે. જો કોંગ્રેસ આવુ નહીં કરે તો કેટલાક વધુ કુશળ નેતા પણ પાર્ટી સાથે છેડો ફાડીને અન્ય પાર્ટીમાં જઇ શકે છે. સવાલ ભારતીય જનતા પાર્ટી માટે પણ છે. ભારતીય જનતા પાર્ટી એક ભાવનાશીલ નેતાને કઇ રીતે સંભાળી શકે છે. મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીમાં આવેલા અન્ય પાર્ટી નેતાઓની સ્થિતી સારી રહેલી નથી. ભારતીય જનતા પાર્ટીને સિંધિયાને યોગ્ય તક આપવાની જરૂર રહેશે. તેમની કુશળતાનો ઉપયોગ કરવાની પણ કસોટી છે.

કોંગ્રેસ પાર્ટીને હવે આગામી દિવસોમાં તેના તમામ લોકોને ખુબ વિશ્વાસમાં લઇને ચાલવાનો સમય છે. તેમના માટે આગામી દિવસો વધારે પડકારરૂપ બની શકે છે. કારણ કે કોંગ્રેસ પાર્ટી તેની હતાશામાંથી બહાર આવી રહી નથી. સાથે સાથે કોંગ્રેસના યુવા નેતાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી નથી. જે પણ એક નિરાશાજનક બાબત દેખાઇ રહી છે. આ તમામ કારણોસર કોંગ્રેસને વધારે મુશ્કેલમાં મુકી શકે છે.

ભારતમાં ૨૭ લાખ એન્જિનિયરિંગની સીટો ઉપલબ્ધ રહેલી છે...

એન્જિનિયરિંગથી મોહભંગ જારી છે

કોઇ સમય યુવા માટે સૌથી આકર્ષક કેરિયર તરીકે ગણાતા એન્જિનિયરિંગની ચમક હવે સતત ઘટી રહી છે. આના માટે કેટલાક કારણો જવાબદાર દેખાઇ રહ્યા છે. સૌથી મોટુ કારણ એ છે કે આ ક્ષેત્રમાં રહેલા વિદ્યાર્થીઓને નોકરી મળી રહી નથી. એન્જિનિયરિંગમાંથી વિદ્યાર્થીઓનો મોહભંગ હવે થઇ રહ્યો છે. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે આગામી બે વર્ષ સુધી નવા એન્જિનિયરિંગ કોલેજ ખોલવા માટે કોઇની પણ અરજીને સ્વીકાર કરવામાં આવનાર નથી. કારણ એ છે કે સત્ર ૨૦૧૯-૨૦માં એન્જિનિયરિગની ૫૦ ટકા સીટ ખાલી રહી ગઇ હતી. સાફ સંકેત મળી રહ્યા છે કે વિદ્યાર્થીઓ હવે એન્જિનિયરિંગમાં પ્રવેશ કરીને વધારે સમય ખરાબ કરવા માટે ઇચ્છુક નથી. વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગમાં કેરિયરને નિહાળી રહ્યા નથી. ભારતમાં ૨૭ લાખ એન્જિનિયરિગની સીટો રહેલી છે. જેમાં ૧૪ લાખ અંડરગ્રેજુએટ્સ , ૧૧ લાખ ડિપ્લોમા તેમજ ૧.૮ લાખ પોસ્ટ ગ્રેજુએટ્સ સીટો આવે છે. ૨૦૧૯-૨૦માં માત્ર ૧૩ લાખ વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગ પ્રવાહમાં પ્રવેશ મેળવ્યો હતો. જે પૈકી સાત લાખે અંડરગ્રેજુએટ પ્રોગ્રામની પસંદગી કરી હતી. તેમના આ પ્રવાહનુ સીધુ કારણ એ છે કે એન્જિનિયરિંગ ગ્રેજુએટને નોકરી મળી રહી નથી. એઆઇસીટીઇના કહેવા મુજબ વર્ષ ૨૦૧૯માં મુશ્કેલથી છ લાખ ગ્રેજુએટ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી શક્યા હતા. આની સાથે જ વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૧૯ વચ્ચે આશરે ૫૧૮ એન્જિનિયરિંગ કોલેજ બંધ કરવાની ફરજ પડી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય એન્જિનિયરિંગ શિક્ષણની



એન્જિનિયરિંગ ગ્રેજુએટ્સને નોકરી મળી રહી નથી જેના કારણે વિદ્યાર્થીઓનો હવે મોહભંગ થઇ રહ્યો છે : શિક્ષણની કમજોરી ખુલી ગઇ

કેટલીક ખામી સપાટી પર આવી છે. એન્જિનિયરિંગ નવી ટેકનોલોજીની સાથે પોતાને તાલમેલ બેસાડી દેવા માટે કોઇ ફેરફાર કરવામાં નિષ્ફળ છે. સાથે સાથે એન્જિનિયરિંગ શિક્ષણમાં હવે એવુ શિક્ષણ મળી રહ્યુ નથી જે આજની જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓને લાભ કરાવી શકે. એન્જિનિયરિંગની પાસે આજે નવી ટેકનોલોજી અપગ્રેડ કરવાની બાબત રહેલી નથી. દેશના નવનિર્માણમાં એન્જિનિયરિંગની કોઇ ભૂમિકા ઉભરીને સપાટી પર આવી રહી નથી. રોજગારને લઇને અભ્યાસ કરનાર અને સર્વેની કામગીરી સાથે જોડાયેલી રહેલી કંપની એસ્પાયરિંગ માઇન્ડસના ગયા વર્ષે આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે દેશના ૮૦ ટકા કરતા વધારે એન્જિનિયર આજની કૌશળ કેન્દ્રિત અર્થવ્યવસ્થામાં નોકરીને લાયક રહેલા નથી. ભારતમાં એક કરતા વધારે ઇન્ટર્નશીપ કરનાર વિદ્યાર્થી માત્ર સાત ટકા છે. જ્યારે ૪૦ ટકા એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માત્ર એક ઇન્ટર્નશીપ કરે છે. માત્ર ૩૬ ટકા વિદ્યાર્થીઓ જ પોતાના કોર્સથી અલગ જઇને કોઇ પ્રોજેક્ટ કરે છે. પરિણામ એ છે કે જુદા જુદા પ્રકારની સમસ્યાને ઉકેલવાની કુશળતા વિદ્યાર્થીઓમાં રહેતી નથી. સર્વે રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કોલેજોમાં વ્યવહારિક જ્ઞાન ઓછુ આપવામાં આવે છે. સૈદ્ધાતિક બોજ વધારે લાદી દેવામાં આવે છે. ૬૦ ટકા શિક્ષક ઔદ્યોગિક ક્ષેત્ર માટે જરૂરી ચીજોનુ ધ્યાન રાખતા નથી. ઇન્ડસ્ટ્રીઝની વાત કરવામાં આવે તો માત્ર ૪૭ ટકા એન્જિનિયર હોય છે. બાકી તમામ પુસ્તકના જ્ઞાન ધરાવનાર હોય છે. આવી સ્થિતીમાં રોજગારીને લઇને જટિલ સમસ્યા ઉભી થઇ રહી છે. કોઇ સમય એન્જિનિયરિંગને પ્રતિષ્ઠાની નજરથી જોવામાં આવતી હતી. જો કે હવે આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને સારી નોકરી અને રોજગારીની સારી તક મળી રહી નથી. સ્થિતી એ સર્જાઇ ગઇ છે કે આગામી બે વર્ષ સુધી નવા એન્જિનિયરિંગ કોલેજ ખોલવા માટે કોઇની અરજીને સ્વીકાર કરવામાં આવનાર નથી. કેટલાક વિદ્યાર્થીઓ હજુ પણ માને છે કે આમાં સારી તક રહેલી છે. જો કે નિષ્ણાંતો માને છે હવે એન્જિનિયરિંગના શિક્ષણને વધારે રોજગારલક્ષી બનાવવા પર ધ્યાન આપવાની જરૂર છે.

એલર્ટ : હાર્ટ સંબંધિત રોગના ખતરાને વધારે છે

મેન્થોલયુક્ત ઇ-સિગારેટ

મેન્થોલયુક્ત ઇ-સિગારેટ ખુબ ખતરનાક છે. ઇ-સિગારેટ તરફ આધુનિક સમયમાં લોકો વધી રહ્યા છે ત્યારે આ બાબતને ગંભીરતાથી ધ્યાનમાં લેવાની જરૂર છે. છ જુદા જુદા પ્રકારના અને ફ્લેવરના ઇ-સિગારેટમાં પ્રયોગ કરવામાં આવતી ચીજો નુકસાન કરે છે. આ ઇ-સિગારેટમાં ગળ્યુ તમાકુ, બટરસ્કોચ, મેન્થોલ અને દાળખાંડ જેવી ચીજોની ચકાસણી કરવામાં આવી ચુકી છે. આ તમામ ચીજવસ્તુઓમાં વ્યાપક અભ્યાસ કર્યા બાદ ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. અભ્યાસ બાદ કહેવામાં આવ્યુ છે કે ઇલેક્ટ્રોનિક સિગારેટમાં ઉપયોગ કરવામાં આવતા મસાલા હાર્ટ સંબંધિત રોગના ખતરાને વધારી દે છે. અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજીમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે નિકોટિન ન હોવાની સ્થિતીમાં પણ આ ચીજો લોહીના સંપર્કમાં આવ્યા બાદ એન્ડોથેલિયલ કોશિકામાં ડીએનએને નુકસાન કરે છે. શોધ કરનાર નિષ્ણાંતોએ છ અલગ અલગ ઇ-પ્રવાહી સ્વાદમાં ચકાસણી કરી હતી. જેમાં ફળ, તમાકુ, વનિલાની સાથે ગળ્યા તમાકુ, બટરસ્ટોચનો સમાવેશ થાય છે. મનોવૈજ્ઞનિક કારણોસર જોવામાં આવે તો તમાકુની ટેવ પડી જાય છે. જેને છોડવા માટે નિયમિત ભરપુર પ્રમાણમાં લિક્વિડ, ફળ, સાકભાજી લેવામાં આવે તે જરૂરી છે. મેડિટેશન પણ સારી બાબત છે. સમાહમાં ચાર દિવસ ત્રણ કિલોમીટર ચાલવાની ટેવ પાડવામાં આવે તે જરૂરી છે.

સફળતા માટે ડરને બિલકુલ દુર કરો

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઇને ચિંતા કરવાની કોઇ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે. લાઇફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઇ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઇને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઇટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઇપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઇ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી. વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઇ કરી બતાવવાની ઇચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઇ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઇ શકાશે. જો તમે કોઇ સપના જોઇ રહ્યા છો અને કોઇ પણ પ્લાનિંગ વગર તમે કોઇ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઇને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઇ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઇચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે. સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે. સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે. આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઇ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી.

આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.

ટ્રમ્પે યુરોપ પર ૩૦ દિવસનો ટ્રાવેલ પ્રતિબંધ લગાવ્યો, કહ્યુ- યુરોપિયન યુનિયને ઈન્ફેક્શનથી બચવા માટે કોઈ ખાસ ઉપાય નથી કર્યા

કોરોનાની ઝપટમાં ૧૨૦ દેશ, મોતનો આંકડો ૪૬૦૦ને પાર, ૧.૨૫ લાખ લોકોને ઈન્ફેક્શન

વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર યુરોપમાં આગામી ૩૦ દિવસ સુધી ટ્રાવેલિંગમાં પ્રતિબંધ લગાવી દીધો છે. એટલે કે યુરોપના દેશોમાંથી કોઈ પણ યાત્રી એક મહિના સુધી અમેરિકા નહીં જઈ શકે. જોકે આ પ્રતિબંધમાં યુકેને છૂટ આપવામાં આવી છે. અમેરિકામાં કોરોના વાઈરસના અત્યાર સુધીના ૧૨૦૦ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન હોલિવૂડ સ્ટાર અને ઓસ્કાર વિજેતા ટોમ હેન્કસ અને તેમની પત્ની રીટા વિલ્સનને પણ આ વાઈરસનું ઈન્ફેક્શન લાગ્યું છે. ઈટાલીમાં પણ સતત મૃત્યુઆંક વધી રહ્યો છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૬ લોકોના મોત સાથે કુલ મૃત્યુઆંક ૮૨૭ થઈ ગયો છે.

બુધવારે દેશના નામે આપેલા સંદેશમાં ટ્રમ્પે કહ્યું છે કે, યુરોપિયન યૂનિયને કોરોના વાઈરસથી પ્રભાવિત ચીન સહિત અન્ય દેશો પર યાત્રા સહિત કોઈ પણ પ્રતિબંધ લગાવવામાં નિષ્ફળ રહ્યા છે. અમે યુરોપથી આવતી દરેક ફ્લાઈટ્સ પર ૩૦ દિવસ સુધી પ્રતિબંધ લગાવી દીધો છે. યુકે પર આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો નથી. ચીન બહાર સૌથી વધુ પ્રભાવિત દેશમાં ઈટાલી છે જ્યાં વાઈરસના કારણે અત્યાર સુધી કુલ ૮૨૭ લોકોના મોત થયા છે. ઈટાલીમાં રાષ્ટ્રીય નાગરિક સુરક્ષા એજન્સીના પ્રમુખ અંજેલો બોરેલીએ જણાવ્યું છે કે, અહીં કોરોના વાઈરસના કારણે ઈન્ફેક્ટેડ લોકોની સંખ્યા વધીને ૧૨,૪૬૨ થઈ ગઈ છે. બોરેલીએ કહ્યું છે કે, અહીં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૯૬ લોકોના મોત થયા છે. મૃત્યુ પામનાર લોકોમાં મોટા ભાગના લોકો ૮૦થી ૯૦ વર્ષના છે. ઈટાલીમાં ઉત્તરી લોમ્બાર્ડી કોરોના વાઈરસથી સૌથી વધારે પ્રભાવિત છે. અહીં સૌથી વધુ લોકોના મોત થયા છે.

યસ બેંક બાદ હવે કર્ણાટક બેંકના ગ્રાહકો ટેન્શનમાં..!

કર્ણાટક બેંકે કર્યો ખુલાસો- બેંક આર્થિક રીતે સધ્ધર છે, અફવાઓ પર ધ્યાન ન આપશો

ન્યુ દિલ્હી

પંજાબ અને મહારાષ્ટ્ર સહકારી બેંક અને યસ બેંક ડૂબી જવાના આરે છે ત્યારે કર્ણાટક બેંકના ગ્રાહકો ચિંતામાં હોવાના અહેવાલ મળી રહ્યાં હતા. જો કે કર્ણાટક બેંકના સત્તાવાળાઓએ થાપણદારોને તેમના નાણાંની સુરક્ષાની ખાતરી આપી હતી અને કહ્યું હતું કે તેની પાસે મજબુત આધાર છે અને તેમની જરૂરિયાતોને પહોંચી વળવા પૂરતી મૂડી છે. બેંકે કહ્યું કે થાપણદારોને ગભરાવાની જરૂર નથી.

બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી મહાબળેશ્વર એમ.એસ. દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું કે, "અમે બેંકની આંતરિક નીતિ હેઠળ સંપત્તિ પરના વજનના જોખમ માટે રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત મર્યાદાથી વધારાની મૂડી પર્યાપ્તતાનો ગુણોત્તર જાળવી રહ્યા છીએ." ઓડિટ કરેલી બેલેન્સશીટ અનુસાર ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં આ રેશિયો ૧૩.૧૭ટકા હતો. મહાબળેશ્વરે ગ્રાહકોને જણાવ્યું હતું કે ટેલિવિઝન અથવા સોશિયલ મીડિયા પર બેંક વિશેના ભ્રામક સમાચારથી મુંઝવણમાં ન આવે. કર્ણાટક બેંક અગાઉ, આરબીએલ બેંક અને કરુર વૈશ્ય બેંકે પણ સમાન નિવેદનો જારી કરીને ગ્રાહકોને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો હતો.



મધ્યપ્રદેશમાં કોંગ્રેસનો હાથ છોડીને ભાજપનો ભગવો ધારણ કરી લીધો છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા સિંધિયાના સ્વાગત માટે શહેરમાં ઠેકઠેકાણે પોસ્ટર લગાવી દીધા છે. પરંતુ ભોપાલમાં લાગેલા પોસ્ટર પર સ્યાહી ફેંકવામાં આવી છે. ભોપાલના પોલિટેકનિક ચોક પાસે લાગેલા પોસ્ટરને ફાડી દેવામાં આવ્યું છે. ઉપરાંત જ્યાં જ્યોતિરાદિત્ય સિંધિયાની તસવીર લાગેલી છે તેના પર સ્યાહી ફેંકવામાં આવી છે.

ભોપાલમાં જ્યોતિરાદિત્ય સિંધિયાનો વિરોધ, પોસ્ટર પર સ્યાહી ફેંકાઇ

ભોપાલ

મધ્યપ્રદેશમાં કોંગ્રેસનો હાથ છોડીને ભાજપનો ભગવો ધારણ કરી લેનારા દિગ્ગજ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાનું આજે ભોપાલમાં ભવ્ય સ્વાગત થવાનું છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા સિંધિયાના સ્વાગત માટે શહેરમાં ઠેકઠેકાણે પોસ્ટર લગાવી દીધા છે. પરંતુ ભોપાલમાં લાગેલા પોસ્ટર પર સ્યાહી ફેંકવામાં આવી છે.

ભોપાલના પોલિટેકનિક ચોક પાસે લાગેલા પોસ્ટરને ફાડી દેવામાં આવ્યું છે. ઉપરાંત જ્યાં જ્યોતિરાદિત્ય સિંધિયાની તસવીર લાગેલી છે તેના પર સ્યાહી ફેંકવામાં આવી છે.

ભાજપમાં સામેલ થયા બાદ સિંધિયા પ્રથમ વખત ભોપાલ આવશે. બુધવારે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા શિવરાજ સિંહ ચૌહાને પણ તેમનું પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. શિવરાજે ટ્વિટ કરીને લખ્યું હતું, સ્વાગત છે મહારાજ, સાથે છે શિવરાજ. જે બાદ સિંધિયાએ પણ તેમની સાથે કામ કરવાની ખુશી વ્યક્ત કરી હતી.

કઈ સ્થિતિમાં જાહેર કરવામાં આવે છે મહામારી? WHO ક્યારે અને કેમ લે છે આ નિર્ણય?

ન્યુ દિલ્હી

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એ કોરાના વાયરસને મહામારી જાહેર કરી દીધો છે. કોરોના વાયરસ પર સ્વાસ્થ્ય મંત્રાલય પણ એલર્ટ મોડમાં છે. આવો જાણીએ મહામારી ક્યારે અને કેવી રીતે જાહેર કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં કોરોના વાયરસથી પીડિતોની સંખ્યા ૭૩ થઈ ગઈ છે. પીડિત લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ વાયરસનાં કારણે ભારત સરકારે સજ્ઞ પગલા ઉઠાવતા દુનિયાનાં તમામ દેશો માટેનાં વીઝા રદ્દ કરી દીધા છે. આ વીઝા અત્યારે ૧૫ એપ્રિલ સુધી રદ્દ કરી દેવામાં આવ્યા છે.

આનો મતલબ એ છે કે દુનિયાનો કોઈપણ નાગરિક કોરોના વાયરસનાં કારણે ભારતમાં નહીં આવી શકે. ફક્ત ડિપ્લોમેટ્સને આવવા માટે છૂટ છે. મેડિકલ સાયન્સની ભાષામાં પૈનડેમિક બીમારી એવી સ્થિતિને કહેવામાં આવે છે જેના કારણે દુનિયાભરમાં એક જ સમયે મોટી સંખ્યામાં લોકો ચેપગ્રસ્ત થઈ જતા હોય. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૯માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એ સ્વાઈન ફ્લૂને મહામારી જાહેર કરી દીધો હતો, જેના કારણે અનેક લોકોનાં જીવ ગયા હતા.

જ્યારે કોઈ બીમારી લોકોમાં સરળતાથી ફેલાય છે તો તે બીમારીને મહામારી જાહેર કરવાની શક્યતાઓ વધી જાય છે. એકવાર મહામારી જાહેર થયા બાદ સરકારો અને સ્વાસ્થ્ય પ્રણાલીઓએ એ ખાતરી કરવાની આવશ્યકતા રહે છે કે તેઓ આના માટે તૈયાર છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર એવી રીતે નક્કી નથી થતુ કે મહામારીની જાહેરાત ક્યારે કરવી છે. આની કોઈ સીમા નથી. એક નિશ્ચિત સંખ્યામાં મૃત્યુ અથવા સંક્રમણ ઝડપથી વધે છે ત્યારબાદ મહામારી જાહેર કરવાની સંભાવના વધી જાય છે. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસ માટે કોઈ વેક્સીન અથવા ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી અને આ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

૫૦ હજારથી વધુનું ટ્રાન્ઝેક્શન કરનારા ૨ લાખને આઈટીની એસએમએસ નોટિસ

ન્યુ દિલ્હી

સામાન્ય રીતે લાખો રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરનારાઓને આવકવેરા વિભાગની નોટિસ મળે તો નવાઈ ન લાગે. પરંતુ ૫૦ હજારથી વધુના ટ્રાન્ઝેક્શન પર પણ હવે નોટિસ મળી રહી છે. અમદાવાદ શહેરમાં ૫૦ હજારથી વધુનું ટ્રાન્ઝેક્શન કરનારા ૨ લાખ લોકોને આવકવેરા વિભાગે નોટિસ પાઠવી છે.

જે કરદાતાઓએ બેંકમાં ૫૦ હજારથી વધુનું ટ્રાન્ઝેકશન કર્યું છે તેમને ઈક્મટેક્સ વિભાગે મેસેજ કરીને નોટિસ પાઠવી છે. પાન નંબર પર હાઈ વેલ્યૂના ટ્રાન્ઝેક્શન થયા હોવાના કારણે ટેક્સ ભરવાનો થતો હોવાનું જણાવીને ૧૫ માર્ચ પહેલા એડવાન્સ ટેક્સ ભરી દેવા સૂચના આપવામાં આવી છે. કોઈ કરદાતાએ ફિક્સ ડિપોઝિટ, નિવૃત્ત લાભ, પોસ્ટ ઓફિસમાં ઈન્વેસ્ટમેન્ટ, નાના-મોટા હાઉસ હોલ્ડ ખર્ચ વગેરે માટે બેંકમાં જમા કરાવેલી રકમને ધ્યાનમાં રાખીને કરદાતાઓને મેસેજથી નોટિસ અપાઈ રહી છે.મહત્વનું છે કે બેંક એકાઉન્ટને પાનકાર્ડ અને આધાર કાર્ડ સાથે જોડવામાં આવતાં કરદાતાએ કરેલા વ્યવહારોની જાણ આઈટી વિભાગને થઈ જાય છે. આ ઉપરાંત કરદાતાએ કરેલી રહેણાંક મિલકતોની ખરીદી, બેંકમાં એફડી, કરન્ટ એકાઉન્ટમાં કેસ ડિપોઝિટ, ક્રેડિટ કાર્ડનું પેમેન્ટ, બોન્ડ, ડિબેન્ચર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણને ધ્યાનમાં લઈને ઈક્મટેક્સ વિભાગે તપાસ શરૂ કરી છે.

સિંધિયાના સ્વાગત માટે ભાજપે લગાવેલા પોસ્ટરો કમલનાથ સરકારે હટાવ્યા

ભોપાલ

ભાજપમાં જોડાવા બદલ જ્યોતિરાદિત્ય સિંધિયાનુ સ્વાગત કરવા માટે ભાજપના કાર્યકરોએ મધ્યપ્રદેશમાં લગાવેલા પોસ્ટરો કોંગ્રેસની કમલનાથ સરકારે ઉતારવા માંડ્યા છે. આ પહેલા સિંધિયાએ દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી રાજનાથસિંહ સાથે મુલાકાત કરી હતી. ભાજપમાં જોડાયા બાદ સિંધિયા ભોપાલ જઈ રહ્યા છે. જ્યાં તેઓ શુક્રવારે રાજ્ય સભા માટે ભાજપમાંથી ઉમેદવારી નોધાવશે. દરમિયાન સિંધિયાના સમર્થનમાં મધ્યપ્રદેશ કોંગ્રેસમાં ૧૦૦૦૦ નેતાઓ અને કાર્યકરોએ રાજીનામુ આપ્યા હોવાના અહેવાલો પણ મળી રહ્યા છે. જોકે સિંધિયાના સ્વાગત માટે ભાજપે ભોપાલમાં ઠેર ઠેર લગાવેલા પોસ્ટરો હવે કોંગ્રેસની સરકારે હટાવવા માંડ્યા છે. એક સ્થળે સિંધિયાના ફોટા પર શાહી ફેંકવામાં આવી હતી.એક જગ્યાએ પોસ્ટરો ફાડવામાં આવ્યા હતા.

કોરોનાવાઈરસથી નહીં ડરવા પીએમ મોદીની જાહેર અપીલ ટ્વીટ કરીને પ્રજાજોગ કરી અપીલ-સરકારે પગલા ભર્યા છે, ગભરાશો નહીં

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ચીનની ભયાનક રોગ કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યા વધતાં લોકોને નહીં ગભરાવવાની અપીલ કરી છે.

પીએમ મોદીએ આજે પોતાના ટ્વિટમાં લોકોને નહીં ગભરાવવાની અને કોરોના સામે સાવચેતી રાખવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, આગામી દિવસોમાં કેન્દ્ર સરકારનો કોઈ મંત્રી વિદેશ જશે નહીં.

પીએમ મોદીએ ટ્વિટ કર્યું હતું કે સરકાર કોરોના વાયરસથી સર્જાયેલી પરિસ્થિતિ પ્રત્યે સંપૂર્ણ રીતે સજાગ છે અને બધાની સલામતી સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા છે.

કોરોના વાઈરસનો ડર: દુનિયાના અમીરો સ્પેશિયલ જેટ અને બંકરો બુક કરાવે છે

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ મહામારી ૧૨૦ દેશોમાં ફેલાઈ ચૂકી છે અને તેની અસર સમગ્ર દુનિયામાં જોવા મળી રહી છે. અમેરિકા, યુકે અને યુરોપીય દેશોમા અમીરો તેનાથી બચવા માટે પ્રાઈવેટ જેટ, બંકર અથવા અંડર ગ્રાઉન્ડ શેલ્ટર હોમ બુક કરાવી રહ્યા છે. જેથી સંકટ વધતા તેઓ પોતાની જાતને દુનિયાથી અલગ કરી શકે. અમુક લોકોએ તો તે માટે પોતાના સ્પેશિયલ જેટને તૈયાર રાખવા કહ્યું છે. જેથી તેઓ સરળતાથી તે જગ્યાઓ માટે ઉડાન ભરી શકે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, આ અમીરોએ તેમના જેટમાં સારવાર માટે પર્સનલ ડોક્ટર્સ અને નર્સને પણ રાખવાની તૈયારી કરી છે જેથી તેમના પરિવારના સભ્યોને આ ઈન્ફેક્શન ન લાગે અને તેઓ સારવાર લઈ શકે. તે માટે તેઓ હાર્લે સ્ટ્રીટ લંડન સહિત સમગ્ર દુનિયાના ડોક્ટર્સના સંપર્કમાં છે. તે સાથે જ તેઓ અંગત કોરોના વાઈરસના ટેસ્ટની પણ માંગણી કરી રહ્યા છે.

લંડન સ્થિત હાર્લે સ્ટ્રીટના એક પ્રાઈવેટ ક્લીનિકના ચીફ એક્ઝીક્યુટીવ અને મેડિકલ ડાયરેક્ટર માર્ક અલીએ જણાવ્યું કે, દુનિયાના અમીર લોકો તરફથી અમારી પાસે આવી માંગણી આવી રહી છે. તેઓ અમારી પાસેથી પ્રાઈવેટ ટેસ્ટની માંગણી કરી રહ્યા છે. આ પ્રકારના ટેસ્ટ કરવા અમારા માટે શક્ય નથી. કારણકે ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સોશિયલ કેર દ્વારા ફરજિયાત કરવામાં આવ્યું છે કે દરેક ટેસ્ટ એનએચએસ અને પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ દ્વારા જ કરવામાં આવશે. હાર્લે સ્ટ્રીટ ક્લીનિકમાં આવેલા અન્ય એક ક્લીનિકના કર્મચારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે, આવા દર્દીઓ માટે બીજા દેશોમાંથી પ્રાઈવેટ કોરોના વાઈરસ ટેસ્ટ કરવામાં આવી શકે છે અથવા તેમના નમૂના ટેસ્ટ માટે અન્ય દેશમાં મોકલવામાં આવી શકે છે. બીજી બાજુ અલીએ જણાવ્યું કે તેમના ક્લાઈન્ટ કોવિડ-૧૯ વેક્સીન માટે પણ કહી રહ્યા છે. જોકે તેઓ જાણે છે કે, વેક્સીનને બનવામાં હજી એક વર્ષ કરતા વધારે સમય થઈ શકે છે.

પ્રાઈવેટ જેટ બુકિંગ સર્વિસ પ્રાઈવેટ ફ્લાઈટના ચીફ એક્ઝીક્યુટિવ એડમ ટ્રિવેડેલે જણાવ્યું કે, કોરોના વાઈરસથી સૌથી વધારે પ્રભાવિત દેશોમાંથી વધારે ડિમાન્ડ આવી રહી છે. તેઓ ઈમરજન્સીની સ્થિતિમાં ઘરેથી સુરક્ષીત જગ્યાએ લઈ જવા માટે પ્રાઈવેટ જેટ બુક કરાવા માંગે છે. પ્રાઈવેટ ફ્લાઈટ સર્વિસનું લંડન અને અમેરિકામાં મુખ્ય કાર્યાલય છે.

ટ્રિવેડેલે જણાવ્યું કે, ઈટાલીમાં લોકડાઉન પછી ડિમાન્ડ વધી રહી છે. યુકે અને અન્ય યુરોપીય દેશોમાંથી બહાર નીકળવા માટે અમારા ક્લાઈન્ટ્સ ફ્લાઈટનું એડ્વાન્સ બુકિંગ ઈચ્છે છે. તેઓ એની કોઈ પણ કિંમત આપવા માટે તૈયાર છે. નોંધનીય છે કે, છેલ્લા એક સમાહથી ઈટાલી સંપૂર્ણ રીતે લોક ડાઉન છે. અહીં ૬ કરોડ લોકોને ઘરમાં રહેવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

અરબપતિઓ માટે પ્રાઈવેટ જેટની વ્યવસ્થા કરનાર કંપની ક્વેંટસેંસઅલીએ જણાવ્યું છે કે, જે લોકો પ્રાઈવેટ જેટનો ખર્ચ નથી ઉપાડી શકતા તેઓ પ્રાઈવેટ એરપોર્ટ લોન્જમાં રહેવા માટે કરાર કરવા ઈચ્છે છે. ક્વેંટસેંસઅલીએ જણાવ્યું છે કે, તેમના એક સભ્યએ પોતાના ઘરને મિલેટ્રી સ્ટાઈલ બંકરમાં ફેરવી દીધું છે. કોઈ પણ વ્યક્તિ તેમના આ ઘરમાં ત્યાં સુધી ન જઈ શકે જ્યાં સુધી તે સંપૂર્ણ માહિતી ન આપી શકે.

કેલિફોર્નિયામાં આવેલા અંડર ગ્રાઉન્ડ કંન્સ્ટ્રકશન કરનારી કંપની વિવોસ ગ્રૂપે જણાવ્યું કે, તેમને છેલ્લા એક સમાહથી બંકર અને અંડરગ્રાઉન્ડ શેલ્ટરને ખરીદવા માટે ફોન અને ઈમેલ આવી રહ્યા છે. વિવોસે અમેરિકાના સાઉથ ડિકોટામાં બીજા વિશ્વ યુદ્ધ પછી ૫૭૫ કોંક્રિટના બંકર બનાવ્યા હતા. એક બંકરમાં ૮૦ લોકો રહી શકે છે.

બળવાખોર સભ્યોને મળવા ગયેલા મ.પ્ર.ના મંત્રીની અટકાયતથી ખળભળાટ

બેંગ્લૂરુ

ભાજપ શાસિત કર્ણાટક રાજ્યના પાટનગર બેંગ્લૂરુમાં જ્યાં મધ્યપ્રદેશના કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોને રાખવામાં આવ્યાં છે તેમને મળવા અને પાર્ટીમાં પરત આવવા સમજાવવા માટે કમલનાથ સરકારના મંત્રી જીતુભાઈ પટવારી ટેકેદાર સાથે પહોંચ્યા ત્યારે પોલીસ દ્વારા તેમને અટકાવવામાં આવતાં મામલો બિચકી ગયો હતો અને પોલીસ તથા મંત્રીની વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. એક તબક્કે પોલીસે મંત્રી અને લખનસિંહ નામના કાર્યકરની અટકાયત કરતાં રાજકિય ગરમાગરમી સર્જાઈ હતી. કોંગ્રેસે પોતાના મંત્રીને મુક્ત કરવાની માંગણી કરી હતી.સૂત્રોએ કહ્યું કે સરકાર બચાવવા સીએમ કમલનાથ સરકારના એક મંત્રીને બેંગ્લુરૂ મોકલવામાં આવ્યાં છે. તેઓ કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોને રખાયા છે તે સ્થળે પહોંચ્યા ત્યારે તેમને અટકાવવામાં આવ્યાં હતા. જેને લઈને મંત્રી પટવારી અને પોલીસ વચ્ચે બોલાચાલી અને હાથોહાથની મારામારી જેવા દ્રશ્યો સર્જાયા હતા. તેઓ બળવાખોર ધારાસભ્યોને સમજાવવા ગયા હતા. જો કે ત્યારબાદ કર્માટક પોલીસ દ્વારા મંત્રીની અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ છે.

દિગ્વિજય સિંહનો આરોપ, ભાજપે ધારાસભ્યોના બંધક બનાવ્યા છે

ન્યુ દિલ્હી

કોંગ્રેસના દિગ્ગજ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ બુધવારે ભાજપમાં જોડાયા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત બાદ સિંધિયાએ બુધવારે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાની હાજરીમાં ઔપચારિકપણે ભાજપમાં જોડાયા.

મધ્યપ્રદેશમાં રાજકિય સ્થિતિ પર દિગ્વિજય સિંહે કહ્યું કે, ફ્લોર ટેસ્ટ થઈ શકે નહી, કારણ કે ૧૯ ધારાસભ્યોનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું નથી. તેમણે રૂબરૂ અધ્યક્ષ સામે આવીને જણાવવું પડશે. તેમણે આરોપ લગાવતા કહ્યું કે આ ધારાસભ્યોને ભાજપ ધારાસભ્યોએ બંધક બનાવી રાખ્યા છે. ભાજપે ભોપાલમાં સિંધિયાના સ્વાગત માટે તૈયારી કરી છે. આજે સિંધિયા ભોપાલની મુલાકાતે આવશે. એરપોર્ટથી ભાજપ કાર્યાલય સુધી તેમના રોડ શોની તૈયારી કરવામાં આવી છે. અહીંથી તેઓ ભાજપ કાર્યાલય પં. દિનદયાળ પરિસર પહોંચશે.

કરોના ઈફેક્ટ: વિશ્વભરના ઈક્વિટી માર્કેટમાં હાહાકાર ડૂબાડ્યા અબજો રૂપિયા

મુંબઈ

ક્રૂડ ઓઈલ કિંમતોમાં મોટો ઘટાડો અને કોરોના વાઈરસ આપત્તિને કારણે વૈશ્વિક ઈક્વિટી બજારમાં વેચવાલી જોવા મળી રહી છે. આ ઘટાડાએ ઈક્વિટી માર્કેટમાં વિશ્વભરના અબજોપતિઓની હાલત કફોડી કરી નાખી છે. પાકિસ્તાનમાં શુક્રવારે હાલત એ હતી કે, શેરબજારનું ટ્રેડિંગ રોકવું પડ્યું. છેલ્લા કેટલાક દિવસોમાં શેર બજારમાં મોટા ઘટાડાને કારણે આ અબજોપતિઓની સંપત્તિમાં ભારે ઘટાડો થયો છે.

આ સૂચિમાં વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ જેફ બેઝોસથી માંડીને બિલ ગેટ્સ જેવા દિગ્ગજ નામો સામેલ છે. ગત દિવસના કારોબારથી એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની કુલ સંપત્તિમાં ૧.૩૪ અબજ ડોલર (લગભગ ૯,૯૨૮.૦૬ કરોડ)નો ઘટાડો થયો છે. માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સની સંપત્તિમાં પણ ૧.૨૧ અબજ ડોલર (લગભગ ૮૯૬૪.૮૯ કરોડ રૂપિયા)નો ઘટાડો થયો છે.

જેફ બેઝોસની કુલ સંપત્તિ ઘટીને હવે ૧૧૭ અબજ ડોલર (લગભગ ૮ લાખ ૬૬ હજાર કરોડ) થઈ ગઈ છે. બિલ ગેટ્સની કુલ સંપત્તિ ૧૧૧ અબજ ડોલર (લગભગ ૮ લાખ ૨૨ હજાર કરોડ રૂપિયા) પર આવી છે. અલીબાબાના સ્થાપક જેક માની સંપત્તિમાં ૧ અબજ ડોલર (લગભગ ૭,૪૦૯ કરોડ)નો ઘટાડો થયો છે.

આ ઉપરાંત ફોસના ફેશન મોગલ તરીકે ઓળખાતા બર્નાર્ડ અરનોલ્ટ, દિગ્ગજ રોકાણકાર અને બર્કશાયર હેથવેના માલિક વોરેન બફેટ, ફ્રાન્સના ઉદ્યોગપતિ ફ્રોંકોઈસ પિનોલ્ટ, ટેન્સેંટના પોની મા, ફેસબુકના માર્ક ઝુકરબર્ગની સંપતીમાં પણ સોમવારે ભારે ઘટાડો થયો છે.

સોમવારે વિશ્વના ઘણા મોટા સ્ટોક બજારોમાં ભારે વેચવાલી જોવા મળી. કોરોના વાઈરસની દહેશત વચ્ચે જાપાનનો નિક્કેઈ ૫.૦૭ ટકા, હોંગકોંગનો હેંગ સેંગ ૩.૫૫ ટકા, શાંઘાઈ કમ્પોઝિટ ૨.૭૬ ટકા નીચે બંધ થયો. વોલ સ્ટ્રીટ પર ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ સરેરાશ ૦.૯૮ ટકા, S&P ઈન્ડેક્સ ૧.૭૧ ટકા અને નાસ્ડેક કમ્પોઝિટમાં ૧.૮૭ ટકાનો ઘટાડો થયો છે.

ચીની વૈજ્ઞાનિકોનો દાવો, હવે માત્ર ૧૫ મિનિટ અને કોરોના વાયરસનો ખાત્મો

બેઝીંગ

ચીનમાં વૈજ્ઞાનિકોની ટીમ રોજબરોજ નવી-નવી શોધ કરી રહ્યા છે. કેટલાક દિવસ પહેલા વૈજ્ઞાનિકોની ટીમે ૨૯ મિનિટમાં કોરોના વાયરસનો ટેસ્ટ કરવા માટે એક કિટ ડેવલપ કરી હતી. હવે તેનાથી આગળ વધતા વૈજ્ઞાનિકોની ટીમે એક નવી એંટીબોડી ટેસ્ટિંગ કિટ ડેવલપ કરી છે. આ કિટમાં લોહીની એક બૂંદ નાંખી પરિક્ષણ કરવામાં આવશે.

કોરોના વાયરસની જાણકારી મળ્યા બાદ ૧૫ મિનિટની અંદર તેનાથી બચવાની રીત અપનાવી શકાય છે. ચીની મીડિયા અનુસાર આ કિટનો ઉપયોગ નવી જગ્યાઓ પર શરૂ કરી દેવામાં આવ્યો છે. જેના થકી એવા દર્દીઓની સારવાર શરૂ કરી શકાય. મીડિયા રિપોર્ટ અનુસાર આવી કિટનો ઉપયોગ હોસ્પિટલ, ક્લિનિક અને પરિક્ષણ પ્રયોગ શાળાઓમાં ઝડપી તપાસ માટે કરવામાં આવી શકે.

આથી કેટલાક દિવસ પહેલા ચીનનાં વૈજ્ઞાનિકોએ આ પ્રકારની જ એક નવી શોધ કરી હતી, આ અંતર્ગત વૈજ્ઞાનિકોએ દાવો કર્યો હતો કે, જે નવી કિટ ડેવલપ કરવામાં આવી છે જેના દ્વારા ૨૯ મિનિટમાં જ કોરોના વાયરસનો ટેસ્ટ કરી શકાશે. રાષ્ટ્રીય ચિકિત્સા ઉત્પાદ પ્રશાસન તરફથી આ કિટને એપ્રૂવલ માટે મોકલવામાં આવ્યું હતું. ગ્લોબલ ટાઇમ્સની રિપોર્ટ અનુસાર COVID-૧૯ એંટીબોડી માટે ૨૯ મિનિટમાં ઉપલબ્ધ પરિણામો સાથે રૈપિડ ટેસ્ટિંગ કિટને રાષ્ટ્રીય ચિકિત્સા પ્રત્પાદ પ્રશાસન દ્વારા અનુમોદિત કરવામાં આવ્યું છે.

જિયોમેન વિશ્વ વિદ્યાલયના નેતૃત્વમાં એક શોધ દળ દ્વારા આ કિટને વિક્સિત કરવામાં આવી છે. કિટનો ઉપયોગ linical cases suspected cases અને high-risk groupsની સ્કિનિંગ માટે કરવામાં આવી શકે છે. આ કિટનો ઉપયોગ કર્યા બાદ કોરોના વાયરસથી સંક્રમિત લોકોના સેમ્પલ લઇ તેમનું ખુબ જ જલ્દી પરિક્ષણ કરવામાં આવશે. તેના પછી ખુબ જ જલ્દી તેમની સારવાર કરવામાં આવશે. જેનાથી તેઓ રિકવર કરશે.

કિટને ડેવલપ કરનારાઓ તરફથી કહેવામાં આવ્યું છે કે, આ કિટનું ટેસ્ટ કોરોના વાયરસના કેન્દ્રમાં રહેલા વુહાનનાં ક્લિનિકમાં કરવામાં આવ્યું છે. તેના પછી જ તે પરિણામ પર પહોંચ્યા કે આ કિટ દ્વારા ૨૯ મિનિટમાં ટેસ્ટની જાણકારી મેળવી શકાય છે. ન્યૂક્લિયર એસિડ પરિક્ષણો અને એંટીબોડીની જાણકારી મેળવ્યા બાદ સંયોજને ઓળખવામાં સુધાર આવ્યો છે. કિટના ડેવલપરો અનુસાર COVID-19 માટે three antibody reagents ને યૂરોપિય સંઘ દ્વારા એપ્રૂવ કરવામાં આવ્યું છે. અને ઇટલી ઓસ્ટ્રેલિયા અને નેધરલેન્ડ સહિત દેશોને નિર્યાત પણ કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસનાં હાહાકાર વચ્ચે કેજરીવાલ સરકારે થિયેટરો બંધ કરાવ્યા

ન્યુ દિલ્હી

દિલ્હી સરકારે કોરોના વાયરસને મહામારી જાહેર કરી દીધી છે. સાથે જ દિલ્હીનાં તમામ સિનેમાઘરોને ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો આદેશ આપ્યો છે. દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કોરાના વાયરસનાં સંકટને જોતા દિલ્હીનાં સિનેમાઘરોને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત જે સ્કૂલો અને કૉલેજોની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે તેને પણ ૩૧ માર્ચ સુધી બંધ કરવામાં આવશે.

ભારતમાં કોરોના વાયરસનાં સતત કેસ વધી રહ્યા છે જેના કારણે દિલ્હી સરકારે આ પગલું ઉઠાવ્યું છે. અત્યાર સુધી દેશમાં કોરોના વાયરસનાં ૭૩ કેસ સામે આવી ચુક્યા છે. ગુરૂવારનાં ઉત્તર પ્રદેશ, લદ્દાખ, મહારાષ્ટ્રથી કેટલાક નવા કેસ સામે આવી રહ્યા છે. કોરોના વાયરસનાં કારણે આ વર્ષે ઇન્ડિયન પ્રીમિયર લીગ પર પણ સંકટનાં વાદળ છવાયેલા છે. આ તમામની વચ્ચે પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું છે કે દેશવાસીઓએ કોરોના વાયરસથી ડરવાની જરૂર નથી. સરકાર આને લઈને સતર્ક છે. દિલ્હી સરકારનાં આ નિર્ણયથી ફિલ્મો પર પણ ઘણી અસર પડશે. ૧૩ માર્ચનાં ઇરફાન ખાનની ફિલ્મ 'અંગ્રેજી મીડિયમ' રીલીઝ થવાની છે. ૨૦ માર્ચનાં 'સંદીપ અને પિંકી ફરાર' રીલીઝ થવાની છે અને ૨૪ માર્ચનાં અક્ષય કુમારની ફિલ્મ 'સૂર્યવંશી' રીલીઝ થવાની છે, પરંતુ દિલ્હીમાં સિનેમાઘરો બંધ થવાથી ફિલ્મોની કમાણી અને દર્શકોનાં મનોરંજન પર ઘણી જ અસર પડશે. ઉલ્લેખનીય છે કે હોલીવુડ એક્ટર ટોમ હેંક્સ અને રીટા વિલસનનાં કોરાના વાયરસ કેસ પોઝિટિવ આવ્યા છે. ટોમ હેંક્સે ટ્વીટ કરીને આની જાણકારી આપી હતી. ત્યારબાદ આખા વિશ્વનાં સિનેમા પર આનો પ્રભાવ જોવા મલી રહ્યો છે. બોલીવુડનાં પણ અનેક સ્ટાર્સે પોતાના વિદેશ પ્રવાસ રદ કર્યા છે. વિદેશ પ્રવાસ રદ કરનારા કલાકારોમાં દીપિકા પાદુકોણનું નામ પણ સામેલ છે.

એરપોર્ટ પર સ્ક્રિનિંગમાં બેદરકારીની શક્યતા નથીઃ સ્વાસ્થ્ય મંત્રી

ન્યુ દિલ્હી

સંસદના બજેટ સત્રાનું બીજું ચરણ સોમવારથી શરુ થયું છે. લોકસભામાં આજે સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને કહ્યું કે સ્ક્રિનિંગમાં બેદરકારીની કોઈ શક્યતા જ નથી. ૩૦ એરપોર્ટ પર સ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે. દરેક રાજ્યમાંથી રોજ હેલ્થ રિપોર્ટ મંગાવાઈ રહ્યા છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. ઈરાનમાં પણ લેબ બનાવવામાં આવી રહી છે. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, દેશમાં લોકોને સંકટમાં ન નાંખી શકીએ એટલે કોરોનાને લઈને જાગૃતતા લાવવામાં મદદ કરો. ૫૧ લેબમાં કોરોનાને લઈને ટેસ્ટ ચાલી રહ્યા છે. ઈટલીમાં ફસાયેલા વિદ્યાર્થીઓના સેમ્પલ લાવવામાં આવી રહ્યા છે.

લોકસભામાં કેન્દ્રીય મંત્રી ડો. હર્ષવર્ધને કહ્યું કે, એરપોર્ટ પર બહારથી આવેલા યાત્રીઓનું થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવે છે. કેટલાક લોકોને તે જ સમયે અલગ કરીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. જે લોકો પર શંકા હોય છે તેમનો તમામ ડેટા દ્રુઝહ્રુઝ પાસે દિલ્હી મોકલી દેવામાં આવે છે અને દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવે છે.

સરકારે કહ્યું કે, કોરોના વાયરસના કારણે ફેલાયેલા ડર વચ્ચે એરપોર્ટ પર આવનારા વિદેશી યાત્રીઓના આંકડામાં ઘટાડો નોંધાયો છે. કોરોના વાયરસના કારણે આ આંકડો ૭૦,૦૦૦ થી ૬૨,૦૦૦ પર પહોંચી ગયો છે. વિદેશ મંત્રી એસ.જયશંકરે લોકસભામાં કહ્યું કે, કોરોના વાયરસને જોતા વિદેશોથી જલ્દી જ ભારતીયોને પાછા લાવવામાં આવશે. તેમણે કહ્યું કે, મેડિકલ ટીમને વિદેશ મોકલવામાં આવશે. ઈરાનમાં તમામ ભારતીયો સુરક્ષિત છે. ઈરાનમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ સાથે તેમના પરિજનોએ મુલાકાત કરી. વિદેશમાં રહેનારા ભારતીય એમ્બેસીનો સંપર્ક કરે.

ઉલ્લેખનીય છે કે સત્રના પ્રથમ દિવસથી દિલ્હી હિંસાએ બંન્ને સદનોની કાર્યવાહીને પ્રભાવિત કરવામાં આવી છે. વિપક્ષનો વિરોધ શાંત થવાનું નામ જ લઈ રહ્યો નથી. લોકસભામાં તો કોંગ્રેસી સાંસદોને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે. સાથે જ આ વિરોધની તપાસ માટે કમીટીની રચના પણ કરવામાં આવી છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે, કોરોના વાયરસના મુદ્દે સંસદને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવાનો પ્રસ્તાવ નથી. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં કહ્યું કે, આ આંકડામાં વધારે ઘટાડો આવી શકે છે અને આ આશરે ૪૦,૦૦૦ સુધી પહોંચી ગયો છે. ઉલ્લેખનીય છે કે બુધવારના રોજ ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

સિંધિયાએ રાજકિય ભવિષ્યના ડરથી વિચારધારાને ખિસ્સામાં મુકીઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જ્યોતિરાદિત્ય સિંધિયાના ભાજપમાં સામેલ થવાને લઈને મોટું નિવેદન આપ્યું છે. જ્યોતિરાદિત્ય સિંધિયા પર નિશાન સાધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, આ એક વિચારધારાની લડાઈ છે. હું જ્યોતિરાદિત્ય સિંધિયાને સારી રીતે જાણું છું. તેમની સાથે મારી મિત્રતા જુની છે. અમે બંન્ને એક સાથે કોલેજમાં ભણ્યા છીએ. તે પોતાના રાજકિય ભવિષ્યને લઈને ડરેલા છે. તેથી તેમણે પોતાની વિચારધારાને ખિસ્સામાં રાખી દીધી અને ઈજીજી સાથે ચાલ્યા ગયા. જો કે તેમણે જે કર્યું તેનો તેમને જલ્દી જ અહેસાસ થશે ત્યાં તેમને સમ્માન નહી મળે.

આ દરમિયાન તેમણે દેશની આર્થિક સ્થિતીને લઈને મોદી સરકાર પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, દેશની આર્થિક સ્થિતી ખરાબ થઈ ચુકી છે. આજે શેર માર્કેટ અને સ્ટોક માર્કેટમાં જે થયું તે સૌની સામે છે. શેર માર્કેટ અને સ્ટોક માર્કેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મેં કહ્યું હતું કે કોરોના વાઈરસને ગંભીરતાથી લેવો જોઈએ પરંતુ સરકારે તેને ગંભીરતાથી નથી લઈ રહી, મોદી વિચારધારા અર્થવ્યવસ્થાને તબાહ કરી રહી છે.

સ્ટેટ બેંક ૧૦ રૂ.ના ભાવે ખરીદશે યસ બેંકના ૭૨૫ કરોડ શેર

મુંબઇ

ડૂબવાના આરે આવેલી ખાનગી યસ બેંકને બચાવવા માટેની જવાબદારી મોદી સરકાર તરફથી દેશની સૌથી મોટી સરકારી બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા-SBIને સોંપવામાં આવી છે. જેના ભાગરૂપે આજે સ્ટેટ બેંકની ઉચ્ચ સત્તાધીશ સમિતિ-ECCBએ યસ બેંકમાં રૂ. ૧૦ના ભાવે શેર ખરીદવાના પ્રસ્તાવને મંજૂર કર્યો છે. ગત સપ્તાહે યસ બેંકમાં અંકુશાત્મક હિસ્સેદારી ખરીદવાની જાહેરાત બેંક સત્તાધીશો દ્વારા થઈ હતી. જોકે રોકાણ અને અન્ય સંબંધિત નિર્ણયો બેંકની સેન્ટ્રલ બોર્ડની એક કમિટી કરતી હોય છે. આજે સ્ટેટ બેંકના ECCBએ યસ બેંકમાં રૂ. ૧૦ના ભાવે શેર ખરીદવાના પ્રસ્તાવને મંજૂર કર્યો છે. સ્ટેટ બેંકે રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યાં પ્રમાણે, બેંકની એક્ઝ્યુકિટીવ કમિટી ઓફ સેન્ટ્રલ બોર્ડ(ECCB)એ ૧૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ યોજાયેલ બેઠકમાં યસ બેંકના ૭૨૫ કરોડ શેર, પ્રત્યેક શેર રૂ. ૧૦ના ભાવે ખરીદવાના પ્રસ્તાવને મંજૂર કર્યો હતો. આ અંગે વધુ મંજૂરી નિયામકો પાસેથી મેળવવી પડશે.

૧૬થી બદલાશે ડેબિટ-ક્રેડિટ કાર્ડના નિયમો, ગમે ત્યારે કાર્ડને ચાલુ-બંધ કરી શકાશે

ન્યુ દિલ્હી

હવે ૨૪ કલાકમાં ગમે ત્યારે કાર્ડને ચાલું-બધં કરી શકાશેઃ ઓનલાઈન અથવા કોન્ટેકટલેસ લેવડ-દેવડ નહીં કરાઈ હોય તો તે સુવિધા નહીં મળે

જો તમે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે અત્યતં જરૂરી છે. જો તમે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડથી ૧૬ માર્ચ સુધી ઓનલાઈન અથવા કોન્ટેકસલેસ ટ્રાન્ઝેકશન નહીં કરો તો તમારા કાર્ડની આ સુવિધા બધં કરી દેવામાં આવશે એટલા માટે તમારા કાર્ડ પરની આ સર્વિસ યથાવત રાખવા માટે ૧૬ માર્ચ પહેલાં કમ સે કમ એક વખત તેનો ઉપયોગ જરૂર કરો. આ ઉપરાંત ૧૬ માર્ચથી બેક્રીંગ સાથે જોડાયેલા અનેક નિયમોમાં પણ ફેરફાર થઈ રહ્યા છે. આ ફેરફાર હેઠળ તમે ૨૪ કલાક સાતેય દિવસ કોઈ પણ સમયે પોતાના કાર્ડને ઓન-ઓફ કરી શકો છો અથવા લેવડ-દેવડની મર્યાદામાં પણ ફેરફાર કરી શકો છો.

રિઝર્વ બેક્રેને દેશની બેક્રોને કહ્યું છે કે કાર્ડ ઈશ્યુ અને રિ-ઈશ્યુ કરતી વખતે દેશમાં એટીએમ અને પીઓએસ ટર્મિનલ્સ પર માત્ર ડોમેસ્ટીક કાર્ડથી લેવડ-દેવડને જ મંજૂરી આપવામાં આવે એટલે કે જે લોકોને વિદેશ આવવા-જવાનું થતું નથી તેમના બેક્ર કાર્ડ ઉપર ઓવરસીઝ સુવિધા અપાશે નહીં.

આ ટેકનોલોજીથી મદદથી કાર્ડ હોલ્ડરને લેવડ-દેવડ માટે સ્વાઈપ કરાવવાની જરૂર નથી હોતી. પોઈન્ટ ઓફ સેલ મશીન સાથે કાર્ડને ટચ કરાવવાથી પેમેન્ટ થઈ જાય છે.



કોરોનાવાયરસની દહેશત સમગ્ર દુનિયામાં યથાવત છે. અત્યાર સુધી ૬૦થી વધુ દેશોમાં ૧,૨૧,૧૬૧નાં દર્દીઓની ઓળખ થઈ છે. ડોક્ટરોનું માનવું છે કે આ વાયરસ લોકોનાં સંપર્કમાં આવવાના કારણે થાય છે. આ કારણ છે કે હવે લોકો હસ્તધનૂન કરવાની જગ્યાએ ભારતીય પદ્ધતિ નમસ્તેથી એકબીજાનું અભિવાદન કરી રહ્યા છે. સૌથી પહેલા ઈઝરાયેલનાં પ્રધાનમંત્રી બેંજામિન નેતન્યાહુએ પોતાના દેશના લોકોને નમસ્તે દ્વારા એક બીજાને અભિવાદન કરવાની સલાહ આપી હતી. ત્યારે હવે ફ્રાન્સનાં રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મૈક્રોને પણ નમસ્તે કરીને અભિવાદન કરવાનો નિર્ણય કર્યો છે.



દેશમાં કોરોના વાયરસના વધી રહેલા કેસને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકાર સાવધાની દાખવી રહી છે. હવે માણસને જ નહીં પણ ભગવાનને પણ કોરોના વાયરસનો ડર લાગી રહ્યો છે. આ સંજોગોમાં વારાણસીના મંદિરોમાં પણ ભગવાનને માસ્ક પહેરાવવામાં આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓએ શિવલિંગને માસ્ક પહેરાવીને લોકોને સ્પર્શ દર્શન ન કરવાની વિનંતી કરી છે. મંદિરમાં કેટલાક શ્રદ્ધાળુઓ ભગવાનને કોરોનાથી બચાવવાના બેનર સાથે જોવા મળી રહ્યા છે. આ બીમારીથી બચવા માટે લોકો માસ્ક પહેરીને ઘરની બહાર નીકળે છે. હાલમાં માર્કેટમાં માસ્ક તેમજ હેન્ડ સેનિટાઈઝરની અછત સર્જાઈ ગઈ છે. ચેપથી બચવા માટે મોટાભાગના હોળી મિલન સમારોહ રદ કરી દેવામાં આવ્યા છે.

લો બોલો....પાકિસ્તાનમાં એક મહિલાના બે પતિ, ગર્ભવતી થઈ તો બંને પતિઓને કર્યો વિચિત્ર સોદો

લાહોર

મોટાભાગે તમે સાંભળ્યું હશે કે એક પતિ માટે બે પત્નીઓ વચ્ચે સમજૂતી થઈ. પરંતુ એવું પહેલીવાર સાંભળવામાં આવી રહ્યું છે કે એક પત્ની માટે પતિઓ વચ્ચે સમજૂતી થઈ. આ કેસ કંઈક એવો છે કે પત્નીને પૂર્વ પતિને સોંપી દીધી જેથી તે બાળકોનો યોગ્ય રીતે ઉછેર કરી શકે અને ગર્ભમાં ઉછેરી રહેલા બાળકની ડિલીવરી કરાવી શકે.

આ મામલો પાકિસ્તાનના લાહોર સ્થિત રાયવિંદ વિસ્તારનો છે. અહીં એક વ્યક્તિએ પોતાની પત્નીને તેના પૂર્વ પતિ પાસે મોકલી દીધી. જેથી તેની પત્ની બાળક પેદા કરી શકે અને તેમનો ઉછેર પૂર્વ પતિ કરી શકે. બંને પતિઓએ આ વિશે પોતાનું લેખિત નિવેદન પોલીસ મથકમાં નોંધાવ્યું છે.

મહિલાના વર્તમાન પતિએ સમજૂતીમાં લખ્યું છે કે મારી પત્ની રૂબિના બીબીને પૂર્વ પતિથી ૪ બાળકો છે. મારી પત્ની પોતાના બાળકોનો યોગ્ય ઉછેર ન થતાં મુશ્કેલી થતી હતી. એટલા માટે હું તેને તેની સહમતિથી તેને તેના પૂર્વ પતિ પાસે મોકલી દીધી છે.

હાલ પતિએ જણાવ્યું કે તેની પત્ની હજુ પણ ગર્ભવતી છે. તેને સમજૂતીમાં લખ્યું છે કે તે કોઈપણ સમયે આવીને પોતાની પત્નીને મળી શકે છે. સાથે જ એક વર્ષ થતાં બાળકો લઈ શકે છે. બાળકો થાય ત્યાં સુધી રૂબીના પોતાના પૂર્વ પતિ સાથે રહેશે. વર્તમાન પતિએ કહ્યું હું મારી પત્ની પરેશાન જોવા માંગતો નથી એટલા માટે હું આમ કરી રહ્યો છું. તો બીજી તરફ પૂર્વ પતિને કહ્યું કે રૂબીના અને બાળકોનું પુરૂ ધ્યાન રાખીશ. દરેક ખુશી આપવાનો પ્રયત્ન કરીશ.

પાકિસ્તાનના લોકલ મીડિયા અનુસાર આ કદાચ દુનિયાનો પહેલો પતિ હશે જેણે પરસ્પર સમજૂતી હેઠળ પત્ની શેર કરી છે. સમજૂતી બાદ બંને પતિઓને એકસાથે કહ્યું કે સમજૂતી ફક્ત એટલા માટે કરવામાં આવી છે જેથી તે મહિલા પોતાના બાળકો સાથે ખુશીથી રહી શકે.

ઈન્ટરનેટ અને કોલ રેઈટમાં તોળાતો ૫ થી ૧૦ ગણા વધારાનો ભય

ન્યુ દિલ્હી

નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે મોબાઈલ ડેટા અને કોલ માટે ન્યૂનતમ મૂલ્ય નક્કી કરવાને સમર્થન કયુ છે. કાંતે કહ્યું કે લોનમાં ડૂબેલી ટેલીકોમ સેકટર માટે બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી. હાલમાં ટેલીકોમ કંપનીઓ કોલ અને ડેટાના ભાવ નક્કી કરવા માટે આઝાદ છે, પરંતુ પ્રતિસ્પર્ધાના લીધે આ કંપનીઓએ રેગુલેટરી ઓથોરિટીને હસ્તક્ષેપ કરવા માટે કહ્યું છે.

હાલ દેશમાં મોબાઈલ યૂઝર ૪જી ડેટાને ૩.૫ પિયા પ્રમાણે ઉપયોગ કરે છે. હવે ટેલીકોમ કંપનીઓ આ ન્યૂનતમ રેટને વધારવાની માંગ કરી રહી છે. જો ટેલીકોમ કંપનીઓની વાત સ્વિકારી લેવામાં આવી તો, મોબાઈલ ઈન્ટરનેટના ભાવ ૫ થી ૧૦ ગણા વધી જશે. દેવામાં ડૂબેલી વોડાફોન-આઈડીયાએ ડેટાના ન્યૂનતમ મૂલ્યને ૩૫ પિયા પ્રતિ જીબી કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. તો બીજી તરફ (એરટેલ) આ મૂલ્યને ૩૦ પિયા પ્રતિ અને રિલાયન્સ જિયો (જીઓ) એ તેને ૨૦ પિયા પ્રતિ કરવાની માંગ કરી છે. હાલ વોડાફોન-આઈડીયા અને એરટેલના ડેટાના દર ૪ પિયા પ્રતિ અને રિલાય જિયોના હાલના દર ૩.૯૦ પિયા પ્રતિ છે. ટેલીકોમ રેગુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડીયા (ટીઆરએઆઈ) આ મામલે હલ તમામ પક્ષો સાથે વાતચીત કરી રહી છે. જોકે કોમ્પિટિશન કમીશન ઓફ ઈન્ડીયા (સીસીઆઈ) એ ન્યૂનતમ મૂલ્ય નક્કી કરીને એક ડગલુ પાછળ જવાનું પગલું ગણાવ્યું છે. સીસીઆઈનું કહેવું છે કે આમ કરવાથી બજાર પર ખરાબ અસર પડશે

દિગ્વિજય સિંહનો દાવો- ફ્લોર ટેસ્ટ દરમિયાન દંગ કરી દે તેવા પરિણામ જોવા મળશે

ન્યુ દિલ્હી

મધ્ય પ્રદેશની કમલનાથ સરકાર પર સંકટના વાદળો મંડરાઈ રહ્યાં છે. કોંગ્રેસમાંથી જ્યોતિરાદિત્ય સિંધિયાએ પાર્ટીને રાજીનામું આપી દીધા બાદ ભાજપનો હાથ થામી લીધો છે. જ્યારે સિંધિયાના ડગલે ચાલતાં ૨૨ ધારાસભ્યોએ પણ રાજીનામું આપી કમલનાથ સરકારની મુશ્કેલી વધારી દીધી છે. એક તરફ કોંગ્રેસ નારાજ ધારાસભ્યોને મનાવવાની કોશિશમાં છે, જ્યારે બીજી તરફ અન્ય ધારાસભ્યને ભોપાલથી જયપુર શિફ્ટ કરવામાં આવી ચૂક્યા છે. જ્યારે મધ્ય પ્રદેશની રાજનીતિમાં મચેલ ઉથલ-પાથલ પર રાજ્યના પૂર્વ સીએમ દિગ્વિજય સિંહનું નિવેદન આવ્યું છે.

ઈન્ડિયન એક્સપ્રેસને આપેલ ઈન્ટર્વ્યૂમાં દિગ્વિજય સિંહે કહ્યું કે તે જ્યોતિરાદિત્ય સિંધિયાના રાજીનામાની ઉમ્મીદ નહોતા કરી રહ્યા. દિગ્વિજય સિંહે કહ્યું કે, મને દુખ થાય છે કે જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોતાના પિતાની જયંતીના દિવસે જ આવું કર્યું. ખાસ કરીને મને એ વાતનું દુખ પહોંચ્યું છે કેમ કે અર્જુન સિંહ અને સંજય ગાંધી સાથે મળી મેં માધવરાવ સિંધિયાને કોંગ્રેસમાં લાવવાની ભૂમિકા નિભાવી જ્યારે તેમના મા જનસંઘ સાથે મજબૂતીથી ઉભા રહ્યાં હતાં. કોંગ્રેસે બંને સિંધિયા નેતાઓને ઘણું સન્માન આપ્યું અને તેમને મંત્રી પદ આપ્યું. માટે મને બહુ દુખ થાય છે. તેઓ અમારામાંથી એક હતા.

દિગ્વિજય સિંહને પૂછવામાં આવ્યું કે શું રાજ્યસભા માટે ના પાડવી સિંધિયાનુ પાર્ટી છોડવા પાછળનું કારણ હતું? જેનાપર પૂર્વ સીએમે આ અહેવાલોને ફગાવતા કહ્યું, તેમને કોણે ના પાડી હતી. અમે લોકો રાજ્યસભા માટે તેમના પક્ષમાં હતા. અમે તેમને પીસીસી અધ્યક્ષ નિયુક્ત કરવા અને એટલું જ નહિ તેમને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી બનાવવાનો પણ વિકલ્પ જોઈ રહ્યા હતા. આ વિશે મેં કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધી અને મહાસચિવ દીપક બાવરિયા સાથે પણ વાત કરી હતી.

ઉપલેટામાં ઘરફોડનો ભેદ ઉકેલાયોઃ આહિર શખસને ઝડપી મુદ્દામાલ કબજે કર્યો



ઉપલેટા

ઉપલેટામાં એકાદ માસ પહેલાં ખોજા પરિવારના મકાનમાં રોકડ, સોનાના દાગીના, ડોલર સહિત પાંચ લાખથી વધુ ચોરીનો ભેદ પોલીસે ઉકેલી આહિર શખસને ઝડપી લઈ તેની પાસેથી ૫,૩૭,૮૦૦નો મુદ્દામાલ કબજે કરેલ હતો. આરોપીને કોર્ટમાં રિમાન્ડની માગણી સાથે રજૂ કરતાં કોર્ટે આરોપી હમીર જલા કરમુરને બે દિવસના રિમાન્ડ મજૂર કર્યા હતા.

છેલ્લા કેટલાક સમય થયા જુદી જુદી જગ્યાએ ઘરફોડ ચોરીઓ થયાના બનાવ બનેલ હતા. આ બનાવો બાદ જેતપુરના ડીવાયએસપી સાગર બારમારની સૂચનાથી ઉપલેટાના પીએસઆઈ વી.એમ. લગારિયા અને તેમની ટીમ તપાસ ચલાવી રહી હતી.આ દરમિયાન મેરૂભાઈ મકવાણાને મળેલી બાતમીને આધારે ઉપલેટા આહિર સમાજ પાસે રહેતા હમીર જલાભાઈ કરમુર (ઉ.વ.૨૫)ને પકડી પાડી આગવીઢબે પૂછપરછ કરતાં સોનાનો ચેન, બે બુટી કિ.રૂ.૧,૦૫,૦૦૦, સોનાનો સેટ બુકી કિ.રૂ.૧,૦૫,૦૦૦, સોનાની બંગડી નંગ-૪ કિ.રૂ.૨,૧૦,૦૦૦, સોનાની લકકી-૧ રૂ.૩૫,૦૦૦ સહિત જુદા જુદા સોનાના દાગીના કિ.રૂ.૪,૯૦,૦૦૦, રૂ.૫ હજારનો મોબાઈલ ફોન તથા ૪૨૮૦૦ની કિંમતનું વિદેશી ચલણ યુરો તથા ડોલર મળીને કુલ રૂ.૫,૩૭,૮૦૦નો મુદ્દામાલ આરોપી હમીર કરમુર પાસેથી કબજે કરેલ છે.આ ચોરી ડો.ટોળિયા રોડ ઉપર આવેલ આરીફ ફરીદ બુધવારીના મકાનમાં થયેલ હતી. આ ચોરીનો ગુનો શોધવામાં પીએસઆઈ લગારિયા સાથે પો.કો. દેવાયતભાઈ, નિલેશભાઈ ચાવડા, દિનેશભાઈ ગોંડલિયા, ભાવેશભાઈ બોરીચા, મોનુભાઈ ધાંધલ, દિનેશભાઈ ગોહિલ તથા સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

ગુજરાતમાં ઉનાળુ વાવેતર ગત વર્ષની તુલનાએ બમણું થયું

ગાંધીનગર

ગુજરાતમાં ઉનાળુ વાવેતર શરૂ થઈ ગયું છે. પ્રારંભિક આંકડાઓ ગત વર્ષની તુલનામાં સારા વાવેતરના સંકેત આપી રહ્યા છે. તારીખ ૯ માર્ચ સુધીમાં રાજ્યભરમાં ૨લાખ ૫૨ હજાર ૩૦૫ હેકટરમાં ઉનાળુ વાવેતર થયું છે. જે આ સમયગાળામાં ગત વર્ષની તુલનામાં બમણાથી પણ વધુ છે.

હાલમાં રાજયમાં રવિ વાવેતર ખેતરોમાં કાપણી પર છે. તેમાય જીરું, ચણાની કાપણી શરૂ થઈ ગઈ છે. તો તારીખ ૯ માર્ચ સુધીમાં રાજ્યમાં ઉનાળુ વાવેતર કેટલું થયું છે તેના પર કરીએ નજર તો ડાંગરનું વાવેતર ગત વર્ષે ૨૧ હજાર ૧૦૩ હેકટર હતું જયારે ચાલુ વર્ષે ૪૬ હજાર ૫૦૩ હેકટર થયું છે. તો બાજરીનું ગત વર્ષે ૨૪ હજાર ૭૯૩ હેકટર વાવેતર થયું હતું, જયારે ચાલુ વર્ષે ૪૬ હજાર ૨૯ હેકટરમાં વાવેતર થયું છે.

મકાઈનું ગત વર્ષે ૧ હજાર ૬૪ હેકટર વાવેતર થયું હતું જયારે ચાલુ વર્ષે એક હજાર ૮૫૦ હેક્ટરમાં વાવેતર થયું છે. ગત વર્ષે મગનું ૫ હજાર ૬૪૭ હેક્ટરમાં વાવેતર થયું હતું. જયારે ચાલુ વર્ષે ૧૦ હજાર ૮૫૩ હેકટર જમીનમાં વાવેતર થયું છે. સાથે જ મગફળીમાં ગત વર્ષે ૬ હજાર ૫૪૮ તો ચાલુ વર્ષે ૧૯ હજાર ૨૬૯ હેકટર જમીનમાં વાવેતર થયું છે.

ગત વર્ષ તલનું ૨ હજાર ૫૧૨ હેકટર જમીનમાં વાવેતર થયું હતું જયારે ચાલુ વર્ષે ૧૪ હાજર ૨૦૫ હેક્ટરમાં વાવેતર થયું છે. સાથે જ શાકભાજીનું ગત વર્ષે ૧૭ હજાર ૮૦૪ હેક્ટરમાં વાવેતર તો ચાલુ વર્ષે ૩૧ હજાર ૫૯૯ હેકટર જમીનમાં વાવેતર થઈ ચૂક્યું છે.

લો બોલો...કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેનને ચપ્પૂની અણીએ લૂંટવાનો પ્રયાસ

ગાંધીનગર

ગુજરાતમાં મહિલાઓની સલામતીના મુદ્દે રૂપાણી સરકાર જે વિધાનસભામાં સબ સલામત દાવા રજૂ કરે છે તે વિધાનસભાના જ મહિલા ધારાસભ્યની કારને કેટલાક ઈસમો દ્વારા ચપ્પૂની દેખાડી ઊભી રાખવાનો મામલો સામે આવ્યો છે. કોંગ્રેસ મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પોતે વિધાનસભામાં આ વાત રજૂ કરી હતી. અધ્યક્ષની પરવાનગી લઈને વાવના કોંગ્રેસ મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે, મંગળવારે રાતે ૧૦ વાગ્યે તેઓ ભાભરથી ગાંધીનગર આવી રહ્યા હતા ત્યારે પાટણ જિલ્લાના કાંસા ચાર રસ્તા પાસે રોડ પર ઊભા રહેલા અમુક વ્યક્તિઓએ તેમની ગાડી રોકવાનો પ્રયાસ કર્યો હતો. સમય જોતા ડ્રાઈવરે ગાડી ઊભી રાખવાને બદલે ભગાવી દીધી હતી.

તેઓ કહે છે કે, આ મામલે તાત્કાલિક પાટણના જીંને ફોન લગાડ્યો હતો પણ સામેથી



કોઈ જવાબ મળ્યો નહીં. આગળ સુજનપુર પાટિયા પાસે પોલીસ વાહનો જોતા ત્યાં પોલીસને ઘટના અંગે જાણ કરી હતી. જો ધારાસભ્ય ફોન કરે અને પોલીસ તેમની વાતને ગંભીરતાથી ન લેતી હોય તો રાજયમાં જયારે વારંવાર બળાત્કારના આટલા કિસ્સાઓ સામે આવે છે, તે દીકરીઓનું શું થતું હશે. આ ગંભીર મુદ્દા અંગે પણ ગેનીબેન ઠાકોરે પ્રશ્ન કર્યો હતો.

ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું હતું કે, આ વાતને ગંભીરતાથી લઈને તપાસ કરાવીશ. અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ પણ આ વાતને ગંભીરતાથી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, આ મામલે યોગ્ય રીતના પગલા લેવા જરૂરી છે. ગેનીબેન ઠાકોરનો મુદ્દો છે કે જયારે એક સ્ન્છની વાતને જો પોલીસ દ્વારા ગંભીરતાથી લેવામાં ન આવતી હોય, તો સામાન્ય નાગરિક કે મહિલાઓની ફરિયાદને શું પોલીસ ગંભીરતાથી લેતી પણ હશે?

કમિશનરે વીડિયો જાહેર કરી અમદાવાદીઓને સાવચેત રહેવા કરી અપીલ

અમદાવાદ

કોરોના વાયરસ મુદ્દે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ (AMC Commissioner Vijay Nehra) પત્રકાર પરિષદ યોજી હતી. કમિશનર નહેરાએ પોતાના ટ્વિટરના માધ્યમથી અમદાવાદીઓને કોરોના વાયરસ (Coronavirus Threat) થી બચવા માટે અપીલ કરતો એક વીડિયો (Video) પણ જાહેર કર્યો છે. પત્રકાર પરિષદમાં નહેરાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસથી અમદાવાદીઓ (Coronavirus case in Ahmedabad) ડરવાની જરૂર નથી. માત્ર સાવચેતી કોરોના વાયરસનો મોટો ઈલાજ છે.

પત્રકાર પરિષદ દરમિયાન કમિશનર વિજય નહેરા સ્પષ્ટતા કરી હતી કે, અમદાવાદીઓએ ડરવાની કે ભયભીત થવાની જરૂર નથી. WHO તરફથી કોરોના વાયરસને મહામારી જાહેર કરવામાં આવી છે. હું અમદાવાદીઓ ખાસ અપીલ કરું છું કે જાગૃત થાઓ. લોકોએ સાથે હાથ મિલાવવાનું ટાળો. ભીડ હોય તેવી જગ્યાઓ પર જવાનો પણ ટાળો. વધુમાં કમિશનર વિજય નહેરાએ જણાવ્યું હતું કે, તમામ લોકોને માસ્કનો ઉપયોગ કરવાની જરૂર નથી. લોકોએ ખોટો ડર ઉભો ન કરવો જોઈએ. માસ્ક એવા જ વ્યક્તિએ પહેરવું જોઈએ જેમને કોરોના જેવા લક્ષણો દેખાતા હોય. સામાન્ય નાગરિકોએ માસ્કનો ઉપયોગ કરવો હિતાવહ નથી. એટલું જ નહીં, દરેક વ્યક્તિને સેનેટાઈઝરની જરૂરી નથી, પરંતુ હોથ જરૂરથી ધોવા જોઈએ. આ મામલે જરૂર લાગે તો ૧૦૪ નંબર પર કોલ કરી માર્ગદર્શન લેવું જોઈએ. નહેરાના જણાવ્યા પ્રમાણે કોરોના વાયરસ મુદ્દે અમદાવાદના તમામ કાઉન્સિલરોને પત્ર પણ લખવામાં આવશે. તેમના કહેવા પ્રમાણે તમામ કાઉન્સિલરો ડોર ટૂ ડોર જઈને લોકોને જાગૃત કરે તેવા ઉદેશ્ય સાથે આવો પત્ર લખવાની વિચારણા છે.

નોંધનીય છે કે કોરોના વાયરસના પગલે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે. ચાર હજારથી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. તેમજ લાખોની સંખ્યામાં લોકો કોરોના વાયરસનો શિકાર બન્યા છે. અમદાવાદ શહેરમાં પણ કોરોના વાયરસના શંકાસ્પદ કેસ નોંધાયા છે. આથી અમદાવાદીઓ આ મહામારીની ઝપેટમાં ન આવે તેના માટે ખાસ કાળજી લેવાની જરૂર છે. કમિશનર અને મેયર સહિત રાજ્ય સરકાર લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે.

ગીરગઢડાના પોકસોના ગુનામાં ત્રણ વર્ષથી ભાગતો ફરતો આરોપી ઝડપાયો

જુનાગઢ

એસ.ઓ.જી. ગીર સોમનાથ દ્વારા ત્રણ વર્ષથી નાસ્તો ફરતો પોસ્કોના આરોપીને ઝડપી જેલ હવાલે કરાયો હતો. ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી દ્વારા જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા બાબતે આપેલ સુચના અનુસાર ગીર સોમનાથ એસ.ઓ.જી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એલ.વસાવા તથા સબ ઈન્સ્પેક્ટર વી.આર સોનારાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી સ્ટાફ ના પોલીસ હેડ કોન્સ્ટેબલ નરેન્દ્ર વી. કછોટ, સુભાષ પી ચાવડા, નરવણસિંહ કે.ગોહિલ, ગોવિંદ વંશ તાલાલા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ નરેન્દ્ર કછોટ, સુભાષ ચાવડાને મળેલ સંયુક્ત બાતમીને આધારે ગીર ગઢડા પોલીસ સ્ટેશન ના ૨૦૦૭ ના , ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬ તથા પોસ્કો એકટ મુજબના ગુનાના કામમાં નાસતો ફરતો આરોપી પિયુસ ભીખાભાઈ ખસિયા કોળી ઉ.વ.૨૪ હાલ રહે. નવાગામ તા. મહુવા જી. ભાવનગર મૂળ રહે ગુંદરણ, તા.તાલાલાવાળાને ભોજદે ગામના પાટિયા પાસેથી ઝડપી લઈ સીઆરપીસી કલમ ૪૧(૧) (આઈ) મુજબ ધોરણની કાર્યવાહી કરી તાલાલા પોલીસ સ્ટેશન સોંપી જૈલ હવાલે કરેલ છે.

અમદાવાદમાં રખડતા ઢોરનો ત્રાસ દૂર નહીં થાય ત્યાં સુધી ઢોર પકડવામાં આવશેઃ નેહરા

અમદાવાદ

શહેરના ઢોરવાડામાંથી ૯૬ ઢોર ગાયબ થવા મુદ્દે આજે મ્યુનિસિપલ કમિશનર વિજય નેહેરાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું કે, એક વર્ષમાં ૨૫ હજારથી વધુ ઢોર પકડવામાં આવ્યા છે અને આ વિવાદને ઉકેલવા માટે તંત્ર કામ કરી રહ્યું છે. રખડતા ઢોરનો ત્રાસ દૂર નહીં થાય ત્યાં સુધી કામ કરીશું. કોઈને પણ આવેદનપત્ર આપવું હોય તો આપવા આવી શકે છે.

નેહરાએ આગળ કહ્યું કે, એક વર્ષમાં શહેરમાંથી ૨૫ હજાર રખડતા ઢોર પકડવામાં આવ્યા છે. રસ્તા પર ઢોર છોડતા લોકો સામે પોલીસ કેસ પણ કરવામાં આવ્યા છે. તેમજ અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ ઢોરમાં RFID(રેડિયો ફ્રિકવન્સી આ ઈડેન્ટિફિકેશન ડેટા) ટેગ લગાવામાં આવ્યા.ઢોરવાડામાં ગાયો ગુમ થવાની ફરિયાદ મળી હતી. બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની વિજિલન્સ તપાસ કરવા સૂચના આપી છે કે કઈ રીતે ગણતરીમાં ભૂલ થઈ તે માહિતી મેળવામાં આવશે અને જે જવાબદાર અધિકારી હશે તેની સામે પગલા લેવામાં આવશે.મેયર અને ડેપ્યુટી કમિશનર વચ્ચે આવેદન પત્ર મામલે થયેલા ગજગ્રાહ મામલે મ્યિનિસિપલ કમિશનરે નિવેદન આપવાનું ટાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે મેયરના આગ્રહ બાદ પણ ડેપ્યુટી કમિશનર આર્જવ શાહે આવેદનપત્ર લીધું નહોતું.

જ્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓને અધિકારીઓ સાંભળતા ન હોવા અંગે મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું કે,ચૂંટાયેલી પાંખનું અમે માર્ગદર્શન મેળવીએ છે. મેયર સહિત તમામ ચૂંટાયેલી પાંખ સાથે મળીને વિકાસના કામ કરવામાં આવે છે.

થોડા દિવસ પહેલા શહેરના ઢોરવાડામાં પૂરવામાં આવેલા ઢોર પૈસા લઈ બારોબાર મુક્ત કરી દેવાની ગંભીર ફરિયાદમાં વિજિલન્સ તપાસની માગણી બાદ મ્યુનિ.એ કરેલી તપાસમાં જ ૯૬ ઢોર ગુમ થયાનું સામે આવ્યું હતું. આ તપાસ પછી શાસક પક્ષના નેતા અમિત શાહે જવાબદારો સામે પોલીસ ફરિયાદ કરવાની માગણી કરી છે.

ગુજરાતીઓ ગરમી માટે થઈ જાઓ તૈયાર, ૧૫મી બાદ ગરમીમાં વધારો થઈ શકે છે

અમદાવાદ

હાલ રાજ્યમાં કઈ ઋતુ ચાલે છે તેની ખબર નથી પડતી. ક્યારેક એકદમ ગરમી તો ક્યારેક એકદમ ઠંડી પડી રહી છે. આ સાથે છેલ્લા થોડા દિવસથી તો અનેક જગ્યાએ કમોસમી વરસાદ પણ પડ્યો છે. થોડા દિવસથી સવારે શિયાળા જેવી ઠંડક અનુભવાય છે. ત્યારે ગુજરાતીઓને પણ વિચારી રહ્યાં છે કે હવે ગરમી ક્યારે શરૂ થશે. એક આગાહી પ્રમાણે ૧૫મી માર્ચ બાદ ગરમીમાં વધારો થઈ શકે છે. નોંધનીય છે કે, બુધવારે અમદાવાદ સહિત ૬ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીની ઉપર નોંધાયું હતું. પશ્ચિમ તરફથી આવતા પવનના કારણે અરબી સમુદ્ર પરથી ભેજ પણ ખેંચાઈ રહ્યો છે. જેના કારણે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે વાતાવરણ ઠંડું થઈ ગયું છે.

રાજસ્થાન પર સાક્લોનિક સરક્યુલેશન સક્રિય થઈ રહ્યું છે. જેની અસર ગુજરાતનાં વાતાવરણ પર જોવા મળી રહી છે. વાદળછાયા વાતાવરણ સાથે થતો કમોસમી વરસાદ ખેડૂતોની ચિંતા વધારી રહ્યો છે. બીજી બાજુ વાદળછાયા વાતાવરણનાં કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. નોંધનીય છે કે, છેલ્લા ૧૦ વર્ષના માર્ચ મહિનામાં જે તાપમાન નોંધાયુ છે તેમાં સૌથી નીચું તાપમાન ચાલુ વર્ષે માર્ચ મહિનામાં નોંધાયુ છે. છેલ્લા ૧૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં માર્ચ મહિનામાં ૩૯થી ૪૩ ડિગ્રી વચ્ચે તાપમાન નોધાયું છે.

મૌલવીએ ૧૩ વર્ષની સગીરા સાથે શારીરિક અડપલાં કરતા ચકચાર

અમદાવાદ

ભરૂચના આમોદ ખાતે આવેલ મદ્રેસાના ૬૮ વર્ષીય મૌલવીએ ૧૩ વર્ષની સગીરા સાથે શારીરિક અડપલાં કરતા ચકચાર મચી જવા પામી છે. આ મામલામાં પોલીસે ગણતરીના સમયમાં જ આરોપી મોલવીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ ખાતે મદ્રેસાના મોલવીની કાળી કરતુત બહાર આવી છે. આમોદ ચાર રસ્તા નજીક આવેલ બચ્ચો કાં ઘર નામની મદ્રેસામાં બાળકોના અભ્યાસ કરાવતા ૬૮ વર્ષીય મૌલવી અબ્દુલ્લા બોરા દ્વારા મદ્રેસામાં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય સગીરાને હવનો શિકાર બનાવવામાં આવતી હતી. મૌલવી સગીરાને તેની માતાનો ફોન આવ્યો હોવાના બહાને દુકાનમાં બોલાવી તેની સાથે વારંવાર શારીરિક અડપલાં કરતો હતો. ડરી ગયેલી સગીરાએ તેના માતા પિતાને આ વાત ચિઠ્ઠી લખી જણાવતા તેઓ ચોકી ઉઠ્યા હતા અને મૌલવી વિરુદ્ધ આમોદ પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી. આમોદ પોલીસે નરાધમ મૌલવીની દુષ્કર્મના ગુન્હામાં ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આમ જો ૧૩ વર્ષની સગીરાએ કદાચ પોતાના માતાપિતાને ચિઠ્ઠી લખીર સમગ્ર હકીકત ન જણાવી હોત તો આ નરાધમ મોલવીએ પોતાની કાળી તરતૂતનો ભોગ કોઇ અન્ય માસુમને બનાવી ચૂક્યો હોત. પરંતુ હવે તો આ મોલવી જેલના સળીયા પાછળ ધકેલાઇ ગયો છે.

રાજકોટના યુવાનોનો સૂતા સૂતા ચલાવનાનો સ્ટન્ટ ભારે પડ્યો

રાજકોટ

ધૂમ સ્ટાઈલમાં બાઈક ચલાવીને શોખ પૂર્ણ કરી વીડિયો બનાવનારા યુવાનો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. રાજકોટમાં બાઈક પર સ્ટંટ કરતા યુવાનોને સ્ટંટ ભારે પડ્યો છે. અને તેમાં બે લોકોના મોત થયા છે. રાજકોટ-પડધરી હાઈવે પર મોડીરાતે યુવકો બાઈક પર સુતા સુતા સ્ટંટ કરતા હતા.અને સ્ટંટ કરતા યુવકોનો વીડિયો પણ બનાવવામાં આવી રહ્યો હતો. તેવામાં યુવાનોએ બેલેન્સ ગુમાવતા બાઈક સ્લીપ ખાઈ ગઈ અને સ્ટંટ કરતા બે યુવાનોના મોત થયા છે.

કોંગ્રેસના ૬થી૭ ધારાસભ્યો પક્ષપલટો કરી ભાજપમાં જોડાવાની અટકળો તેજ

ગાંધીનગર

મધ્ય પ્રદેશમાં જે માહોલ છેલ્લા ચાર દિવસમાં જોવા મળ્યો એ માહોલ હવે ગુજરાતમાં ઊભો થાય એવા એંધાણ છે. જાણીતા અને માનીતા નેતાઓ પક્ષપલટો કરે એવી શક્યતાઓ સેવાય રહી છે. જ્યોતિરાદિત્ય સિંધિયા તેમજ ૨૨ ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા છે. આવું ગુજરાતમાં પણ થશે. ગુજરાત કોંગ્રેસમાંથી કેટલાક જાણીતા નેતાઓ છૂટા થઈને ભાજપમાં જોડાય એવી સંભાવના છે. હાલમાં ૭૩ પૈકી ૬થી૭ ધારાસભ્યો પક્ષમાંથી છૂટા થઈ જશે.

ભાજપ વર્તુળમાંથી જાણવા મળતી અનુસાર ત્રણ ઉમેદવારો રાજ્યસભામાંથી ચૂંટાઈને જશે. આ માટેનું ખાસ આયોજન તૈયાર થઈ ચૂક્યું છે. ભાજપે ગુજરાતમાંથી બે ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. હવે કોંગ્રેસ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરશે. આવી શક્યતાના માહોલ વચ્ચે ભાજપ પોતાના ત્રીજા ઉમેદવારનું નામ પણ જાહેર કરશે. આ ત્રીજા ઉમેદવારને જીતાડવા માટે કોંગ્રેસના ધારાસભ્યો પાસે ક્રોસ વોટિંગ કરાવવું ભાજપના જીતલક્ષી એજન્ડા માટે અનિવાર્ય છે. જે ભાજપ પક્ષ માટે સરળ છે.

હોળીની રજા બાદ વિધાનસભાગૃહમાં મળેલી એક બેઠકમાં ખૂબ ઓછા સભ્યોએ હાજરી આપી હતી. વિપક્ષે શાસક પક્ષને ઘેરવાની તક જાણે જતી કરી હોય એવો માહોલ હતો. ભાજપના એક નેતાએ સ્પષ્ટ કહ્યું હતું કે, ગુજરાતમાં રાજ્યસભાની એક પણ સીટ ભાજપ નહીં ગુમાવે. ત્રણેય બેઠક યથાવત રહેશે. આ માટેના કેટલાક જરૂરી નિર્ણય હાઈકમાન્ડ લેશે. આ મામલે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસસ્થાને એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાયાથી સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. હવે ભાજપ તરફથી ત્રીજા નામ માટે રાહ જોવાઈ રહી છે.

વડોદરા યુનિવર્સિટીમાં ફિલ્મી સ્ટાઈલમાં ઘુસી વિદ્યાર્થીઓએ માર્શલ સાથે કર્યું ઘર્ષણ

વડોદરા

પોતાની આગવી શિક્ષણ વ્યવસ્થાના કારણે વિશ્વ વિખ્યાત બનેલી વડોદરાની એમ.એસ યુનિવર્સિટી હવે પોતાના વિવાદોના કારણે વિશ્વ વિખ્યાત બને તો નવાઈ નહીં. છેલ્લા ત્રણ મહિનાથી પરીક્ષાના પરિણામ જાહેર ન થતા વિદ્યાર્થીઓ યુનિવર્સીટી હેડ ઓફીસ ખાતે રજુઆત કરવા ગયા હતા, પરંતુ રજુઆત દરમિયાન એવા દ્રશ્યો સર્જાય કે કોઈએ વિચાર્યું પણ નહીં હોય.

એમ.એસ યુનિવર્સિટી હર હંમેશ કોઈ ના કોઈ કારણે વિવાદમાં આવતી હોય છે. એક તરફ દેશ ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ જઈ રહ્યો છે. મોટા ભાગના કામ ઓનલાઈન થઈ રહયા છે, ત્યારે એમ.એસ યુનિવર્સિટી (સ.જીં હૈદ્દીજિંઅ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છેલ્લા ત્રણ મહિનાથી પરીક્ષાના પરિણામ માટે વલખા મારી રહયા છે. પરીક્ષાના પરિણામ ક્યારે જાહેર થશે એ જાણવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ યુનિવર્સીટી હેડ ઓફીસ ખાતે પોહચ્યા હતા.

રાજ્યસભાની બે બેઠકો માટે કોંગ્રેસે શક્તિસિંહ ગોહિલ અને રાજીવ શુકલાને મેદાને ઉતાર્યા

અમદાવાદ

રાજ્યમાં રાજ્યસભાની ૪ બેઠકો માટે માર્ચમાં ચૂંટણી યોજાવવાની છે. આગામી ૨૬ માર્ચે રાજ્યસભાની ૪ બેઠકો માટે મતદાન યોજાશે. ત્યારબાદ ૨૬મી માર્ચે જ મતગણતરી કરવામાં આવશે. આ વર્ષે ભાજપનાં ૩ અને કોંગ્રેસનાં ૧ સભ્યની મુદ્દત પુરી થઈ રહી છે. રાજ્યસભાની ચૂંટણી માટે ભાજપે બે ઉમેદવારોનાં નામો જાહેર કરી દીધાં છે ત્યારે કોંગ્રેસે પણ તેના બે નામો જાહેર કરી દીધા છે. આપને જણાવી દઈએ કે, કોંગ્રેસે રાજ્યસભાની ચૂંટણી માટે રાજીવ શુક્લા અને શક્તિસિંહ ગોહીલનાં નામની જાહેરાત કરી છે. આ પહેલા કોંગ્રેસ તરફથી પૂર્વ કેન્દ્રીય પ્રધાન ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહિલના નામની ચર્ચા ચાલી રહી હતી.

જાણીતા હાસ્ય કલાકાર દિગુભા ચુડાસમાના હસ્તે

ભડિયાદ ખાતે જંતુનાશક દવાયુક્ત મચ્છરદાની વિતરણ કાર્યક્રમ યોજાયો



છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયાની પરીસ્થિતીના આધારે પસંદ કરવામાં આવેલા અમદાવાદ જીલ્લાના વિવિધ ગામોમાં ૨૫૪૦૦ જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરાશે

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૨૦૨૨ સુધી ગુજરાત અને ૨૦૩૦ સુધીમા સંપૂર્ણ ભારત મેલેરિયા મુક્ત બને તેવા ઉદેશ્ય સાથે હાથ ધરાયેલી ઝુંબેશના ભાગરૂપે અમદાવાદ જિલ્લા પંચાયત સંલગ્ન મેલેરિયા શાખા દ્વારા ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર દિગુભા ચુડાસમાના હસ્તે ભડીયાદ ખાતે જંતુનાશક દવાયુક્ત મચ્છરદાની વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મેલેરિયા શાખા અમદાવાદ દ્વારા છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયાની પરિસ્થીતીના આધારે સર્વે કરીને મેલેરિયા માટે અતિ સવેદનશીલ ગામ પસંદ કરવામાં આવેલ છે અને અમદાવાદ જીલ્લાના વિવિધ ગામોમાં ૨૫૪૦૦ જંતુનાશક દવાયુક્ત મચ્છર દાનીનું વિતરણ કરાશે. અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન મુજબ દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતું કે, ૨૦૨૨ સુધી સમગ્ર ગુજરાતમાંથી મેલેરિયાનું નિર્મૂલન કરવા તેમજ ૨૦૩૦ સુધીમા સંપૂર્ણ ભારતને મેલેરિયા મુક્ત કરવાના ઉદેશ્ય સાથે હાથ ધરાયેલી ઝુંબેશના ભાગરૂપે મેલેરિયા શાખા અમદાવાદ દ્વારા સર્વે કરીને મેલેરિયા માટે અતિ સવેદનશીલ ગામ પસંદ કરવામાં આવેલ છે. અમદાવાદ જીલ્લાના વિવિધ તાલુકાના છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયાની પરિસ્થીતીના આધારે પસંદ કરવામાં આવેલ ગામોમાં કુલ ૨૫૪૦૦ જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવનાર છે. દવાયુક્ત મચ્છરદાનીના વિતરણ પહેલા ગામ ના લોકો ને એક સ્થાન પર ભેગા કરી દવાયુક્ત મચ્છરદાનીના ફાયદા સમજાવવામાં આવ્યા હતા. ગર્ભવતી મહિલાઓ, ગર્ભસ્થ શિશુ તથા પાંચ વર્ષથી નાના બાળકોને મેલેરિયાથી વધારે જોખમ હોવાથી સરકાર દ્વારા દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરાયું છે. આ દવાની પણ કોઈ આડઅસર થતી નથી. લોકોએ માત્ર આ મચ્છરદાની તડકામાં ન રહે તેની તકેદારી રાખવાની હોય છે. કોઈ પણ તાવ મલેરિયા હોય શકે છે એટલે તાવ આવે તો આરોગ્ય કાર્યકર અથવા તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જઈને લોહીની તપાસ કરાવવી જોઈએ.

જૂની પદ્ધતિથી જ થશે સિંહની ગણતરી, કેમેરાનો પ્રસ્તાવ સરકારે ફગાવ્યો

ગાંધીનગર

ગુજરાતમાં સિંહની સંખ્યા ૧૦૦૦ સુધી પહોંચી ગઈ હોવાના અંદાજા વચ્ચે તેમની વસ્તી ગણતરીનો સમય પાકી ગયો છે. ૨૦૨૦ની સિંહની વસ્તી ગણતરી માટે કંઈક અલગ યોજના બનાવવામાં આવી હતી. વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની દેખરેખ અને ૩૦૦૦ કેમેરાની મદદથી સિંહની વસ્તી ગણતરી કરવાનો પ્રસ્તાવ હતો. જો કે, સિંહની વસ્તી ગણતરીને આડે દોઢ મહિના જેટલો સમય રહ્યો છે ત્યારે ગુજરાતે ગીર અને તેની આસપાસના વિસ્તારમાં આવેલા એશિયાઈની વસ્તી ગણતરી માટે કથિત રીતે ભારતીય વન્યજીવ સંસ્થાન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો છે.

રાજ્યના વન વિભાગના ઉચ્ચ અધિકારીઓનું કહેવું છે કે, ઈલેક્ટ્રોનિક ઉપકરણના બદલે વર્ષો જૂની પદ્ધતિથી સિંહની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. વન વિભાગના ૩૦૦૦ કર્મચારીઓ અને સ્થાનિક વસ્તીના સ્વયંસેવકો આ કાર્યમાં જોડાશે. ભારતીય વન્યજીવ સંસ્થાનના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, "ગુજરાત સરકારે ડબલ્યુઆઈઆઈને પત્ર લખીને જણાવ્યું કે, તેમણે સિંહની વસ્તી ગણતરી પહેલા વિશિષ્ટ રિસર્ચની પરવાનગી આપી નથી. સાથે જ એમ પણ જણાવ્યું કે, ભારતીય વન્યજીવ સંસ્થાન સિંહની વસ્તી ગણતરીનો ભાગ નહીં હોય કારણકે વાઘની ગણતરી થાય છે એ પ્રકારે રાજ્યમાં સિંહની ગણતરી નહીં થાય.

હું જ્યોતિરાદિત્ય સિંધિયા નથી કે પોતાની મા મુકીને સાવકી માને ધાવવા જાવ: શૈલેષ પરમાર

અમદાવાદ

રાજ્યસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે. ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાનો ભાજપ પ્રયત્ન કરતુ હોવાનો ગંભીર આક્ષેપ લાગ્યો છે. વિધાનસભાના કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારે આક્ષેપ કર્યો છે કે, ગતરાતથી ભાજપે તોડફોડ કરવાના પ્રયત્નો કર્યા છે. ભાજપ ૧૦૦ ટકા ધારાસભ્યો તોડવાનો પ્રયત્ન કરી રહી હોવાનો આક્ષેપ પણ શૈલેષ પરમારે લગાવ્યો છે. શૈલેષ પરમારે કહ્યુ કે, ભાજપ કોંગી ધારાસભ્યો પર સત્તાલાલચ અને લોભ આપે છે. પરંતુ કોઈપણ હાલતમાં કોંગી ધારાસભ્ય ભાજપમાં નહી જાય. તેમણે કહ્યું કે હું જ્યોતિરાદિત્ય સિંધિયા નથી કે પોતાની મા મુકીને સાવકી માને ધાવવા જાય. ભાજપ ગતરાતે અને આજે સવારે પણ ધારાસભ્યોને તોડવામાં નિષ્ફળ ગઈ છે તેમ શૈલેષ પરમારે કહ્યુ.

રાજ્યસભાની ગુજરાતની ચાર બેઠકની ચૂંટણી યોજાવવાની છે. ત્યારે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યો તોડતા હોવાનો આરોપ લાગ્યો છે. જેમાં કોંગી ધારાસભ્ય પ્રતાપ દૂધાતે કહ્યું હતું કે તેમને પણ આડકતરી રીતે ઓફર થઈ હતી. પરંતુ જો અમારા ધારાસભ્ય તૂટશે તો ભાજપે પરિણામ ભોગવવું પડશે.

પ્રભાસપાટણ: સોમનાથ ટ્રસ્ટ દ્વારા ધનવંતરી દવાખાનું શરૂ થશે

સોમનાથ

સોમનાથ મંદિરમાં આદર્શનાર્થે આવતા ધણીઓ માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ધનવંતરી દવાખાનું શરૂ કરવામાં આવનાર છે.સોમનાથ યાત્રી સુવિધા કેન્દ્ર ખાતે સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ કેશુભાઈ પટેલ તથા સર્વે ટ્રસ્ટી મંડળના નિર્ણય તથા માર્ગદર્શનથી આરોગ્ય સેવાનો ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમારના હસ્તે આ દવાખાનાનો શુભારંભ કરવામાં આવશે જેમાં પ્રભાસપાટણના ડો.સાવલિયા (એમબીબીએસ) દ્વારા દર્દીઓને નિદાન તથા સચોટ માર્ગદર્શન આપવામાં આવશે જેનો સમય સવારે ૯થી ૧૦ સાંજે ૪થી ૫ રહેશે. તેમજ આ આરોગ્ય કેન્દ્ર સવારે ૯થી ૧ અને સાંજે ૪થી ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. જેમાં ડો.હંસાબેન શ્રધુળા (બીએએમએસ) દ્વારા દર્દીઓને સારવાર આપવામાં આવશે. જેમાં પાણીજન્ય રોગો, ચેપીરોગો, હવાજન્ય રોગો, વાઈરસ ઈન્ફેકશન, બેકટેરિયા ઈન્ફેકશન તેમજ અકસ્માતના બનાવો, કીડનીની બિમારી, સ્ત્રારોગો, બાળરોગોના દર્દીઓને પ્રાથમિક સારવાર તેમજ જરૂર પડયે આરોગ્ય કેન્દ્રનો વિધિવત પ્રારંભ આજે સાંજે ૫ વાગ્યે કરવામાં આવશે.

ખેડાના ખાત્રજમાં વ્યાજખોરોના ત્રાસથી યુવકે કરી આત્મહત્યા

ખેડા

ખાત્રજનાં યુવક જયદીપ મકવાણાએ વ્યાજખોરોનાં ત્રાસથી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ છે. આ યુવકે આપઘાત કરતા પહેલા એક વીડિયો બનાવ્યો હતો જેમાં તેણે વ્યાજખોરોનાં નામ અને તેમના મોબાઇલ નંબર પણ જણાવ્યાં છે. આ સાથે તેણે સ્યૂસાઇડ નોટ પણ લખ્યાંનો વીડિયોમાં ઉલ્લેખ કર્યો છે.

આ યુવકે વીડિયોમાં જણાવ્યું છે કે, કાગળમાં લખેલા વ્યક્તિઓનાં કારણે હું આપઘાત કરી રહ્યો છું. આ યુવકે પોલીસ પર પણ આક્ષેપ કર્યો હતો કે, તેણે પોલીસમાં પણ આ અંગેની ફરિયાદ કરી હતી પરંતુ તેમણે પણ આ અંગે કંઇ કર્યું નહીં.

આ યુવકે આપઘાત કરતા પહેલા એક વીડિયોમાં જણાવ્યું હતું કે, 'કાગળમાં લખેલા ૧૦ લોકોનાં કારણે હું આપઘાત કરવા મજબૂર થયો છું.' આ સાથે તેણે સ્યૂસાઇડ નોટમાં પણ લખ્યું છે કે, 'આ દસ લોકોને મેં ૧ વર્ષથી ૧૦ ટકા વ્યાજ તેમની મુડી કરતા પણ ત્રણ ગણું વ્યાજ વધારે આપ્યું છે. તોપણ મને શાંતિથી આ લોકો જીવવા દેતા નથી. તેમનાથી કંટાળીને હું આત્મહત્યા કરું છું.

જેતપુરમાં ૧૨૬ એકમોને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની નોટિસ: ઉદ્યોગકારોની દોડધામ



જેતપુર

જેતપુરની જીવાદોરી સમાન ઉદ્યોગ સાડી ઉદ્યોગને જાણે ગ્રહણ લાગી હોઈ તેમ એક પછી એક મુશ્કેલીઓ આવી રહી છે એક બાજુ સાડી ઉદ્યોગ મંદીનો સામનો કરી રહી છે તો બીજી બાજુ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા પ્રદૂષણ ઓકતા ૧૨૬ કારખાનેદારને નોટિસ આપતા સાડી ઉદ્યોગમાં સોપો પડી ગયો છે. રાજકોટ ડેપ્યુટી કલેકટર રાજેશ આલના જણાવ્યા અનુસાર જેતપુરમાં ૧૨૬ એકમો કે જે પ્રદૂષણ ફેલાવે છે તેમને હાજર થવા નોટિસ ફટકારવામાં આવી હતી. જેમાં સીઈપીટી ડાઈંગ પ્રિન્ટિંગ, એસપીટી ડાઈંગ પ્રિન્ટિંગ, સીઈપીટી ધારેશ્વરના કુલ ૧૨૬ એકમોનું હીરિંગ કરવામાં આવશે જેમાં ગઈકાલે ૨૦ કેસ ટેબલ ઉપર લેવામાં આવશે બાકીના સીઈપીટી દ્વારા વધુ મુદત માગતા ૨૪ તારીખ આપવામાં આવી હતી. ટોટલ ૧૨૬ એકમોમાંથી ચાર યુનિટ ટ્રાયલ બેજ ઉપર છે, જયારે ૫૦ યુનિટોને અગાઉ કલોઝર આપેલ હોઈ અને તેમનું રિઓબેશન થયા બાદ ચાલુ છે, અને હજુ ત્રીસ યુનિટમાં કલોઝર નોટિસ આપવા છતાં રિઓબેશન કરાવેલ નો હોઈ છતાં યુનિટો ચાલુ છે તેમની વિરૂધ્ધ જેયુડીસી એકટ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે તેમ ડેપ્યુટી કલેકટર દ્વારા જણાવેલ હતું.

જેતપુર એસોસિએશન દ્વારા જણાવેલ કે એનજીટીના ગાઈડલાઈન પ્રમાણે એસોસિએશનનું કામ ચાલુ છે નવા ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યા છે, જેતપુરથી પોરબંદરની પાઈપલાઈનનું કામ શરૂ કરવામાં આવ્યું ચે. ભાદર નદીમાં જે ગટર ચેનલ છે તેમને બંધ કરવાની કામગીરી ચાલુ છે, દેરડી રોડ ઉપર નવો પ્લાન્ટ બનાવવાની કામગીરી ચાલુ છે જેથી જો અમને એનજીટી થોડો સમય આપે તો કામગીરી પૂર્ણ કરી શકીશું. તેવું એસોસિએશન દ્વારા જણાવાયું છે. ૨૪ તારીખ આપેલી હોઈ ત્યારે કયાં યુનિટને કેટલો દંડ અને શું એનજીટી દ્વારા પગલાં લેવાશે તે ખબર પડશે, આવનાર સમયમાં જેતપુરનો જીવાદોરી સમાન સાડી ઉદ્યોગ અને નાના કારખાનેદારો ટેબલ યુનિટો મુશ્કેલીનો સામનો કરશે તેમાં બે મત નથી.

નિવૃત્ત અધિકારીને ઇંગ્લેન્ડની વિધવાને બીટકોઈનના નામે ૫૯ લાખનો ચૂનો લગાવ્યો

અમદાવાદ

ઓનલાઈન કે ફોન કરીને ફ્રોડ કરવાના અનેક કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. આ અંગે સાઈબર ક્રાઈમ દ્વારા સતત નાગરિકોમાં જાગૃકતા ફેલાવવા પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં પણ લોકો આ ફ્રોડનો ભોગ બની રહ્યાં છે. આવો જ એક કિસ્સો અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં બન્યો છે, જયાં ઈંગ્લેન્ડની એક વિધવાએ અહી રહેતા નિવૃત્ત અધિકારીને ૯ બીટકોઈન છોડાવવાનું કહીને ૫૯ લાખની પડાવી લીધાની ફરિયાદ સાઈબર ક્રાઈમમાં નોંધાઈ છે.

બનાવની વિગત એવી છેકે, સેટેલાઈટ વિસ્તારમાં આવેલા સ્પ્રિંગ પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા ઉદય ભટ્ટ કે જે પીએફઓમાં નોકરી કરતા હતા. તેમને ૨૦૧૯ના ડિસેમ્બર માસમાં ઈંગ્લેન્ડની રોસેટી રોઝી નામની વિધવા મહિલાની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. રોસેટીએ ઉદયભાઈ સાથે મિત્રતા કેળવી હતી. બાદમાં મિત્રતાનો લાભ લઈ જાન્યુઆરી ૨૦૨૦માં તે ભારત આવી રહી છે તેમ જણાવ્યું હતું. જે દરમિયાન દિલ્હી કસ્ટમ અધિકારી તરીકે એક મહિલાએ ઉદયભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડની રોસેટી રોઝી ૯ પ્રતિબંધિત બીટકોઈન લઈને આવી છે. જેની કિંમત ૫૦ લાખ રૂપિયા છે. જેનો દંડ ૪૯,૯૦૦ રૂપિયા ભરવાનો છે.

ઈંગ્લેન્ડની એ વિધવાએ કોલ કરતા ઉદયભાઈએ એ સમયે ૫૦ હજાર રૂપિયા ભરી દીધા હતા. બાદમાં ફરીએકવાર ૮૫ હજાર દંડ પેટે ભરાવ્યા હતા. આટલી રકમ ભર્યા પછી પણ ફરીથી ફોન આવ્યા હતા અને ઉદયભાઈ પાસે પૈસા જમા કરાવ્યા હતા. આમ કુલ ૫૯ લાખ રૂપિયા ઉદયભાઈએ રોઝીને મદદ કરવા અર્થે ભર્યા હતા, જોકે આટલી મોટી રકમ ભર્યા બાદ ઉદયભાઈને જાણ થઈ હતી કે તેમની સાથે ચિટિંગ કરવામાં આવી છે. જે અંગે તેમણે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા હેડ કોન્સ્ટેબલે યુવતી પાસે શરીરસુખની માંગણી કરી....!?

પાલનપુર

પાલનપુરની યુવતીના ફોનમાંથી તેના મિત્ર સાથેના ફોટા પોતાના ફોનમાં લઈને યુવતીને ફોટા વાઈરલ કરવાની ધમકી આપી પોતાની સાથે શારીરિક સંબંધ બાંધવા બ્લેક મેઈલિંગ કરી રૂપિયા આઠ લાખ પડાવીને લેનાર રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા પોલીસ હેડ કોન્સ્ટેબલ સામે ફરિયાદ નોંધાતા કચ્છ-બનાસકાંઠા સહિતના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર તાલુકા પોલીસ મથકે હાલ ભુજ ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને મુળ બનાસકાંઠા પોલીસદળમાં ભરતી થયેલ મુકેશ ડાહ્યાભાઈ દરજી સામે એક યુવતીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ તેણીના મોબાઈલમાંથી તેના એક યુવક સાથેના ફોટા એપ્લીકેશન દ્વારા મોબાઈલમાં લઈ ટ્રાન્સફર કરી અને બે વર્ષ બાદ બ્લેક મેઈલીંગ કરી શારીરિક સુખની માંગણી કરી અને યુવક પાસેથી રૂપિયા ૧૫ લાખની માંગણી કરી અને રૂપિયા આઠ લાખ કઢાવી લઈ માનસિક ત્રાસ આપવાની ફરિયાદ આપતા પોલીસે હેડ કોન્સ્ટેબલની ધરપકડ કરી કોર્ટમાંથી રિમાન્ડની માંગણી કરતા પાંચ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે

પોલીસમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર અને હાલ ભુજમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મુકેશ ડાહ્યાલાલ દરજી સામે પાલનપુર નજીકના ગામની યુવતીએ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. વર્ષ ૨૦૧૭માં પોલીસની નોકરી માટે તૈયારી કરી રહેલ ૨૬ વર્ષની યુવતી તે સમયે પાલનપુરમાં પોલીસ વિભાગમાં નોકરી કરતાં મુકેશ દરજીના સંપર્કમાં આવેલ અને હેડ ક્વાર્ટસ ખાતે અવાર નવાર મળતી હતી. જયાં તેણીના મોબાઈલમાંથી કમલેશભાઈ ચૌધરી નામના ઈસમ સાથેના ફોટા ઝેન્ડરથી લઈને એક વર્ષ બાદ ફોટો વાયરલ કરવાની ધમકી આપી અને હોટલમાં આવી તેણીની સાથે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરી અને કમલેશ ચૌધરી પાસેથી રૂપિયા ૧૫ લાખની માંગમી કરી અને જો ના આપે તો તેના સગાંવ્હાલામાં ફોટા વાયરલ કરવાની ધમકી આપી અને રૂપિયા ૮ લાખ વસૂલ કર્યા હતા.

ફરિયાદમાં યુવતીએ મુકેશ દરજી સાથે વોટ્સએપમાં થયેલી વાતચીતનો એકસો પાનાનો અહેવાલ રજૂ કર્યો છે. તે ઉપરાંત સીસીટીવી ફૂટેજ અને કોલ રેકોર્ડીંગ રજુ કરતા પોલીસે તે આધાકે ગુનો નોંધ્યો હતો.આ કેસમાં જેની સામે બ્લેક મેઈલીંગની ફરિયાદ કરવામાં આવી છે તે મુકેશ દરજીને ચાલું વર્ષે રાષ્ટ્રપતિ ચંદ્રક આપવામાં આવ્યો હતો. જે રાજયના મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદ ખાતે એનાયત કરાયો હતો. મુકેશ દરજી અગાઉ બનાસકાંઠા પોલીસમાં ૨૫ વર્ષથી ફરજ બજાવતો હતો પરંતુ છ માસ અગાઉ તેની સામે ખાતાકીય ફરિયાદ ઉઠતાં તેની બદલી ભુજ ખાતે કરવામાં આવી હતી.

ગોંડલમાં ગેરકાનૂની પ્રવૃત્તિઓના બોર્ડ લાગતા એસપી દ્વારા તપાસના આદેશ



ગોંડલ

ગોંડલના ગુંદાળા રોડ, બસ સ્ટેશન, ત્રણ ખુણીયા, જેલચોક સહિતના વિસ્તારોમાં શહેરમાં ધમધમતા ગેરકાનૂની પ્રવૃત્તિઓ અને એ પ્રવૃત્તિઓ ચલાવતા શખ્સોના નામ સહિતના બોર્ડ બેનરો લાગતા શહેરમાં ચર્ચાનો વિષય બની જવા પામ્યો હતો અને આ બોર્ડ બેનર સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં જિલ્લા પોલીસ વડા દ્વારા તપાસના આદેશો અપાયા હતા.બોર્ડ બેનરો અંગે જિલ્લા પોલીસ વડા બલરામ મીણા એ જણાવ્યું હતું કે જો કોઈ જાગૃત નાગરિકને ગોંડલ શહેરમાં ચાલતી ગેરકાનૂની પ્રવૃત્તિઓ અંગે સંપૂર્ણ માહિતી હોય તો પોલીસ સમક્ષ શા માટે નથી આવતા અથવા માહિતી આપ્યા બાદ પોલીસ દ્વારા જો તપાસ કરવામાં ન આવતી હોય તો બોર્ડ બેનર લગાવે તો સમજી શકાય પરંતુ ગોંડલ ની આ ઘટના માત્ર ને માત્ર પોલીસની છબી ખરડવાનો પ્રયાસ લાગી રહ્યો છે એ ઉપરાંત પણ બેનરમાં જણાવાયેલ ૧૯ જગ્યાએ પોલીસ તંત્ર દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરાય છે અને સાથોસાથ બેનર લગાવનાર જાગૃત નાગરિકને પણ તપાસ કરવામાં આવી રહી છે. જાગૃત નાગરિકના નામે લગાવાયેલો બોર્ડમાં વોરાકોટડા રોડ આવાસ યોજના ક્વાર્ટર માં દારૂ જુગાર વરલી મટકા તેમજ પાવડર અને કતલખાનાનો ઉલ્લેખ કરાયો છે, જયારે તાલુકા શાળા, સરકારી દવાખાના ચોક, લીલા પીઠ, ફૂલવાડી, રેતી ચોક, જામવાળી જીઆઈડીસી, જુના- નવા માર્કેટિંગ યાર્ડ , ખટારા સ્ટેન્ડ, સેન્ટ્રલ ટોકીઝ ચોક જેવા વિસ્તારોમાં ગેરકાનૂની પ્રવૃત્તિ અને તેના સંચાલકોના નામ લખવામાં આવ્યા છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે જાગૃત નાગરિક દ્વારા લખવામાં આવેલ નામ સરનામા માં કેટલી હકીકત છે તે જાણવા પોલીસ દ્વારા દરોડાનો દોર શરૂ કરાયો છે અંગત રાગદ્વેષના કારણે અને પોલીસની છબી ખરડવા ના હેતુસર કોઈએ આ પ્રયાસ કર્યો હોય તેવી જિલ્લા પોલીસ વડાને શંકા હોય તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરત મહાનગર પાલિકામાં

ફરજ દરમિયાન મૃત્યુ પામેલા વધુ એક કામદાર પરિવારને રૂ. ૧૦ લાખની સહાય

મૃતકની પત્નીને કમિશનરના હસ્તે સહાયનો ચેક અર્પણ કરાયો

સુરત

ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩ મુજબ રાજય સકારશ્રીના આદેશાનુસાર તમામ ચીફ ઓફિસર–નગરપાલિકાઓ, મ્યુ.કમિશ્નર- મહાનગર પાલિકાઓ હસ્તકના ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન ગટર ગુંગળામણથી વર્ષ ૧૯૯૩ થી આજદિન સુધીમાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ સફાઈ કામદારોનાં વારસદારને રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચૂકવવા માટે આદેશ કરવામાં આવેલ.

જે અન્વયે અત્રેના સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદાર કર્મચારીઓનું ૧૯૯૩ થી આજદિન સુધીમાં ગટર સફાઈની કામગીરી દરમ્યાન મૃત્યુ થયેલ કર્મચારીઓને અત્રેની સાધારણ સભાના ઠરાવ નં. ૩૮૨/૨૦૧૭, તા.૩૦/૦૬/૨૦૧૭ મુજબ રૂ. ૧૦.૦૦ લાખનું વળતર ચૂકવવાનું ઠરાવવામાં આવેલ. જે અન્વયે આવા મરણ પામેલ કુલ-૦૫ (પાંચ) (૦૪ કાયમી + ૦૧ હંગામી) કામદારોના વારસદારોને તા.૧૮/૧૨/૨૦૧૭, તા.૦૨/૦૨/૨૦૧૮ અને તા.૧૪/૦૩/૨૦૧૮ નાં રોજ અને ગુજરાત સરકારશ્રી તરફથી અત્રે મળેલ લીસ્ટ મુજબ ૧૫૬ ગટર ગુંગણામણ થી મૃત્યુ પામેલ કામદારો પૈકી ૧૬ કામદારો સુરત શહેર હદ વિસ્તારમાં મૃત્યુ થયેલ હતા. જે પૈકી ૦૧ કામદારના વારસદારને તા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ સીટી ઈજનેરશ્રીની રૂબરૂમાં કમિશનરશ્રીના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ હતા.

વધુમાં ઉકત ૧૬ કામદારો પૈકી શ્રી મહેન્દ્ર બાબુરાવ ગુરવના વારસદારને તેઓની વિધવા પત્ની સરલાબેન મહેન્દ્ર ગુરવ ને ગતરોજ તા.૧૧/૦૩/૨૦૨૦નાં રોજ કમિશનરના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન. કમિશ્નરે મૃતકના પરિવારને સહાનુભુતિ પૂર્વક તેમની હાલની આર્થિક સ્થિતિ તથા ઘરમાં કામ કરનાર બાળકો વિગેરેની પૃચ્છા કરી તેમને સાંત્વના આપી હતી તથા સરકારશ્રીની આ યોજના હેઠળ તેમને આ સહાય આપવામાં આવી છે તે અંગેની તેઓને જાણ પણ કરી હતી.

સુરત-ભુસાવલ ટ્રેનમાં ત્રણ કોચ વધારે જોડી દેવાશે

સુરત

સુરત-ભૂસાવલની તમામ પેસેન્જર ટ્રેનમાં અત્યાર સુધી જી૧ એક જ ડબ્બો હતો, જેને કારણે પેસેન્જર્સને ખૂબ હાડમારીનો સામનો કરવો પડતો હતો. કોચ વધારવા અંગે ૨૫ નવસારી લોકસભાનાં સાંસદ શ્રી સી.આર.પાટીલે પેસેન્જર્સનાં હિતને ધ્યાનમાં રાખી કેન્દ્રીય રેલમંત્રી શ્રી પિયુષભાઇ ગોયલજીને રજૂઆત કરી હતી. એમની રજૂઆતને ધ્યાન પર લઇને સુરત ભૂસાવલ જતી તમામ ટ્રેન નંબર ૫૯૦૭૬, ૫૯૦૭૮, ૫૯૦૭૮, ૫૯૦૧૩, ૫૯૦૧૪માં જી૧ની સાથે જી૨, જી૩ કોચ પણ જોડી દેવાનો નિર્ણય લેવાયો છે.

જી૧ની સાથે સાથે જી૨ અને જી૩ કોચ જોડી દેવાનાં નિર્ણયને કારણે સુરતથી ભૂસાવલનો પ્રવાસ કરનારા મુસાફરોની સુવિધાઓમાં વધારો થશે અને લાંબા પ્રવાસમાં સુગમતા વધવાને કારણે એમની હાડમારી પણ ઓછી થશે.



વિશ્વ મહિલા દિવસની ઉજવણી સંદર્ભે મહિલા સશક્તિકરણ ઝુંબેશ અંતર્ગત રાજપીપળા સ્ટેચ્યુ ઓફ યુનિટીથી નવી મુંબઈ સુધી સીઆરપીએફની મહિલાઓ દ્વારા યોજાયેલી સાયકલ યાત્રા ગઈકાલે સુરત આવ્યા બાદ આજ સાયકલ યાત્રી મહિલાઓએ નવસારી જિલ્લા તરફ પ્રસ્થાન કર્યું હતું.

ખેડુત ખાતેદારો માટે વિવિધ સહાય યોજના

નવસારી

રાજયના ખેડૂત ખાતેદારો ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓમાં જુદા જુદા ઘટકો હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરી શકે તે માટે રાજય સરકારે ૧ લી માર્ચ-૨૦૨૦ થી ૩૦ એપ્રિલ-૨૦૨૦ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવા આયોજન કર્યુ છે. આ પોર્ટલના માધ્યમ થકી ખેડૂતો ઓનલાઈન અરજી કરી, જરૂરિયાતના સાધનો જેવા કે, દવા છાંટવાના પંપ, તાડપત્રી, સિંચાઈના સાધનો, ટ્રેકટર, પાવર ટીલર તથા ટ્રેકટર સંચાલિત કૃષિ યાંત્રીકરણના સાધનો જેવા કે રોટાવેટર, કલ્ટીવેટર, પ્લાવ, થ્રેશર વગેરે સાધનો ઉપર વિવિધ યોજનાઓ હેઠળ સહાય સીધી પોતાના બેદ્યક ખાતામાં મેળવી શકે છે.આ માટેની ઓનલાઈન અરજીઓ દરેક ગ્રામ પંચાયતકક્ષાની સાથે સાથે ઈન્ટરનેટની સુવિધા ધરાવતી અન્ય જગ્યાએથી પણ કરી શકાય છે. ખેડૂતે અરજી કરતી વખતે ૭/૧૨ અને ૮-અ, આધાર કાર્ડ, મોબાઈલ નંબર તેમજ બેદ્યક પાસબુકની વિગત વગેરે સાથે રાખવા જરૂર છે. ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી, સહી/અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે ગ્રામ્યકક્ષાએ ગ્રામસેવકશ્રી અથવા તાલુકાકક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી)ને પહોદ્ધચાડવાની રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત નવસારીની યાદીમાં જણાવાયું છે.

ઈચ્છાપોરની સખી મંડલીએ બનાવેલા માટીના ઈકોફ્રેન્ડલી પાત્રોની બોલબાલા

સાંઈનાથ સખી મંડળ સ્વસહાય જૂથની બહેનો આરોગ્યવર્ધન કરવાની સાથોસાથ લોકોને પ્રાચીન જીવનશૈલી તરફ પાંછા વાળી રહી છે

સુરત

રાજય સરકારે મિશન મંગલમ યોજનાના સુવ્યવસ્થિત અમલીકરણ માટે ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીની સ્થાપના કરી છે. જેમાં મિશન મંગલમ યોજનાની સાથોસાથ નેશનલ અર્બન તેમજ રૂરલ લાઈવલીહૂડ મિશન યોજનાનું પણ અમલીકરણ કરવામાં આવે છે. શહેરો અને ગામડાની બહેનોને આ યોજના દ્વારા સ્વસહાય જુથની રચના કરી સ્વરોજગારી મેળવી સ્વનિર્ભર બની પરિવારનું ગુજરાન સારી રીતે ચલાવી શકે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે.

સ્વસહાય જૂથોના માધ્યમથી મહિલાઓ ગૃહઉદ્યોગ દ્વારા કલાત્મક વસ્તુઓનું જાતે નિર્માણ કરી ન માત્ર સ્વરોજગારી મેળવી રહી છે, બલ્કે પોતાની આવકમાંથી દર મહિને થોડો હિસ્સો આર્થિક બચત માટે ઉપયોગ કરી રહી છે. મહિલા સશક્તિકરણના યજ્ઞ સમાન આ યોજનાથી મહિલાઓનો સામાજિક આર્થિક વિકાસની દિશા ખુલી છે, સ્વસહાય જૂથમાં જોડાયેલી મહિલાઓનો આત્મવિશ્વાસ વધ્યો છે અને તેમનામાં નેતૃત્વની આવડત વિકસી છે.

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામનું 'સાંઈનાથ સખી મંડળ' આવું જ એક સ્વસહાય જૂથ છે, જેની ૧૫ જેટલી મહિલા સભ્યો રાજય સરકારની મિશન મંગલમ યોજનાનો યથાર્થ ઉપયોગ કરીને પગભર બની છે. 'સાંઈનાથ સખી મંડળ'ની બહેનો પરંપરાગત ચીજવસ્તુઓ બનાવવાના બદલે સમયની માંગ અનુસાર ઈકોફ્રેન્ડલી કાળી માટીના વાસણો બનાવી રહી છે. માટીના વાસણો સ્વાસ્થ્ય માટે કેટલા લાભપ્રદ છે એનો ગહન અભ્યાસ કરી તેઓ માટીના પાટિયા, કલેરી (તાવડી), ગરવું, પાણીનો કુંજો, માટીના કોડિયા, પાણીના માટલા, ઘડા, કાળી માટીમાંથી બનાવેવી તાસક, પૂજાના દીવા બનાવીને વેચાણ કરી પગભર બન્યા છે. માટીના પાત્રોનું વૈજ્ઞાનિક રીતે સ્વાસ્થ્ય જાળવવામાં અનેરૂં યોગદાન છે એવી સમજના કારણે નિર્મિત થયેલા વાસણો સુરત શહેરમાં લોકપ્રિય બન્યા છે.

સખીમંડળના પ્રમુખ શ્રીમતિ ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ જણાવે છે કે, આપણી આધુનિક જીવનશૈલીએ અનેક પ્રકારના રોગોની ભેટ આપી છે. પહેલાના જમાનાના લોકો તંદુરસ્ત જીવન અને લાંબુ આયુષ્ય ધરાવતાં હતા. જૂના જમાનામાં પીવાના પાણીને માટીના ઘડામાં રાખવામાં આવતું. પાણી અને અનાજના સંગ્રહ માટે પણ મોટા માટીના વાસણો, કોઠીઓ હતી. પહેલા માટીના કોડિયામાં દિવેલ પૂરી અજવાળું કરવામાં આવતું. પ્લાસ્ટિકના વાસણોમાં રસોઈ બનાવવા અને ભોજન લેવાના કારણે શરીરમાં હાનિકારક અસરો થાય છે. ભોજનમાં રસાયણો મિશ્રિત થાય છે. જે અનેક રોગોનું કારણ બને છે. પરંતુ હવે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્ત નાગરિકો માટીના વાસણો તરફ પાછા વળી રહ્યા છે, ત્યારે અમારા સખીમંડળ દ્વારા રસોડામાં રસોઈ બનાવવામાં, ભોજન પીરસવામાં, જમવામાં ઉપયોગમાં લઈ શકાય એવા તમામ પ્રકારના માટીના વાસણો બનાવવામાં આવે છે. માટીના પાત્રોમાં બનતું ભોજન અત્યંત સ્વાદિષ્ટ હોવાથી કુદરતી મીઠાશ આપે છે. સુરત જિલ્લાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્ત લોકો આ પ્રકારના વાસણોનો મોટી સંખ્યામાં ઉપયોગ કરી રહ્યા છે. જેમના પ્રોત્સાહક પ્રતિભાવો અમારા ઉત્સાહમાં વધારો કરી રહ્યા છે એમ તેઓ કહે છે.

ધર્મિષ્ઠાબેન કાળી માટીમાંથી બનેલા વાસણોનું મહત્વ સમજાવતા વધુમાં કહે છે કે, આપણું શરીર પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ અને આકાશ એમ પંચતત્વોથી બનેલું છે. જેમાં પૃથ્વી તત્વ સૌથી ભારે અને મહત્વનું હોય છે. પૃથ્વી તત્વ એટલે હાડકાં, માસપેશીઓ, નખ, ત્વચા અને વાળ. શરીરને સ્વસ્થ અને આરોગ્યમય રાખવા માટે શરીરના પૃથ્વી તત્વમાં સંતુલન હોવું જરૂરી છે. આ સંતુલન માઈક્રો ન્યુટ્રીએન્ટસથી જળવાય છે. શરીર માટે જરૂરી એવા કેલ્શિયમ, ફોસ્ફરસ, સલ્ફર અને મેગ્નેશિયમ માટીમાંથી ભરપૂર પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. એટલે જ માટીમાંથી બનેલા વાસણોમાં ખોરાક રાંધવામાં આવે, ખોરાકને માટીના વાસણોમાં પીરસી આરોગવામાં આવે તો શરીર આપોઆપ સ્વસ્થ રહેશે. શરીર ઈશ્વરે આપેલી અણમોલ ભેટ છે. તેઓ જણાવે છે કે, જે રીતે કોઈ યંત્ર કે વાહનને પેટ્રોલ, ડીઝલ, ગેસ ઈંધણ ચલાવે છે, એ જ રીતે શરીરને પોષક આહાર ચલાવે છે. વાહનની ટાંકીમાં પાણી નાંખવાથી તે બંધ પડી જશે, તે રીતે શરીરમાં હવા, પાણી, ખોરાકના માધ્યમથી ઝેરી તત્વો પ્રવેશ કરશે તો નિશ્ચિતપણે શરીરનું સ્વાસ્થ્ય બગડશે. જેથી શરીરને જેટલો પોષક આહાર મળશે, શરીર એટલું બમણા વેગથી કામ કરશે એમ તેઓ ઉમેરે છે.

તેઓ વધુમાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૮માં ઈચ્છાપોરમાં સાંઈનાથ સખી મંડળની સ્થાપના અમે ત્રણ બહેનોએ ભેગા મળીને કરી હતી, આજે અમારી સભ્ય સંખ્યા ૧૫ સુધી પહોંચી છે. અન્ય સખીમંડળોની જેમ પરંપરાગત ચીજવસ્તુઓ બનાવવાના બદલે કંઈક અનોખું કરીએ તો? એવા વિચારથી કાળી, લાલ માટીના ઈકોફ્રેન્ડલી વાસણો બનાવવાની શરૂઆત કરી હતી. મંડળની બહેનો મહિને પ્રતિ સભ્ય દીઠ રૂ.૧૦૦ની બચત કરે છે. જેના કારણે બેંક ઓફ બરોડાના સખીમંડળના ખાતામાં રૂ.૨૦ હજારનું ભંડોળ એકઠું થયું છે. આ બચત મહિલા સભ્યોના આરોગ્યના ખર્ચમાં, આકસ્મિક મુશ્કેલીના સમયમાં ઉપયોગી બની રહે છે. ઉપરાંત, કાચો માલ ખરીદવામાં ઉપયોગી બને છે. સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગના સહયોગથી સુરત ખાતે આયોજિત સરસ મેળામાં પ્રથમવાર ભાગ લીધો છે. જેમાં અમને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. અમે સખીમંડળની બહેનો માટીના વાસણો બનાવી તેના વેચાણ દ્વારા આજીવિકા મેળવવાની સાથોસાથ લોકોને સ્વસ્થ અને આરોગ્યપ્રદ જીવનશૈલી માટે નિમિત્ત બની રહ્યા છીએ એનો અતિ આનંદ છે એમ ધર્મિષ્ઠાબેન ગૌરવથી જણાવે છે. આમ, ગામડા અને શહેરની અભણ-ગરીબ પરિવારની બહેનોને આત્મનિર્ભર બનાવતી મિશન મંગલમ યોજનાથી ધર્મિષ્ઠાબેન જેવી કેટલીય જરૂરિયાતમંદ બહેનોનું સશક્તિકરણ થયુ છે.

પાણી વેરાના તફાવતના

પાંડેસરા ઉદ્યોગ મંડળ દ્વારા વધુ રૂ. ૧.૨૯ કરોડ જમા કરાવાયા

ટુંક સમયમાં બાકી રકમ જમા કરી દેવાશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા પાંડેસરા ઔદ્યોગિક એકમોને પીવાલાયક તેમજ ટર્શરી ટ્રીટેડ મિશ્રિત પાણી પુરુ પાડવામાં આવે છે. ઔદ્યોગિક એકમોને પુરુ પાડવામાં આવતા ટર્શરી ટ્રીટેડ પાણીના ભાવ તફાવતના નાણાં અંદાજિત રૂા.૧૫ કરોડના બીલ તેમને આપવામાં આવેલ હતા. સદર નાણાં ચૂકવણી બાબતે ઔદ્યોગિક એકમો તરફથી વિસંગતતા ઉભી થતા સદર નાણાંની ચૂકવણી કરતા ન હતા. તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં સુરત મહાનગર પાલિકા અધિકારીગણ અને પાંડેસરા ગ્રીન એન્વાયરોમેન્ટ એન્ડ વોટર વેલ્ફર કો–ઓ.સોસા.લી., ના હોદ્દેદારો સાથે થયેલ મીટીગમાં ચર્ચા થયા મુજબ ઔદ્યોગિક એકમો ૨૫ % નાણાં જમા કરાવવાનું નકકી થયેલ હતું. જે અનુસંધાને તેઓ તરફથી તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ રૂા.૩.૮૪ કરોડના નાણાંના એક મે.કમિશનરશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. તેમજ તા.૧૧/૦૩/૨૦૨૦ ના રોજ બાકી રકમ પૈકી રૂ.૧,૨૯,૨૪,૧૩૬ જમા કરાવ્યા છે. બાકી રહેતા નાણાં ટૂંક સમયમાં સુરત મહાનગર પાલિકામાં જમા કરાવવાનું કમિશનરશ્રીને ખાત્રી આપેલ છે.

ડાંગમાં લીડરશીપ-કોમ્યુનિટી ડેવલોપમેન્ટ કાર્યક્રમ યોજાયો

યુવાનોમાં કુશળ નેતૃત્વ વિકસાવવાના પ્રયાસો

આહવા

નેહરૂ યુવા કેન્દ્ર આહવા દ્વારા તા.૨૭ ફેબ્રુઆરી થી ૨૯ ફેબ્રુઆરી દરમિયાન વધઇ જિ.ડાંગમાં યુથ લીડરશીપ અને કોમ્યુનિટિ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં નેતૃત્વ કુશળતા વિકસાવવા અને નવા પડકારોનો સામનો કેવી રીતે કરવો તે હતો.

જિલ્લા યુવા સંયોજક શ્રી અનુપ ઈંગોલેએ જણાવ્યું હતું કે ત્રણ દિવસ માટે નવ સત્રો હતા.જુદા જુદા વક્તાઓએ વિવિધ વિષયો મુજબ વક્તવ્ય આપ્યા હતા. જેમાં દિકિશા ગામીત દ્વારા આરોગ્ય સંભાળ,પ્રભાવિત ઠાકરે પર્યાવરણ,શ્યામ માહલા દ્વારા ઉદ્યોગ સાહસિકતા,સંદિપ કોંકણી દ્વારા જાહેર ભાષણ,રામસિંહ બંગાલ દ્વારા પશુપાલન,લક્ષ્મીબેન માહલા દ્વારા કોમ્પ્યુટર કાર્યક્રમો, ભૂપેન્દ્ર ધૂમ દ્વારા બાળ નિયમો,યોગ અને તંદુરસ્તી રવિશ સેબલ અને અરવિંદ કોંકણી દ્વારા રજુ થયા હતા. આ કાર્યક્રમમા કુલ-૪૦ યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો.

સુરત કોર્પોરેશનનું વર્ષ ૨૦૨૦-૨૧નું રૂ. ૫૦૫.૦૧ કરોડનું બજેટ મંજૂર, દાંડી રોડ ફોરલેન કરાશે

સુરત

સુડા ભવન ખાતે યોજાયેલ બજેટ બોર્ડમાં સુડાનું વર્ષ ૨૦૨૦-૨૧નું ૫૦૫.૦૧ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. બજેટની મહત્વની જોગવાઈઓમાં સુરત દાંડી રોડને ફોરલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નવા આયોજન સહિત સુડા વિસ્તારનાં ટીપી અને ડીપી રસ્તાઓને પહોળા કરવાનાં કામો માટે ૭૦.૪૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ સાથે સુડા અને મનપા વિસ્તારમાં તાપી શુધ્ધિકરણની કામગીરી મનપા દ્વારા જ કરવામાં આવનાર હોવાથી, સુડા વિસ્તારની કામગીરીના ખર્ચ પેટે મનપાને તબક્કાવાર ચુકવણી કરવા, ૨૫૦ કરોડની અલાયદી જોગવાઈ પણ આજના સુડા બજેટમાં કરવામાં આવી છે.

કુલ ૨૭ કિલોમીટર જેટલા બનાવવાના રહેતા આઉટર રીંગરોડની હાલ પ્રગતિ હેઠળની કામગીરી માટે પણ સુડા બજેટમાં ૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સુડા વિસ્તારના ગામોમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એટલે કે ઘન કચરા વ્યવસ્થાપન માટે પણ ૧૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. જયારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ટી પી સ્કીમ નં. ૩૦ (વણકલા, ઓખા, વિહેણ) વિસ્તારમાં, આવાસોના નિર્માણ માટે પણ બજેટમાં ૨૫ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે.આજ ટીપી સ્કીમમાં આવેલ કોમર્શિયલ તથા રહેણાંક પ્લોટો અને સચિન સેક્ટરમાં આવેલ પ્લોટ થતા દુકાનોને ઈ-ઓક્શનથી વેચવા માટે પણ આજની સુડા બોર્ડમાં મંજૂરી આપવામાં આવી છે. જયારે ટી પી સ્કીમ નં. ૧૮ (ખોલવડ)માં ૧૮ મીટરનાં રસ્તા ઉપર ખાડી બ્રીજ બનાવવા માટે પણ ૪.૫૦ કરોડ મંજૂર કરાયા છે.

ઉધના ઝોને વધુ રૂ. ૩૨.૫૪ લાખનો બાકી વેરો વસુલ કર્યો

સુરત

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૧૧/૦૩/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ, વડોદ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૨૪ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તથા ઉધના અંબર કોલોનીમાં ૨૧ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.૨.૨૮/- લાખ રોકડા તથા એડવાન્સ ચેકની વસુલાત કરવામાં આવેલ છે. ગત રોજ મિલકતવેરા પેટે કુલ રૂા.૩૨.૫૪ લાખ જેટલી વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ દ્વારા વડોદ આવાસ વિસ્તારમાં કુલ ૭૧ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જે પૈકી રૂા. ૩.૨૩ લાખ રોકડા તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને રૂા. ૦૭.૯૮ લાખ જેટલી વસુલાત કરવામાં આવેલ છે.

સરીગામ, ધરમપુર અને કપરાડા ખાતે ભરતી મેળાઓ યોજાશે

વલસાડ

મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અંતર્ગત શ્રમ અને રોજગાર વિભાગ તેમજ જિલ્લા વહીવટીતંત્ર વલસાડનાં સંયુકત ઉપક્રમે ઓન-જોબ કૌશલ્યા તાલીમ દ્વારા યુવાનોમાં રોજગાર ક્ષમતાં વધારો થાય તેવા ઉદ્દેશથી ઓદ્યોગિક એકમોમાં એપ્રેન્ટિસની ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, સરીગામ ખાતે તા.૧૬-૦૩-૨૦૨૦ સવારે ૧૧.૦૦કલાકે, જી. એચ. સી. એલ રોજગાર તાલીમ સંસ્થા , ધ્રુવા બાયફ કેમ્પસ, મામલતદાર કચેરી પાસે, તાલુકો-કપરાડા ખાતે તા.૧૮-૦૩-૨૦૨૦ સવારે ૧૧.૦૦ કલાકે તથા આઈ.ટીઆઈ, ધરમપુર ખાતે તા.૨૧-૦૩-૨૦૨૦ સવારે ૧૧.૦૦ કલાકે રોજગાર/એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં ધોરણ-૮ પાસ કે તેથી વધુ, આઈ.ટી.આઈ. પાસ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારોની પસંદગી/ ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણપત્રો, આધારકાર્ડ, પાસપોર્ટસાઈઝ ફોટો, બાયોડેટા અને એ બધાની ઝેરોક્ષ બે-બે નકલમાં સાથે લાવવાના રહેશે.

પીએમ મોદીની કેવડિયા મુલાકાતને લઈ ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકિમે લીધી વિવિધ પ્રોજેક્ટોની મુલાકાત

પીએમ મોદી ૨૧મી માર્ચે કેવડિયા ટેન્ટ સીટી ૧ ખાતે રાત્રી રોકાણ કરે એવી શક્યતાને પગલે મુખ્ય સચિવ અનિલ મુકીમે અધિકારીઓ સાથે કરી બંધ બારણે બેઠક

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં પ્રવાસીઓને આકર્ષવા માટે તંત્ર દ્વારા વિવિધ પ્રોજેક્ટો બનાવી દેવાયા છે.ત્યારે પીએમ મોદીની ગુજરાત મુલાકાત દરમિયાન આગામી ૨૧ અને ૨૨ મી માર્ચ દરમિયાન પીએમ મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવનાર હોવાની સંભાવના ઓ વ્યક્ત કરાઈ રહી છે.જેને પગલે ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મૂકીમ અને ફોરેસ્ટના ઉપ સચિવ રાજીવ ગુપ્તાએ કેવડિયા ખાતેના વિવિધ પ્રોજેકટની મુલાકાત લીધી હતી.



રાજયના મુખ્ય સચિવ અનિલ મૂકિમે સૌ પ્રથમ ગોરા પાસે બનેલ નર્મદા બ્રિજ બાદ જંગલ સફારી પાર્કની મુલાકત લીધી હતી.વડાપ્રધાન આગામી ૨૧ અને ૨૨ માર્ચનો કાર્યક્રમ બની રહ્યો છે એ મામલે તેઓ કેવડિયા ખાતે આવી પહોંચ્યા હતા.સાથે સાથે પીએમ મોદી જે રૂટ પર જવાના છે એ મામલે પણ અધિકારીઓએ બંધ બારણે ચર્ચાઓ કરી હતી.વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ માર્ચના બપોર બાદ હાઈબ્રીજ ફેરી ક્રુઝ બોટ સર્વિસ, જંગલ સફારી, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, એકતા નર્સરી આરોગ્ય વન, કેક્ટ્સ ગાર્ડન, યુનિટી ગ્લો ગાર્ડનનું લોકર્પણ કરશે.તેઓ રાત્રીના ટેન્ટ સીટી ૧ ખાતે રોકાણ કરશેની શકયતા હોય એ બાબતે બંધ બારણે મિટિંગ પણ અધિકારીઓએ કરી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝીટને લઈને તેમના રૂટનું નિરીક્ષણ પણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૭ જેટલા પ્રવાસન સ્થળનું થશે લોકાર્પણ થનાર છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિગત વાર કાર્યક્રમ આવવાનો બાકી છે.

નબીપુર ખૂન કેસમાં વધુ એક આરોપીની અટકાયત કરતી એલ.સી.બી. ભરૂચ ટીમ



ગત તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ નબીપુર તા.જી.ભરૂચના રહેવાસી - મહમદ ઉમરુ પૈતન ઉ,વ,૮૨ ની હત્યા કરી તેમની લાશને પુરાવાનો નાશ કરવાના હેતુસર આરોપીઓએ ઈંટોલા ગામ નજીક આવેલ વિશ્વામિત્રી નદીમાં મગરો રહેતા હોવાથી નદીમાં ફેંકી નિકાલ કર્યો હતો.આ ગુનામાં સંડોવાયેલ ૦૬ આરોપીઓ પૈકી ૦૫ આરોપીઓને ઝડપી પાડી જેલ ભેગા કરવામાં આવ્યા હતા.અને એક આરોપી મહેમુદ ઈબ્રાહીમ શન (દિવાન) રહેવાસી- નબીપુરનો ગુનો કરી નાસી છુટ્યતા આરોપીને ઝડપી પાડવા અને મહમદ ઉમરજી ચૈતનનાઓની લાશને શોધી કાઢવી સીરૂ આ ગુનાની તપાસ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારાએલ.સી.બી,ટિમને સોંપવામાં આવી હતી. દરમ્યાન આરોપી મહેમુદ ઈબ્રાહીમ શા પવારવાડી પો. સ્ટે. માલે ગંવ (મહારાષ્ટ્ર) ખાતે આર્મ્સ એક્ટ હેઠળ પકડાતા આરોપીને નબીપુર પોલીસ સ્ટેશનના ગુનામાં માલેગાંવ કોર્ટમાં થી પો,ય,ઈ બી એ.એસ.ચૌહાણ એલ,સી.બી.નાઓએ ટ્રાંસફર વોરંટ દ્વારા મેળવી એલ.સી.બી ખાતે લઈ આવતા આરોપીને તા. ૧૦//૨૦૧૭ ના રોજ અટક કરવામાં આવ્યો છે.

ડાંગ દરબારમાં ધો.૧ના છોકરાએ માતૃપ્રેમ અંગે વક્તવ્ય રજૂ કર્યું

આહવા

ડાંગ જિલ્લાના આહવાનગરમાં રહેતા મૈત્ર મનોજભાઈ પટેલ, ધોરણ-૧ માં દીપદર્શન શાળામાં અભ્યાસ કરે છે. માતા રેખાબેનના આ પનોતા પૂત્રએ ડાંગ દરબારના મેળા દરમિયાન યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં માતૃપ્રેમ વિષયે પોતાની શાનદાર શૈલીમાં ધારદાર વક્તવ્ય આપ્યું હતું. જે સાંભળીને દર્શકો મંત્રમુગ્ધ બની ગયા હતા. નાનકડા આ મૈત્ર એ માતૃપ્રેમનો મહિમા વર્ણવતા જણાવ્યું હતું કે મા દુનિયામાં અજોડ અને અદ્વિતિય છે. મા નો મહિમા આજસુધી કોઇ કવિઓ કે લેખકો વર્ણવી શક્યા નથી એટલો વિશાળ છે. મા એટલે માણસનો પરીચય,તૃ-એટલે તૃપ્તિનો અહેસાસ,પ્રે-પ્રેમની પવિત્રતા અને મ એટલે મમતાની મૂર્તિ. કૌશલ્યા, જીજાબાઇ, કૈકેયી, કુંતી, યશોદા, સીતા જેવી ભારતની મહાન સંતાનો આપતી માતાઓ ઈશ્વરથી પણ મુઠ્ઠી ઉંચેરી છે. રંગ ઉપવન ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાઓના કસબીઓને જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ, વાસુર્ણાના રાજવીશ્રી સહિત મહાનુભાવોએ રોકડ પુરસ્કાર આપી સન્માન કર્યું હતું. ડાંગ જિલ્લાના ભાતીગળ મેળામાં મૈત્રએ પોતાની કૃતિ રજુ કરીને શાળા,પરિવારનું નામ રોશન કર્યું હતું. ડાંગના તમામ દરબારીઓએ આ નાનકડા મૈત્રને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.

તાતીથૈયામાં ધૂળેટીની ઉજવણી વખતે ચપ્પુના ઘા મારી દેવાયા

ગુટખા ખાવા અંગેના ઝઘડામાં ચપ્પુ વડે હુમલો

સુરત

પલસાણા તાલુકાના તાતીથૈયા ગામે ધૂળેટી રમતી વેળા વિમલ ગુટખા ખાવા બાબતે ઝઘડો થતા બે વ્યક્તિને ચપ્પુના ઘા ઝીંકી જીવલેણ ઈજા પહોંચાડ્યાનો બનાવ કડોદરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો. પોલીસે હત્યાની કોશિશનો ગુનો દર્જ કર્યો હતો.

કડોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ તાતીથૈયા સ્વામીનારાયણ એસ્ટેટ વિસ્તારમાં ફરિયાદી અવધેશ સુરેશ સાંકેતના બદ્રીકાકાના ભાઈના છોકરાનો સાળો અન્ય માણસો સાથે ધૂળેટી રમતો હોય આરોપી કવિન્દર રાવે વિમલ ખાવા બાબતે ઝઘડો કર્યો હતો. જેથી ફરિયાદીના કાકા રાકેશ છોડાવવા જતા આરોપી કવિન્દર રાવે જાનથી મારી નાંખવાના ઈરાદે ઉપરા છાપરી ચપ્પુના ચાર ઘા પેટમાં ઝીંકી દીધા હતા. ફરિયાદી પણ વચ્ચે પડતા તેની ઉપર પણ ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. કડોદરા પોલીસે અવધેશ સુરેશ સાંકેતની ફરિયાદ નોંધી હત્યાની કોશિશનો ગુનો દર્જ કર્યો હતો.

મરોલી-ઘોડીપાડાના વર્ષાબેન ગુમ થયા

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મરોલી ઘોડીપાડા ગજીયાફળિયા ખાતે રહેતી વર્ષાબેન વિજયભાઇ વારલી તા.૧૬/૨/૨૦૨૦ના રોજ સવારે ૭-૩૦ વાગ્યાતની આસપાસ ઘરેથી કોઇને કંઇ પણ કહ્યા વગર જતી રહી છે. જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૧૯ વર્ષ, રંગે ઘઉંવર્ણ, ઊંચાઇ આશરે સાડાપાંચ ફૂટ, મધ્યેમ બાંધો, શરીરે બ્યુ કલરનો ડ્રેસ પહેર્યો છે. જે ગુજરાતી અને વારલી ભાષા જાણે છે. આ વર્ણનવાળી મહિલાની જો કોઇને ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.



મજુરાગેટથી ભટાર જવાના માર્ગ પરના વૃક્ષોને ટ્રીમ કરવાને બદલે આખા વૃક્ષો જ કાપી નાખવામાં આવ્યા હોવાનું તસવીરમાં જણાય છે. સુરત મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગ દ્વારા ઘટાદાર વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે.

ટુ-વ્હીલર વાહનોની લે-વેચ વખતે પોલીસની સુચનાનું પાલન કરવું

લે-વેચ કરતી વખતે ઓળખના પુરાવા મેળવવા આવશ્યક છે

સુરત

શહેરના મદદનીશ પોલીસ કમિશનરશ્રીએ જાહેર શાંતિ-સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી એક જાહેરનામા દ્વારા તેમની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સાયકલ, સ્કુટર, મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાન ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોને આ પ્રકારના વાહનો ખરીદ-વેચાણ કરતી વખતે આટલી સૂચનાનું પાલન કરવા જણાવ્યું છે.

વેચાણકર્તાએ વાહન ખરીદનારને તેનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઇલ નંબર સાથેનું બીલ આપવું અને સ્થળપ્રત કબજામાં રાખવી, ઓળખ માટેના પુરાવા તરીકે ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ, નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોપોરેટરશ્રી, ધારાસભ્યશ્રી, સાંસદશ્રી, કોઇ પણ રાજયપત્રિત અધિકારી તરફથી મેળવેલું ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઇપણ એક પુરાવો ઓળખ માટે મેળવવાનો રહેશે. બીલમાં ખરીદનારનું પુરુ નામ, સરનામું સંપર્ક માટે ટે./મો.નંબર લખવો. વેચાણબીલમાં વાહનોના ફ્રેમ નંબર, ચેસીસ નંબર અવશ્ય લખવા, વાહનો વેચાણકર્તાએ કોઇપણ પોલીસ અધિકારી તરફથી આ પ્રકારની માહિતી/રેકર્ડ ચકાસણી માટે માંગવામાં આવે ત્યારે રજુ કરવા જણાવાયું છે. આ ઉપરાંત ટીફીન બોક્ષ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઈ વ્યકિતની દેખરેખ (નધણીયાત) બિનવારસી મુકવા નહી. આ જાહેરનામાનો અમલ તા.૦૬/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

૨૪'મીએ ડાંગ તાલુકાઓનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

લોક પ્રશ્નોનું સ્થળ પર નિવારણ કરાશે

આહવા

આથી ડાંગ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે માનનીય મુખ્ય મંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ પ્રશ્નોના નિવારણ માટે તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિવારણ અંગે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ત્રણ તાલુકામાં યોજવામાં આવનાર છે.

આહવા તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેકટર કચેરી,આહવાના સભાખંડમાં નાયબ વન સંરક્ષકશ્રી ઉત્તર ડાંગ ના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે. વધઈ તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તાલુકા સેવા સદન-વધઈ ખાતે પ્રાંત અધિકારીશ્રી,ડાંગ ના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧-૦૦ કલાકે તેમજ સુબીર તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તાલુકા સેવા સદન,સુબીર ખાતે સવારે ૧૧-૦૦ કલાકે નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના અધ્યક્ષ સ્થાને યોજાશે. ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ,મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો,સબ જયુડીશીયલ પ્રશ્નો તથા નોકરીને લગતા પ્રશ્નો લક્ષમાં લેવામાં આવશે નહીં. તાલુકાની જનતાને પોતાની ફરિયાદ તા.૨૧/૦૩/૨૦૨૦ સુધીમાં મામલતદારશ્રી આહવા,વધઈ અને સુબીર અને સબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. અરજદારશ્રીએ એક જ પ્રશ્ન સંપૂર્ણ વિગતો સહ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમાં રજૂ કરવાના રહેશે. રજુ કરવામાં આવનાર પ્રશ્નોના કવર પર?તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪/૦૩/૨૦૨૦' એમ અચૂક લખવુ. અરજદારે ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા વિનંતી છે.

અંકલેશ્વર કોલેજના ત્રણ વિદ્યાર્થી જીટીયુમાં પ્રથમ દસમાં ઝળક્યા

એસઆરઆઈસીટીના વિદ્યાર્થીઓની સિદ્ધિ

અંકલેશ્વર

ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી (GTU) દ્વારા GTU દ્વારા શિયાળુ સત્ર (Winter ૨૦૧૯) માં સેમેસ્ટર ૩ ની ૧૦૯ કોલોજો માં પરીક્ષા લેવામાં આવી હતી જેમાં અંકલેશ્વરની શ્રોફ એસ. આર. રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજી (SRICT) એ દક્ષિણ ગુજરાતમાં ત્રીજું સ્થાન અને GTUમાં ૧૦૯ કોલેજોમાંથી દશમું (૧૦મુ) સ્થાન પ્રાપ્ત કરેલ છે.

સંસ્થામાંથી કુલ ૧૬૬ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર ૩ ની પરીક્ષા આપી હતી જેમાં ૫૪.૨૨% વિધાર્થીઓ Distinction સાથે ઉતીર્ણ થયા છે. જયારે કેમિકલ એન્જીનીયરીંગના ત્રણ વિધાર્થીઓએ GTU માં કેમિકલ એન્જીનીયરીંગ શાખામાં ૧૨૫૦ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ દસમાં સ્થાન મેળવવામાં સફળ થયા છે જેમાં સ્નેહા સજજન (૯.૭૮ SPI) ચોથું સ્થાન, યશ ઠાકર (૯.૬૫ SPI) છઠ્ઠુ સ્થાન અને શાક્ષી જૈન (૯.૩૫ SPI) દસમું સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે . સંસ્થાના વિધાર્થીઓની સેમેસ્ટર ૩ ની પરીક્ષામાં અદભુત સિદ્ધિ બદલ સંસ્થાના ઉપ્રમુક્ષી શ્રી અશોક પંજવાણીએ દરેક વિદ્યાર્થીઓને અને અધ્યાપક ગણને અભિનંદન પાઠવ્યા છે.

કોરોના વાયરસ અંગે કાળજી રાખવા આરોગ્ય તંત્રનો અનુરોધ

ડરવુ નહીં પણ તકેદારી અચૂક દાખવવી

નવસારી

નવસારી જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકની સૂચના અનુસાર જિલ્લામાં કોરોના રોગ નો ચેપ ફેલાય નહિ તે માટે તકેદારી રાખવા આરોગ્ય વિભાગને જરૂરી સૂચનાઓ જારી કરી છે. જે અન્વયે તમામ શાળાઓ અને કોલેજામાં ગુરુવારે અને શુક્રવારે કોરોના માટે હેન્ડ વોશિંગ તેમજ શનિવારે તમામ આશાબહેનોએ પોતાના વિસ્તારમાંથી વિદેશથી આવેલા વ્યકિતઓ તેમજ કોરોના અસરગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા વ્યકિતઓનું ફલોઅપ કરી તાત્કાલિક મેડિકલ ઓફિસર તથા આરોગ્ય કર્મચારીને જાણ કરવી.

તમામ કોરેનટાઈન હેઠળના વ્યકિતઓને ૧૪ દિવસ સુધી દિવસમાં બે વાર વિઝીટ કરવી અને કોઈ લક્ષણો ચિન્હો છે કે નહિ તેની ખાતરી કરવી. પોતાના વિસ્તારમાં કોરાના રોગનો ચેપ ન ફેલાય નહિ તેની કાળજી રાખવા જણાવાયું છે.



ખટોદરા નહેર બીઆરટીએસ રૂટ પાસે રહેતા લોકો બીઆરટીએસ કોરીડોરની રેલીંગ પર કપડા સુકવતા હોવાનું નજરે પડે છે.



એલએચ રોડ સ્થિત શ્રી ત્રિકમનગર જૈન સંઘમાં પૂ. ઉપાધ્યાય શ્રી અજીત શેખર વિજય મ. અને પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખર વિ. મ.સા.ના શિષ્ય પૂ. પંન્યાસ શ્રી પદ્મદર્શનવિજયજી મહારાજની પાવન નિશ્રામાં શ્રી પાર્શ્વ પ્રભુના ચ્યવન અને કેવલજ્ઞાન કલ્યાણક નિમિત્તે શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ ઉપર 'શકસ્તવ મહાભિષેક'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રભુભક્તો 'જય જય શ્રી પારસનાથ'ના જયઘોષ સાથે ઝૂમી ઉઠ્યા હતા. વિશિષ્ટ ઔષધીઓ અને શુદ્ધ મન્ત્રાક્ષરોના પઠન સાથે આ અનુષ્ઠાન થયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો.

રાજપીપળા શહેરમાં વહેલી સવારે વીજ કંપનીની ૧૬ ટિમો ત્રાટકી વીજ ચોરી કરતા ૧૬ ગ્રાહકોને ૨.૩૭ લાખનો દંડ ફટકારતા ફફડાટ

ભરૂચ સર્કલ અને ડિવિઝન મળી ૧૬ ટીમોએ રાજપીપળા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકીંગ કર્યું: કુલ ૫૩૩ કનેકશનો ચેક કર્યા જેમાં ૧૬ ડાયરેકટ ઝડપાયા



● રાજપીપળા અને ગ્રામ્ય વિસ્તારના મળી ૧૬ ડાયરેકટ કનેકશન દ્વારા વીજ ચોરી કરતા ગ્રાહકોને ૨.૩૭ લાખનો દંડ ફટકારાયો

● રાજપીપળા ટાઉનમાં લીમડાચોક, કસ્બાવાડ, સિંધીવાડ, આરબ ટેકરા વિસ્તારોમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ખોજલવાસા અને કાંદરોજ ગામમાં વીજ ચોરી ઝડપાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આમ તો વીજ કંપની રાજપીપળા શહેરમાં દર ૨ મહિના બાદ વીજ બિલો ફાડતા ગ્રાહકોના યુનિટી વધુ આવતા વીજ બિલોનો બોઝ વધુ આવે છે,જેમાં અમુક વિસ્તારોમા તો આડેધડ બિલો પણ ફાટતાં હોવાની વારંવાર બુમો ઉઠી હોય આ બાબતે અનેક ફરિયાદો કરવા છતાં હજુ કોઈ સુધારો નથી થયો ત્યારે ગુરુવારે વહેલી સવારે વીજ કંપનીની ટિમો અચાનક ચેકીંગમાં આવી ચઢી જેમાં વીજ ચોરી કરતા ગ્રાહકોને ઝડપી લાખોનો દંડ ફટકારતા લોકોની ઊંઘ ઉડાડી મૂકી હતી.

ગુરુવારે વહેલી સવારે રાજપીપળા શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકો પથારીમાં નીંદર માણી રહ્યાં હતા ત્યારે જ ભરૂચ સર્કલ અને ભરૂચ ડિવિઝન ની વીજ કંપની ની ૧૬ ટિમો ત્રાટકી દરેકના ઘરે મીટર ચેક કરી તપાસ કરતા કુલ ૫૩૩ વીજ જોડાણો ચેક કર્યા જેમાંથી રાજપીપળા શહેરના લીમડાચોક, કસ્બાવાડ, સિંધીવાડ, આરબ ટેકરા સહિતના વિસ્તરો માંથી ૦૮ જ્યારે ગ્રામ્ય વિસ્તારના ખોજલવાસા અને કાંદરોજ ગામમાંથી ૦૮ મળી કુલ ૧૬ વીજ જોડાણમાં વીજ ચોરી ઝડપાતા આ તમામ ને મળી કુલ રૂ.૨.૩૭ લાખનો દંડ ફાટકારાતા વીજ ચોરી કરતા ઝડપાયેલા તત્વોમાં દોડધામ મચી જવા પામી હતી જ્યારે અન્યોમાં ફફડાટ ફેલાયો હતો.

આમ અચાનક વીજ કંપનીના ચેકીંગની વાત વહેલી સવારે વાયુવેગે ફેલાતા કેટલાક વીજ ચોરો સજાગ થઈ ગયા હોય મીટર સાથે કે અન્ય રીતે કરેલા ચેડાં તપાસ ટિમ આવે તે પહેલાં દૂર કરી દેતા દંડ થી બચ્યા હોવાની વાત પણ સંભળાઈ રહી હતી.

તિલકવાડા તાલુકાના વજેરિયા ગામના ૧૮ વર્ષીય યુવાને ઝેરી દવા પી લેતા મોત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વજેરિયા ગામમાં એક ૧૮ વર્ષીય યુવાને ઝેરી દવા પી લેતા તેનું મોત થતા પોલીસે હાલ અ.મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ વજેરિયા ગામના પટેલ ફળીયુંમાં રહેતા અર્પણસિંહ સુરેન્દ્રસિંહ ચાવડા (ઉ.વ.૧૮) એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી જતા તેના પીતરાઈ ભાઈ હરેન્દ્રસિંહ બળવંતસિંહ ચાવડા તેને સારવાર માટે પ્રમુખ સ્વામી હોસ્પીટલ ડભોઈ લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા પોલીસે હાલ અ. મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

જંબુસર પો.સ્ટેના રાયોટીંગના ગુન્હામાં તથા નેગો. એક્ટ મુજબના અઢળક વોરંટોમાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સુચના મુજબ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા તથા જીલ્લાના પો.સ્ટે.માં પકડવા પર બાકી રહેલ આરોપી શોધી કાઢવાઅંગે પો.સ.ઈ.બી.ડી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમના માણસો ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી આધારે કાવી પો.સ્ટે.ના ગુનામાં નાસતા ફરાતા અરોપી- ગુલામભાઈ અબ્દુલસત્તાર ગોરજી રહે. ટેકરા ફળીયુ ભડકોદરા ગામ તા. જંબુસર જી.ભરૂચનાને ભરૂચ રેલ્વે સ્ટેશન પાસેથી પકડી પાડી તા.૧૨/૦૩/૨૦૨૦ નારોજ crPC ૪૧ (૧) આઈ મુજબ અટક કરી આગળની કાર્યવાહી કરવા ભરૂચ શહેર એ' ડીવી પો.સ્ટે. સુપ્રત કરવામાં આવેલ છે.

અસ્થિર મગજની મહિલાને આશ્રય અપાવતી ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ તાપી





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

એક ત્રાહિત વ્યક્તિ એ ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઈનમા ફોન કરી જાણ કરી હતી જેમાં એક અસ્થિર મગજની મહિલા વ્યારામા મળી છે જે અસ્થિર મગજ ના જણાતા ૧૮૧ અભયમ ટીમ ઘ્વારા માનવ સેવા ટ્રસ્ટમા આશ્રય અપાવવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વ્યારા શહેરમા એક અજાણી મહિલા કેટલાક દિવસ થી ફરે છે તેને મદદરૂપ થવા એક ત્રાહિત વ્યક્તિ એ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને જાણ કરતા વ્યારા પોલીસ સ્ટેશન સ્થિત અભયમ ટીમ સ્થળ પર પહોંચી હતી અને મહિલા સાથે વાતચીત કરતા તે માનસિક અસ્થિર જણાઈ આવ્યા હતા તેઓ કોઈ જવાબ આપી શક્યા નહીં જેથી વ્યારા પોલીસની મદદ થી મહિલાને માનવ સેવા ટ્રસ્ટમા પહોંચાડવામાં આવ્યા હતા. આ ફોટો વાળા મહિલાના કોઈ વાલી વારસની જાણકારી મળે તો અભયમનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે જેથી તેમને પરિવાર સુધી પહોંચાડી શકાય.આમ એક અસ્થિર અને આશ્રય વગર ફરતી મહિલાને હાલ તાપી હેલ્પલાઈન ટીમે આશ્રય અપાવ્યો હતો.

રાજપીપળા સિવિલ હોસ્પિટલ અને કલેક્ટર કચેરી પાસે આખલા પાગલ થતા લોકોને ધક્કે ચઢાવ્યા: એક સિનિયર સીટીઝનને ફેક્ચર થતા સારવાર હેઠળ

વારંવાર આખલાનો આતંક હોવા છતાં સ્થાનિક તંત્ર કોઈ પગલાં લેતું નથીઃ કોઈનો ભોગ લેવાની રાહ જોવાઈ રહી છે..?!



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરમાં આખલાઓની ધમાલ વારંવાર જોવા મળે છે તેમ છતાં સ્થાનિક તંત્ર આ બાબતે કોઈજ પગલાં લેતું ન હોય કેટલાય રાહદારીઓ તેમજ વાહન ચાલકો ઈજા પામ્યા છે. ગુરુવારે સવારે પણ સિવિલ હોસ્પિટલ અને કલેક્ટર કચેરી નજીક બે જગ્યાઓ પર આખલા ગાંડા બનતા નાસભાગના દ્રશ્યો જોવા મળ્યા જેમાં કલેક્ટર કચેરી પાસે થી પસાર થતા સિકંદરખાન પઠાણ નામના એક સિનિયર સીટીઝન વ્યક્તિને આખલા એ ભેટી મારી ફેંકી દેતા ગંભીર ઈજા અને ફેક્ચર થયું હતું. જ્યારે સિવિલ હોસ્પિટલ પાસે પાગલ બનેલા આખલા એ અનેક વાહનો અટકાવી નાસભાગ મચાવી હતી ત્યાંજ નજીકમાં જ આવેલી હાઈસ્કૂલોમાં આવતા જતા વિદ્યાર્થી તેમજ સિવિલમાં આવતા જતા બીમાર દર્દીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા.

જોકે ઘણા સમય થી રાજપીપળા શહેરમાં આખલાઓનો આતંક જોવા મળે છે છતાં તંત્ર આ બાબતે કોઈજ કાર્યવાહી ન કરતા સ્થાનિકો માં રોષ જોવા મળી રહ્યો છે. શુ કોઈનો ભોગ લેવાયા બાદ તંત્ર આવા તોફાની આખલાઓ માટે પગલાં લેશે..?!

ટેક્સટાઈલ માર્કેટમાં ત્રણ વેપારીઓ દ્વારા રૂા.૭૬.૭૫ લાખમાં ઉઠમણું

ત્રણેય વેપારીઓ દુકાનો બંધ કરી ભૂગર્ભમાં ઉતરી ગયા

સુરત

સુરતના ત્રણ વેપારીએ કાપડ દલાલ સાથે મળી કુલ રૂા.૭૬,૭૫,૦૯૧ની કિંમતનો માલ ખરીદી વેપારીને પેમેન્ટ ચૂકવવાને બદલે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ હરિઓમ ટેક્સટાઈલ્સ માર્કેટમાં ગંગા ફેશનના નામથી ધંધો કરતા અભિષેક બાલચંદ મુંદડાએ આરોપી લક્ષ્મણરાવ (રાધારાની સિલ્ક મિલ્સ, કતારગામ), દિપકરામ (હરિઓમ ફેશન, અભિષેક માર્કેટ), હિતેશ ચીમન ઠેસીયા (રામદેવ ફેશન), કાપડ દલાલ ઓમપ્રકાશ કિશોર ગોયલ (રહે. હિમાંશુ સોસાયટી, અડાજણ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા ૭૬,૭૫,૦૯૧ની કિંમતનું કાપડ ખરીદ્યા બાદ પેમેન્ટ ચૂકવવાને બદલે જાનથી મારી નાંખવાની ધમકી આપી દુકાન બંધ કરી નાસી ગયા હતા. સલાબતપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીનો વિરોધ કરનાર લખન મુસાફિરને કરાયા તડીપાર, માજી મુખ્યમંત્રી દોડી આવ્યા





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિવિધ પ્રોજેક્ટોનો સરકાર સામે વિરોધ કરતા નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના માથાવાડી ગામના અને મૂળ રાજગઢ ભાવનગર ના લખનભાઈ મુસાફિરને નર્મદા જિલ્લા વહીવટીતંત્રએ ૨ વર્ષ માટે નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર, વડોદરા અને તાપી એમ ૫ જિલ્લા તડીપારનો હુકમ કરતા ખળભળાટ મચી ગયો છે. રાજપીપળા પ્રાંત અધિકારીએ તડીપાર કરવાનું કારણ એ જણાવ્યા હતું કે લખન મુસાફિર સ્ટેચ્યુ ઓફ યુનિટીને લગતા પ્રોજેક્ટો અને સરદાર સરોવર નર્મદા ડેમ મુદ્દે આદિવાસીઓ ને ગુમરાહ કરી સરકાર વિરુદ્ધ કાર્યક્રમો અને સુત્રોચ્ચાર કરી ભયનું વાતાવરણ ઉભું કરે છે.

રાજપીપળા પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારીએ લખન મુસાફિરના તડીપાર હુકમ મામલે ૧૨મી માર્ચે સુનાવણી રાખી હતી.જેને પગલે ત્યાં ગુજરાતના માજી મુખ્યમંત્રી સુરેશ મહેતા, ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના અધ્યક્ષ ઈશ્વર દેસાઈ, રોહિત પ્રજાપતિ સહિત ગુજરાત ભરના વિવિધ એક્ટિવિસ્ટો અને ૭૦ ગામના આદિવાસી આગેવાનો લખન મુસાફિરના સ્પોર્ટમાં આવી પહોંચ્યા હતા.દરમિયાન રાજપીપળા પ્રાંત અધિકારી કે.ડી.ભગતે આગામી ૯/૪/૨૦૨૦ ના રોજ સુનાવણી હાથ ધરવાનું જણાવતા એ તમામ લોકો રાજપીપળાના સર્કિટ હાઉસ ખાતે પહોંચ્યા હતા.જ્યાં એ તમામ આગેવાનોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી મામલે આંદોલન વેગવંતુ બનાવવા વ્યૂહરચના ઘડી હતી.

દામકા રોડ પર ડમ્પરે ઉડાવી દેતા બુલેટ સવાર યુવકનું મોત

અકસ્માત બાદ ડમ્પર ચાલક ભાગી ગયો

સુરત

હજીરા વિસ્તારમાં દામકા રોડ પર ડમ્પરની અડફેટે બુલેટ સવાર યુવાનનું કરુણ મોત નીપજયું હતું. કાળમુખી ડમ્પરનો ભોગ બનેલો યુવાન ગુલાબ પટેલ હોવાનું અને સ્થાનિક રહેવાસી હોવાનું બહાર આવતા લોકો ભેગા થઈ ગયા હતા. અકસ્માત બાદ ડમ્પરનો ચાલક ભાગી જતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. હજીરા રોડ પર વારંવાર અકસ્માતને લઈ સ્થાનિક લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી.

સ્થાનિક રહેવાસીએ જણાવ્યું હતું કે, ગુલાબભાઈ વીર નર્મદ યુનિવર્સીટીના કર્મચારી હતા. બુધવારની સાંજે નોકરી પરથી ઘરે પરત ફરતી વખતે હજીરા વિસ્તારમાં દામકા રોડ પર એક ડમ્પર ના ચાલકે અડફેટે લેતા તેમનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. અકસ્માત બાદ ડમ્પરનો ચાલક ભાગી ગયો હતો. ગુલાબભાઈને બે પુત્રો અને એક પુત્રી છે. ઘટનાની દુઃખદ જાણ બાદ પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

એકે રોડ પર ઓટો રિક્ષા ચાલક પર બ્લેડથી હુમલો

સુરત

વરાછા રોડ એ.કે. રોડ ખાતે એક રીક્ષા ચાલકના ઘર પાસે આરોપીએ પાણીપુરીવાળા સાથે નજીવી બાબતમાં કરી રહેલો ઝઘડો નહીં કરવા માટે રીક્ષા ચાલકે જણાવતા આરોપીએ બ્લેડ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. વરાછા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકાના મૂળ વતની અને એ.કે. રોડ તાસની વાડી ખાતે રહેતાં મહેશભાઈ દરબારના ઘર પાસે આરોપી સાજીદ બાલુભાઈએ પાણીપુરીવાળા સાથે ઝઘડો કરી બ્લેડ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. વરાછા પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬